સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com




જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

વર્ષ : ૪૯ અંક : ૮૧ જૂનાગઢ તા.૧૩-૦૩-૨૦૨૫ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 81, Junagadh : Date : 13 March, 2025, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# શેરબજારમાં ઈતિહાસનો સૌથી ભયાનક કડાકો આવશે : ડરામણી ભવિષ્યવાણી

## ૧૯૨૯માં આવેલી વૈશ્વિક મહામંદીને પણ ભુલાવી દેશે : વિશ્વ વેપારયુધ્ધને કારણે મંદી



(એજન્સી) વોશીંગ્ટન, તા.૧૩: એક તરફ વિશ્વમાં વેપાર યુદ્ધ શરૂ થયું છે, તો બીજી તરફ અમેરિકન શેરબજાર અને ભારત સહિત તમામ એશિયન શેર બજારોમાં ભારે ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. યુએસ માર્કેટના ક્રેશને કારણે, મંદીના ઊંડા પડછાયાની ચર્ચાઓ પણ તેજ થઈ ગઈ છે. દરમિયાન, પ્રખ્યાત પુસ્તક રિચ ડેડ, પુઅર ડેડના લેખક રોબર્ટ કિયોસાકીએ ઈતિહાસના સૌથી મોટા ક્રેશની ચેતવણી આપી છે અને આ સંદર્ભમાં, તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વિટર પર એક પોસ્ટ શેર કરી છે. આ ક્રેશ ૧૯૨૯ના ભંગાણને પણ વટાવી શકે છે. રિચ ડેડ, પુઅર ડેડના લેખક રોબર્ટ કિયોસાકીએ મંગળવારે તેમના X એકાઉન્ટ પર એક પોસ્ટ શેર કરી, જેમાં કહ્યું કે વર્તમાન નાણાકીય મંદી ૧૯૨૯ના બજાર ક્રેશને વટાવી શકે છે, જેના કારણે મહામંદી આવી હતી. તેમણે પોતાની લાંબી પોસ્ટમાં આગળ લખ્યું, પરપોટો ફૂટી રહ્યો છે અને મને ડર છે કે આ પતન ઈતિહાસનો સૌથી મોટો હોઈ શકે છે. કિયોસાકીએ એમ પણ કહ્યું કે તેમણે ઘણા સમય પહેલા તેમના પુસ્તકમાં આટલા મોટા પતન વિશે વાત કરી હતી. રોબર્ટ કિયોસાકીની આ ચેતવણી એવા સમયે આવી છે જ્યારે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ નીતિને કારણે વિશ્વમાં વેપાર યુદ્ધ શરૂ થયું છે. એટલું જ નહીં, યુએસ બજારોમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. ગયા સોમવારે, ડાઉ જોન્સ ૧૧૦૦ પોઈન્ટનો ઘટાડો થયો હતો અને જો આપણે નાસ્ડેકની વાત કરીએ, તો સપ્ટેમ્બર ૨૦૨૨ પછીનો સૌથી મોટો ઘટાડો હતો, આ ઈન્ડેક્સ ૪ ટકાથી વધુ ઘટયો હતો. આ ઉપરાંત, S&P500 ઈન્ડેક્સ પણ લગભગ ૨.૭% ના ઘટાડા સાથે બંધ થયો. ઘણા નિષ્ણાતોએ પણ મંદીની આશંકા વ્યક્ત કરવાનું શરૂ કર્યું છે.

## મધ્યપ્રદેશમાં ભયાનક માર્ગ અકસ્માત : ગેસ ટેન્કર સાથે કાર અથડાતા ૭ ના મોત

(એજન્સી) ધાર,તા.૧૩: મધ્યપ્રદેશના ધાર જિલ્લામાં ગતરાત્રે સર્જાયેલા ભયાનક માર્ગ અકસ્માતમાં ૭ લોકોના મોત થયા છે અને ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ અકસ્માત રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ બદનાવર-ઉજ્જૈન રોડ પર બામનસુતા ગામ નજીક થયો હતો, જ્યારે એક ઝડપી ગેસ ટેન્કરે બે વાહનો - એક કાર અને એક પિકઅપને ટક્કર મારી હતી. ટક્કર એટલી ગંભીર હતી કે કાર અને પિકઅપ વાહનને ભારે નુકસાન થયું હતું. વાહનોમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે ક્રેનની મદદ લેવી પડી. આ અકસ્માતમાં ૭ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે ૩ ઘાયલોને તાત્કાલિક બડનવરના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવ્યા હતા. પ્રાથમિક સારવાર બાદ, તેમની ગંભીર હાલત જોઈને, તેમને રતલામ રિફર કરવામાં આવ્યા. મૃતકોમાં મંદસૌર, રતલામ અને જોધપુરના રહેવાસીઓનો સમાવેશ થાય છે.

## યુપીની હોસ્પિટલોમાં મૃતદેહોની પણ સારવાર થાય છે : દર્દીઓનો વેપાર

(એજન્સી) પટના તા.૧૩ યુપીની હોસ્પિટલોમાં બિહારના દર્દીઓનો વેપાર થઈ રહ્યો છે. સામાન્ય દર્દીને મોકલવાના કુલ બિલ પર એજન્ટોનો ભાવ ૪૦ ટકા અને સિરિયસ દર્દીઓ માટે ૩૦,૦૦૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યો છે. વેન્ટિલેટર પર રહેલા દર્દીઓનો શ્વાસ વધે તો કમિશન પણ વધે છે. દવા, તપાસ અને બેડના ભાવ પણ નક્કી છે. દલાલોનું સેટિંગ એવું છે કે ડેડબોડીને પણ કલાકો સુધી વેન્ટિલેટર પર રાખવામાં આવે છે. આમાં નાની-મોટી પ્રાઈવેટ અને સરકારી હોસ્પિટલ સાથે તપાસ સેન્ટર્સ પણ સામેલ છે. બિહારના બગાહાથી યુપીના ગોરખપુર સુધી ૩૦ દિવસ સુધીના સમયગાળા દરમિયાન ૧૦ ખાનગી હોસ્પિટલ સંચાલકો, ૧ બિહાર સરકારનો સ્વાસ્થ્ય કર્મી, ૧ આશા વર્કર, ૫ ખાનગી હોસ્પિટલ મેનેજર અને ૧ એજન્ટને કેમેરામાં આ સોદો કરતા કેદ કરવામાં આવ્યા હતા.

## જળવાયુ પરિવર્તનને કારણે ભારતના ટોચના ૯૫ ટકા શહેરો પર જોખમ

(એજન્સી) નવી દિલ્હી તા.૧૩: જળવાયુ પરિવર્તનનું જોખમ હવે સ્પષ્ટપણે દેખાય છે. 'ગ્લોબલ વિંડિંગ'ના કારણે વિશ્વના ૯૫ ટકા મુખ્ય શહેરોમાં અતિશય વરસાદ અથવા લાંબા સમય સુધી દુષ્કાળ પડી રહ્યો છે. લખનૌ, મુંબઈ, ચેન્નાઈ, કોલકાતા, બેંગલુરુ અને દિલ્હી જેવા ભારતીય શહેરો પણ આ સંકટની ઝપેટમાં છે. બ્રિસ્ટોલ અને કાર્ડિફ યુનિવર્સિટીના રિસર્ચરે વિશ્વભરના ૧૧૨ મુખ્ય શહેરોનો અભ્યાસ કર્યો. તેમાં જાણવા મળ્યું છે કે ઝડપથી બદલાતા હવામાનને કારણે આબોહવા સંકટ વધુ ઘેરું બની રહ્યું છે. જ્યારે રેકોર્ડ બ્રેક ગરમી, ઠંડી, દુષ્કાળ અથવા વરસાદ પડે છે, ત્યારે તેને 'ગ્લોબલ વિંડિંગ' કહેવામાં આવે છે. રિસર્ચર્સ કહે છે કે ઝડપી શહેરીકરણ અને જૂની ડ્રેનેજ સિસ્ટમ્સ અને વોટર મેનેજમેન્ટ સિસ્ટમને કારણે ભારતમાં જળવાયુ સંકટની અસર બમણી થઈ રહી છે.

## ટ્રમ્પની ટેરિફ નીતિથી અમેરીકામાં મંદીના વાદળો : અનિશ્ચિતતાનું વાતાવરણ

(એજન્સી) નવી દિલ્હી તા.૧૩: અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ નીતિઓને કારણે વૈશ્વિક વેપાર યુદ્ધનું જોખમ વધી રહ્યું છે. આવી સ્થિતિમાં, એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે અમેરિકામાં મંદી આવવાની છે. ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ નિર્ણયને કારણે અમેરિકામાં મંદીની શકયતા છે.

S&P ગ્લોબલ રેટિંગ્સના વૈશ્વિક મુખ્ય અર્થશાસ્ત્રી પોલ ગ્રુએનવાલ્ડે જણાવ્યું હતું કે વ્હાઈટ હાઉસ દ્વારા ટેરિફમાં વારંવાર ફેરફાર કરવાથી સર્જાયેલી અનિશ્ચિતતાઓએ સંભવિત રીતે વ્યવસાયિક રોકાણમાં વિલંબ કર્યો છે અને ગ્રાહકોને ખર્ચ ઘટાડવા માટે પ્રેરિત કર્યા છે.અબજોપતિ ટ્રમ્પ સલાહકાર એલોન મસ્ક દ્વારા ચલાવવામાં આવતી સરકારી ખર્ચ ઘટાડવા અને બગાડ ઘટાડવાની ઝુંબેશ પણ જરૂર કરતાં વધુ ખતરનાક રહી છે. તેમણે ૧૯૯૦ના દાયકામાં તત્કાલીન રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટનના શાસનકાળમાં સરકાર બદલવાના પ્રયાસો તરફ ધ્યાન દોર્યું. જ્યારે પણ મંદીની ચર્ચા થાય છે, ત્યારે લોકો ૧૯૨૯ના મહામંદીને યાદ કરે છે. પ્રથમ વિશ્વયુદ્ધ પછી આવેલી આ મંદીએ વિશ્વની આર્થિક કરોડરજ્જુ તોડી નાખી હતી.

## પાકિસ્તાન ટ્રેન હાઈજેક ડ્રામા અંગે સરકાર અને આર્મીના વિરોધાભાષી દાવા

(એજન્સી) ઈસ્લામાબાદ તા.૧૩ પાકિસ્તાની સુરક્ષા દળોએ દાવો કર્યો હતો કે ગતરાત્રે ૯:૩૦ વાગ્યે ટ્રેન હાઈજેકિંગ પૂર્ણ થયું હતું. તેમણે કહ્યું કે ૩૩ બલૂચ લડવૈયાઓ માર્યા ગયા છે. આ કાર્યવાહીમાં કેટલાક બંધકો પણ માર્યા ગયા છે.

તેમણે કહ્યું કે બાકીના બધા બંધકોને મુક્ત કરવામાં આવ્યા છે. આ દરમિયાન, પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે કહ્યું કે આપણા સૈનિકોએ ઘણા બળવાખોરોને નર્કમાં મોકલી દીધા છે.

સમાચાર એજન્સી AFP એ પાકિસ્તાની સેનાને ટાંકીને જણાવ્યું છે કે ટ્રેનમાં મુસાફરી કરી રહેલા ૨૭ ફરજ બજાવતા પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા હતા, જ્યારે બચાવ કામગીરી દરમિયાન ૧ સૈનિકનું મોત થયું હતું.

ટ્રેનનું હાઈજેક કરનાર બલૂચ લિબરેશન આર્મી (BLA) એ બે દિવસમાં ૧૦૦થી વધુ પાકિસ્તાની સૈનિકોને મારી નાખવાનો દાવો કર્યો છે. તેમાંથી ૬૦ લોકોના મોત બુધવારે જ થયા હતા.

મંગળવારે બપોરે ૧ વાગ્યે બલૂચ આર્મીએ જાફર ટ્રેનના ૪૫૦ મુસાફરોને બંધક બનાવ્યા હતા. તેમને બચાવવાનું ઓપરેશન લગભગ ૩૬ કલાક ચાલ્યું. પાકિસ્તાની સેનાના અધિકારીએ જણાવ્યું કે ૩૪૬ બંધકોને બચાવી લેવામાં આવ્યા છે.

## ગુજરાતમાં ૧ એપ્રીલથી નવા જંત્રી દર લાગુ કરવા તૈયારી : રીયલ એસ્ટેટ ક્ષેત્રને મોટો ફટકો પડશે

(બ્યુરો ઓફિસ) ગાંધીનગર, તા.૧૩ ગુજરાત સરકારે આગામી ૧ એપ્રિલના નવા નાણાંકીય વર્ષથી રીઅલ એસ્ટેટ ક્ષેત્રે નવા જંત્રીદર લાગુ કરવાની તૈયારી શરૂ કરી દીધી છે. ચારેક માસ પૂર્વે જારી કરાયેલા મુસદામાં ધરખમ વધારો સુચવાયો હતો તે સામે વ્યાપક વિરોધ ઉઠયો હતો. હવે એવા નિર્દેશ છે કે સરકાર શહેરી વિસ્તારમાં જંત્રીદરમાં સૂચવાયેલા દરમાં થોડો ઘણો ઘટાડો કરી દેશે જયારે ગ્રામ્ય સ્તરે સુચવાયેલા જંત્રીદર યથાવત રાખશે. શહેરોમાં આવાસ ક્ષેત્રે મોટો બોજ પડતો રોકવાના ઉદ્દેશથી આંશિક રાહ અપાશે.

રાજ્યમાં નક્કી કરાયેલા શહેરી કક્ષાએ ૨૩,૮૪૫ અને ગ્રામ્ય કક્ષાએ ૧૭,૧૩૧ મળીને કુલ નવા વેલ્યૂઝોન મુજબ જમીન-મિલકતોની બજાર કિંમત નક્કી કરવા માટેની કમરતોડ નવી જંત્રીના દરની અમલવારી ૧લી એપ્રિલ-૨૦૨૫થી કરાશે. મંગળવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી કેબિનેટની બેઠકમાં આ સંકેત અપાયા છે.

સરકારના ઉચ્ચ સૂત્રોની જાણકારી મુજબ, મુખ્યમંત્રી કક્ષાએ એ પણ નક્કી કરાયું છે કે, રાજ્ય સરકાર દ્વારા ૨૦ નવેમ્બર-૨૦૨૪ના રોજ જાહેર કરાયેલા મુસદારૂપ નવી જંત્રી અંગે વાંધા-સૂચનો મેળવાયા બાદ પણ આ મુસદારૂપ જંત્રીના ભાવ-દરમાં કોઈપણ જાતનો ફેરફાર અર્થાત વધારો કે ઘટાડો નહીં કરવામાં આવે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
(જૂનાગઢ આવૃત્તિ)
**અંક બંધ**
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય (જૂનાગઢ આવૃત્તિ) ધુળેટી પર્વ નીમિત્તે રજા પાળતું હોય, તા. ૧૪-૩-૨૦૨૫ શુક્રવારનો અંક પ્રસિધ્ધ થશે નહી. તા. ૧૫-૩-૨૦૨૫ શનિવારનો અંક રાબેતા મુજબ પ્રસિધ્ધ થશે. જેની વાંચકો, વિજ્ઞાપન દાતાઓ, ફેરીયાઓએ નોંધ લેવી.
- વ્યવસ્થાપક

## RTE હેઠળ શિક્ષણના અધિકાર માટે કુટુંબની આવક મર્યાદા વધારીને રૂા.૬ લાખ કરાશે

(બ્યુરો ઓફિસ) અમદાવાદ, તા.૧૩: રાઈટ ટુ એજ્યુકેશન (RTE) કાયદા હેઠળ સ્કૂલમાં પ્રવેશ લેવા ઈચ્છતા વાલીઓ અને વિદ્યાર્થીઓ માટે સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. ગુજરાતમાં ગરીબ અને ઓછી આવક ધરાવતા પરિવારોના લાખો બાળકો અત્યાર સુધી આરટીઈ હેઠળ પ્રવેશ મેળવી અભ્યાસ કરી રહયાં છે. હવે આ કાયદાનો લાભ વધુ લોકોને મળે તે માટે આવકની મર્યાદામાં વધારો કરવામાં આવી શકે છે.

અત્યાર સુધી રાજ્યભરમાં રાઈટ ટુ એજ્યુકેશન (RTE) કાયદા હેઠળ શાળામાં પ્રવેશ મેળવવા માટે પરિવારની કુલ વાર્ષિક આવક ૧.૨૦ લાખ રૂપિયા સુધી હતી. પરંતુ હવે રાજ્ય સરકાર તેમાં વધારો કરી શકે છે. હવે આરટીઈ હેઠળ પ્રવેશ મેળવવા માટે આવક મર્યાદા ૬ લાખ રૂપિયા કરવામાં આવી શકે છે. તેની સત્તાવાર જાહેરાત આગામી દિવસોમાં કરવામાં આવી શકે છે.

રાજ્યના શિક્ષણ મંત્રીએ કહયું કે રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ આવક મર્યાદા વધારીને ૬ લાખ કરવામાં આવી શકે છે. જો સરકાર આ નિર્ણય લાવશે એટલે લાખો વિદ્યાર્થીઓ અને વાલીઓને તેનો લાભ મળી શકે છે. તે સાથે શિક્ષણ મંત્રીએ જણાવ્યું કે આરટીઈ હેઠળ ફોર્મ ભરવાની મુદત ૧૦ દિવસ વધારવામાં આવી છે.

## ગુનાહિત ઈતિહાસ ધરાવનારને હવે ૧ વર્ષનો જ પાસપોર્ટ મળશે

(એજન્સી) નવી દિલ્હી તા.૧૩ વિજય માલ્યા અને નીરવ મોદી, મેહુલ ચોકસીના બનાવોથી મોદી સરકારે શીખ લીધી અને પાસપોર્ટ માટે ગુનાહિત ઈતિહાસવાળા વ્યક્તિઓ માટે મોટા બદલાવો કર્યા છે.

આ નિયમો દેશના લાખો લોકોને અસર કરશે, ખાસ કરીને ગુજરાતમાં. ભારતમાંથી ભાગી રહેલા આર્થિક ગુનેગારોના તાજેતરના હાઈ-પ્રોફાઈલ કેસોએ કેન્દ્ર સરકારને કડક પગલાં અમલમાં મૂકવા માટે પ્રેરિત કરી છે. હવે, નાના ગુનાહિત રેકોર્ડ ધરાવતા લોકોને પણ પાસપોર્ટ માટે અરજી કરતી વખતે અથવા રિન્યુ કરતી વખતે ફેરફારોનો સામનો કરવો પડશે.



કેન્દ્ર સરકારની પાસપોર્ટના નવા નિયમો મુજબ, કોઈપણ ગુનાહિત કેસ ધરાવતા વ્યક્તિઓ, મોટા કે નાનાને, હવે ૧૦ વર્ષની જગ્યાએ ફક્ત ૧ વર્ષની માન્યતા નો જ પાસપોર્ટ મળશે. મહત્વપૂર્ણ વાત એ છે કે, પાસપોર્ટ રિન્યુ અને વિદેશ મુસાફરી માટે પણ ગુનાહિત રેકોર્ડ ધરાવતા લોકો માટે કોર્ટની પરવાનગી ફરજિયાત રહેશે.

## ૨૦૩૫ સુધીમાં ભારતનું અર્થતંત્ર ૮ ટ્રીલીયન ડોલરનું થઈ જશે

(એજન્સી) નવી દિલ્હી તા.૧૩: ઈન્ફોસિસના સહ-સ્થાપક નંદન નીલેકણીએ કહ્યું છે કે ભારત ૨૦૩૫ સુધીમાં વિશ્વનું સૌથી વધુ પસંદગીનું પ્રારંભિક જાહેર ઓફર (IPO) બજાર બનશે. કંપનીઓ ભારતમાં પાછા લિસ્ટ થવા માંગે છે, તેમણે બુધવારે બેંગલુરુમાં આયોજિત ArkamVC કાર્યક્રમમાં જણાવ્યું હતું. લોકો પાછા ફરી રહ્યા છે, ઘરે પાછા ફરવાનું થઈ રહ્યું છે.

નીલેકણીએ ભારતમાં સ્ટાર્ટઅપ્સની સંખ્યામાં ઝડપી વળદ્ધિની આગાહી કરી હતી. તેમણે કહ્યું, "અમે ૨૦૩૫ સુધીમાં ૧૦ લાખ સ્ટાર્ટઅપ્સની અપેક્ષા રાખીએ છીએ. સ્ટાર્ટઅપ્સ વધુ સ્ટાર્ટઅપ્સ બનાવશે." નીલેકણીએ ભારતના આર્થિક વિકાસને ૬% થી ૮% સુધી વધારવા અને ૨૦૩૫ સુધીમાં તેને ૮ ટ્રિલિયન અર્થતંત્ર બનાવવા માટે ચાર મોટા ફેરફારોની જરૂર હોવાનું ઓળખ્યું. તેમણે કહ્યું, "ભવિષ્ય માટે ચાર મોટા ખુલાસાની જરૂર છે - ટેકનોલોજી, ઉદ્યોગસાહસિકતા, ઔપચારિકીકરણ અને મૂડી."

## ટ્રમ્પની ટેરિફ વોરથી સંયુક્ત રાષ્ટ્ર પણ ચિંતિત

(એજન્સી) ન્યુયોર્ક,તા.૧૩ અમેરીકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શરૂ કરેલા ટ્રેડ-ટેરીફ વોરથી દુનિયાભરનાં દેશોમાં હાહાકારનું ચિત્ર ઉભુ થયુ છે, ત્યારે હવે સંયુકત રાષ્ટ્ર સંઘે પણ ચેતવણી ઉચ્ચારી છે. ટ્રેડવોરથી દુનિયાનાં તમામ દેશોને સરવાળે નુકશાન જ થવાનું યુનોના સેક્રેટરી જનરલ એન્ટોનીયો ગુરૂસે જણાવ્યું છે. તેઓએ કહ્યું કે, દુનિયા હાલ વૈશ્વિક અર્થતંત્રમાં જીવી રહી છે. તમામ દેશો એકબીજા સાથે જોડાયેલા-સંકળાયેલા છે.તમામ રાષ્ટ્રોને ફાયદો થાય તે માટે જ મુકત વ્યાપારનો કન્સેપ્ટ લાગુ થયો હતો તેવા સમયે ટ્રેડવોરનો યુગ શરૂ થાય તો તમામને નુકશાન જ થવાનું છે.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
કોઈપણ જાતનાં સંક્રમણને રોકવા રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો....
દવા એક ફાયદા અનેક
દરેક જ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...




લોન... લોન... લોન...લોન...
CAPRI LOANS
SAATH APNO KA
હવે કોઈપણ નાના કે મોટા ધંધા માટે લોન મળશે સરળતાથી
- સ્કૂલ ફંન્ડિંગ
- હોસ્ટેલ ફંન્ડિંગ
- રિસોર્ટ ફંન્ડિંગ
- હોસ્પિટલ ફંન્ડિંગ
- દુકાન ખરીદી મા
- કોમર્સિયલ મિલકત ખરીદી મા
- કારખાના ખરીદી મા
- મોર્ગેજ લોન



- ઉપર મુજબ ની કોઈપણ લોન 1 Cr. To 5 Cr. સુધીની લોન કરી આપીશું.
- Cibil નો પ્રોબ્લેમ હોય તો પણ ચિંતા ન કરો અમે લોન કરી આપીશું.
- કોઈપણ પ્રકારની મોર્ગેજ લોન કરી આપશું.
Gautam Lalvani
9978118463

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૯મા વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...




જૂનાગઢનાં મધુરમ વિસ્તારની શાન મોતીપેલેસ ટાઉનશીપમાં 4BHK બંગ્લોઝનું વિશિષ્ટ આયોજન
બુકીંગ સંપર્ક
મો. ૯૩૨૭૪ ૯૪૫૫૫ - મો. ૯૪૨૮૫ ૭૫૪૪૫
મો. ૯૦૯૯૧ ૧૨૨૦૪ - મો. ૯૪૦૮૨ ૧૦૦૧૨
મોતીપેલેસ ટાઉનશીપ, અંજનીય પેટ્રોલપંપની બાજુમાં, વંથલી રોડ, જૂનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૯મા વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

કણસાગરા યુનિપેથ
શ્રેષ્ઠ ટેકનોલોજી.. ઉત્તમ ક્વોલિટી.. સર્વોચ્ચ વિશ્વસનીયતા..
૪૪ વર્ષથી આપની સેવામાં



| હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ | હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ | હેલ્થ ચેકઅપ ગોલ્ડ કેમ્પ |
|---|---|---|
| CBC + ESR + Reticulocytes, RBS, HbA1c (HPLC), Lipid profile, SGPT & SGOT, Creatinine, Uric Acid, TSH, Vitamin B12 | હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ + Vitamin D, Ionised Calcium, Iron, Ferritin, T3 T4 TSH | હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ + LFT + GGT, Homocysteine, Electrolytes, Iron profile complete |
| સ્પેશિયલ ઓફર કિંમત 3170/- માત્ર 799/- | સ્પેશિયલ ઓફર કિંમત 4970/- માત્ર 1399/- | સ્પેશિયલ ઓફર કિંમત 8570/- માત્ર 2499/- |

તારીખ અને સમય: દર બુધવાર અને રવિવાર (સવારે : 9 થી 12)
એસ.ટી. રોડ ૯૮૭૯૭ ૨૮૫૦૦
ઝાંઝરડા બાયપાસ ૯૮૭૯૭ ૨૮૨૮૧
એસ.ટી. રોડ : ધ્રુવ ચેમ્બર્સ, ગ્રાઉન્ડ ફ્લોર, એસ.ટી. રોડ, રેલ્વે ક્રોસિંગ પાસે, જૂનાગઢ.
ઝાંઝરડા બાયપાસ : પહેલા માળે, અક્ષર આઈકોન, ગંગા પાર્ક, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ.

### વાંચન વલોણું સંસ્થાની બુક ટોકમાં લોકો ઉમટી પડ્યા

# બરડો અને ચોટીલો પર્વત પણ એક સમયે ગિરનાર પર્વતમાળાનો ભાગ હતા : ઈતિહાસવિદ્ ડો.વિશાલ જોષીનું વક્તવ્ય







## ગિરનાર દિવ્ય ચેતનાનું એવું કેન્દ્ર છે કે જેના તરફ સદીઓથી દેશ-વિદેશના લોકો સતત આકર્ષાતા રહ્યા છે

જૂનાગઢ તા.૧૩

એક સમયે બરડો અને ચોટીલાનો પર્વત ગિરનારની ટેકરીઓ હતી. સદીઓ પહેલા રૈવતાંચલ તરીકે પુરાણ પ્રસિદ્ધ ગિરનાર પર્વત ફક્ત એક પર્વત જ નથી એ આપણી સનાતન સંસ્કૃતિનો અનેરો આધ્યાત્મિક અને ઐતિહાસિક વારસો છે. વિશ્વના સૌથી પુરાણા ગ્રંથોમાં એક મનાતા ઋગ્વેદ ઉપરાંત રામાયણ અને મહાભારતથી લઈને અનેક પુરાણોમાં ગિરનારનો ઉલ્લેખ છે. જ્યાં સાધના એક પરંપરા જ નહી આધ્યાત્મની એક અનેરી ઉર્જા તરીકે અહીં પ્રસ્થાપિત થઈ છે. તેવા આ પુરાણા પર્વતની ફક્ત ધર્મની દ્રષ્ટિએ જ નહી જીવશાસ્ત્ર, વનસ્પતિ શાસ્ત્ર, ભૌગોલિક બાબતે અને લોક મહોત્સવની દ્રષ્ટિએ અનેરૂ મહત્વ સદીઓથી જેમનું તેમ જળવાયેલું પડ્યું છે. જૂનાગઢ શહેરને વાંચતું કરવા માટે શાપુર ગામ સ્થિત ટીનુભાઈ ફડદુની વાડી ખાતે યોજાયેલ બેઠકમાં કાર્યરત બનેલ મુક્તધારા ફાઉન્ડેશન સંસ્થા હેઠળ ચાલતા વાંચન વલોણુંના ઉપક્રમે યોજાયેલ બુક ટોક કાર્યક્રમમાં "ગિરનાર એકમાત્ર પર્વત નથી, એ એક ચેતના ભૂમિ છે" તે વિષય પર ગતરોજ જૂનાગઢના ભૂતનાથ મહાદેવ મંદિર સત્સંગ હોલ ખાતે યોજાયેલ વાર્તાલાપમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના વરિષ્ઠ પ્રોફેસર ડો.વિશાલ જોષીના આ શબ્દો હતાં. તેમણે છેક વેદકાળથી અત્યાર સુધીમાં આ પ્રાચિન પર્વત વિશે લખાયેલી વાતોથી માંડી આ પર્વતની ગુફાઓ, ગિરીકંદરાઓ અને આજુબાજુ પ્રસરેલા ગાઢ જંગલમાં સચવાયેલી પડેલી સિદ્ધ ચેતનાને આ દિવ્ય ભૂમિની એક વિશિષ્ટ ઉર્જા ગણાવી આ ચેતના આજે પણ સમગ્ર માનવ જીવનને દિવ્ય દ્રષ્ટિ આપતી હોવાનું જણાવ્યું હતું. તેમણે ગિરનારની વિશેષતાઓ, આધ્યાત્મ અને આધ્યાત્મિક ચેતના તેમજ સાધના અને સાધકોને તથા એક સામાન્ય માણસના જીવનમાં ગિરનારના યોગદાનને ઉપરાંત ભારતની આઝાદીમાં ગિરનારના સંતોની વાતો ખુબ જ સરળ શૈલીમાં રજુ કરી હતી. ગિરનાર એક ધર્મસ્થળ તો છે જ, અહીં સદીઓની સાધનાથી સ્થિર થયેલી આધ્યાત્મિક ઊર્જા કાયમ સૌરાષ્ટ્રને જ નહી પુરા ભારત અને વિદેશના લોકોને પણ આ સ્થળે ખેંચી લાવે છે. આ સ્થાન સાધનાની સદીઓની એવી દિવ્ય ભૂમિ છે જે ભૂમિનો ઉલ્લેખ ઋગ્વેદ કાળ, રામાયણ, મહાભારત કાળથી માંડી સ્કંદપુરાણ સહિત અનેક પુરાણોમાં પણ થયેલો છે. બુક ટોકના આ કાર્યક્રમમાં વાંચન વલોણું સંસ્થાના સભ્યો પ્રો.એલ.વી.જોષી, વિરેન્દ્રભાઈ ભટ્ટ, ડો.માતંગ પુરોહિત, ભાવેશભાઈ જાદવ તેમજ જનકભાઈ પુરોહિત, નાગભાઈ વાળા સહિતના અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં પુસ્તક પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

**પુસ્તકોની પરિક્રમા સાથે પૂજન કરાયું**

જિલ્લા શિક્ષણ અને તાલીમ વન જૂનાગઢ દ્વારા ગત તા.૧૦ અને ૧૧ ના રોજ બે દિવસીય પુસ્તક પરિક્રમા અને પુસ્તક પરિસંવાદ કાર્યશાળા એક વિશેષ પ્રયોગરૂપે યોજાઈ હતી. જેમાં જિલ્લાના દરેક તાલુકામાંથી ૪ સી.આર.સી.કો.ઓ. મિત્રો તેમજ ડાયેટની બી.એલ.એડ. તાલીમાર્થી બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતાં. પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિધાર્થીઓ પુસ્તક વાંચન તરફ વળે તેવા ઉદ્દેશથી યોજાયેલ આ કાર્યશાળામાં તાલીમાર્થી બહેનો દ્વારા તાલીમ ભવનના પટાંગણમાં ગોઠવાયેલા પુસ્તકોની પરિક્રમા ઉપસ્થિત તમામ દ્વારા કરવામાં આવી હતી તેમજ આ પુસ્તકોનું પૂજન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં ડાયેટના પ્રાચાર્ય એ.ડી.રાજ્યગુરૂ, લેક્ચરર અને વાંચન વલોણું સંસ્થાના સભ્ય ભરત મેશીયા તથા વનરાજ પટેલ સહિતના અગ્રણીઓ તેમજ શિક્ષકો અને વિધાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

# બેટ દ્વારકાધીશ મંદિરે ૪૬૪ વર્ષથી ઊજવાય છે દોલોત્સવ રાજાધિરાજ દ્વારકાધીશજીને ધરાશે ફગવા ભોગ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩

હિન્દુ ધર્મમાં ફાગણ માસના પવિત્ર તહેવાર ગણાતાં હોળી તથા ફુલડોલ ઉત્સવની બેટ દ્વારકાધીશ જગતમંદિરમાં દર વર્ષની જેમ પારંપરિક ધાર્મિક રીત-રસમ સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે. હોળી મહોત્સવ બાદ તા.૧૪ માર્ચના રોજ બેટ દ્વારકાધીશ જગતમંદિરમાં કુલડોલ ઉત્સવ ઊજવાશે. બેટ દ્વારકાધીશ મંદિરમાં આ ઉત્સવને દોલોત્સવ કહેવામાં આવે છે. સોમવારે સવારે ૧૧:૩૦ થી બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી ઠાકોરજીના દોલોત્સવ ઉત્સવ દર્શન યોજાનાર છે. જેમાં દ્વારકાધીશના ચલ સ્વરૂપ શ્રી ગોપાલજીને મધ્યાહનભોગ અર્પણ કરાયા બાદ દોલોત્સવ માટે ઝુલામાં પધરાવી ચાંદીની પિચકારીમાં કેસુડો ભરી ઠાકોરજી સંગ ઉપસ્થિત દર્શનાર્થીઓનો સંગ મંદિરના મુખ્યાજીઓ દ્વારા અબીલ ગુલાલ સાથે દોલોત્સવ રમી પારંપરીક રીતે ઉજવણી કરાય છે. દોલોત્સવ ખેલ્યા બાદ ગોપાલજીને નિજમંદિરમાં પુનઃ પધરાવી ઠાકોરજીને રાજભોગ ધરાવાય છે. જેને ફગવા ભોગ પણ કહેવામાં આવે છે. મંદિરના ઈન્ચાર્જ વ્યવસ્થાપક દિનેશભાઈ બદીયાણીની યાદીમાં જણાવ્યાનુસાર તા. ૧૫ મીએ શનિવારે દ્વિતીયા પાટોત્સવની પણ ઉજવણી કરાશે જેમાં ઠાકોરજીની મંગલા આરતી સવારે ૭:૩૦ વાગ્યે, મોર આરતી સવારે ૮ વાગ્યે, શૃંગાર આરતી સવારે ૧૧:૩૦ વાગ્યે, મધ્યાહન આરતી બપોરે ૧૨ વાગ્યે તેમજ ઠાકોરજીને મીઠા જળ બપોરે ૧ વાગ્યે યોજાશે એટલે કે તમામ મંદિરો બંધ થઈ જશે. સાંજે ૪:૩૦ વાગ્યે શ્રીજીના ઉત્થાપન દર્શન થશે તેમજ રાત્રે ૮ વાગ્યે શ્રીજીના શયન દર્શન થશે. સુદર્શન સેતુના નિર્માણ બાદ બેટ દ્વારકામાં પણ રોડ રસ્તે પહોંચવું સરળ બન્યુ હોય ત્યારે દ્વારકાની જેમ બેટ દ્વારકાધીશ મંદિરમાં પણ હોળી ઉત્સવની ઊજવણી કરવા યાત્રિકોનો માનવ મહેરામણ બેટ દ્વારકાધીશ મંદિર તરફ ફંટાયો હોય તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત રાખવામાં આવેલ છે. હાલમાં જે જગ્યાએ ભગવાન દ્વારકાધીશ બિરાજે છે તે સ્થળે વિક્રમ સંવત ૧૬૧૭ માં જામનગરના રાજા જામરાવળજીએ મંદિરો સિદ્ધ કરાવ્યા હતા અને પ્રભુ બિરાજમાન થયા હતા. ત્યારથી આજદિન સુધી દર વર્ષે એટલે કે છેલ્લાં ૪૬૪ વર્ષથી અહીં ભાવિકોની ઉપસ્થિતિમાં ઠાકોરજી સંગ દોલોત્સવની ઉજવણી કરવામાં આવે છે.

# ઉનાળાના ધોમ ધખતા તાપમાં દ્વારકા જનારા પદયાત્રીઓમાં ઠંડક પ્રસરાવતા હ્યુમાનિટી ફર્સ્ટ એન.જી.ઓના સભ્યો



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૩ : જૂનાગઢમાં યુવાનો દ્વારા ચલાવવામાં આવતું "હ્યુમાનિટી ફર્સ્ટ એન.જી.ઓ"ના સભ્યો દ્વારા ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે દ્વારકા જનારા દ્વારકાધીશના પદયાત્રીઓ માટે સેવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હ્યુમાનિટી ફર્સ્ટ એનજીઓ દ્વારા પાણી, ઠંડા પીણા અને હળવા નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન દરમ્યાન અનેક લોકો સેવામાં જોડાયા હતા.

# જૂનાગઢના ધાર્મિક, સામાજિક, જ્ઞાતિ, અને સહકારી સંસ્થાઓના વડા પ્રો. પી.બી. ઉનડકટનો આવતીકાલે જન્મદિવસ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢના ઝાંઝરડા રોડ સ્થિત જલારામમંદિરના મુખ્ય દાતા અને આ ટ્રસ્ટના પાયોનિયર, તા.૧૪-૩-૧૯૪૪ના રોજ જન્મેલા એકાઉન્ટસીના નિવૃત પ્રો. પી.બી. ઉનડકટ આજે તેમના સેવાકિય જીવનના ૮૧ વર્ષ પૂર્ણ કરી, ૮૨માં વર્ષમાં પ્રવેશ કરે છે. વિદેશો સુધી સુંદર સુગંધો પ્રસરાવી રહેલું જૂનાગઢનું જલારામભકતધામ ભારે આસ્થા અને શ્રધ્ધાનું કેન્દ્ર છે. ડો. તૃપ્તિ ઉનડકટ મેમોરિયલ ટ્રસ્ટના પ્રમુખ પદેથી સામાજિક કલ્યાણની સેવાઓ કરે છે. લોહાણા સમાજમાં આદરણિય અગ્રણ્ય સ્થાન અને માન ધરાવતાં તેઓ ૪૦ વર્ષથી બોર્ડિંગના સેકે ટરી તરીકે સુંદર સેવાઓ આપે છે. માધવ કેડીટ કો. સોસા.ના ચેરમેન પદે શ્રેષ્ઠ કામગીરી બજાવે છે. અખિલ ગુજરાત લોહાણા સમાજની કારીબારીએ હાઈકમાંડનું સ્થાન તેમને આપ્યું છે. તાજેતરમાં વિશ્વ લોહાણા મહાપરિષદના આંતર રાષ્ટ્રિય અધિવેશનમા તેમને 'શ્રેષ્ઠ રઘુવંશી વરિષ્ઠ નાગરિક એવોડ' આપીને સન્માનિત કર્યા હતા. શિક્ષણ, સેવા અને સંબંધોના સમન્વય દ્વારા જીવન ઉજાગર... કરનાર પ્રોફેસર



પી.બી. ઉનડકટને તેમના મો. ૯૮૭૯૫૩૦૫૮૩ ઉપર શુભેચ્છાનો ધોધ વરસી રહ્યો છે.

# ખંભાળિયા રસ્તે રઝળતા આખલાને ઠોકરે બાઈક ચાલક યુવાનનું કરૂણ મોત : ભારે અરેરાટી



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩

ખંભાળિયામાં રહેતા એક યુવાનને ગત રાત્રિના સમયે સ્કૂટર પર જતી વખતે રસ્તે રઝળતા આખલાએ ઠોકરે લેતા તેમનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મૃત્યુ નિપજ્યું હતું. આ કરૂણ બનાવની વિગત એવી છે કે ખંભાળિયામાં સલાયા ફાટક નજીક આવેલા રંગીલા હનુમાન મંદિર પાસે નજીક રહેતા પ્રવીણભાઈ કારૂભાઈ ધમા ૪૩ વર્ષના ગઢવી યુવાન ગતરાત્રીના આશરે ૮:૩૦ વાગ્યાના સમયે તેમના એક્સેસ મોટરસાયકલ પર બેસીને જઈ રહ્યા હતા, ત્યારે નજીક આવેલી કોર્ટ પાસેથી દોડતા આવી રહેલો એક આખલો પ્રવીણભાઈના એક્સેસ સાથે ધડાકાભેર અથડાયો હતો. આખલાની આ ટક્કરથી પ્રવીણભાઈ ધમા સ્કૂટર સાથે ફંગોળાઈ ગયા હતા અને તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેમને નજીક આવેલી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત્યુ પામેલા જાહેર કર્યા હતા. બે સંતાનોના પિતા એવા પ્રવીણભાઈનું આખલાની ઠોકરે અકાળે મૃત્યુ નીપજતા શહેરભરમાં ભારે અરેરાટી સાથે ગઢવી સમાજમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

# મધુર સોશ્યલ ગૃપ દ્વારા મનપાનાં કમિશ્નરને રજુઆત પ્રજાલક્ષી કામગીરી તત્કાલ હાથ ધરવા માંગણી

જૂનાગઢ તા. ૧૩

મધુર સોશ્યલ ગૃપ જૂનાગઢ દ્વારા મનપાનાં કમિશ્નરને રજુઆત કરી પ્રજાલક્ષી કામગીરીને વેગ આપવા જણાવેલ છે. જૂનાગઢની આમ જનતા વતી મધુર સોશ્યલ ગૃપનાં પ્રમુખ સલીમ ગુજરાતીએ જણાવેલ છે કે જૂનાગઢ કોર્પોરેશનની ચુંટણી બાદ ભાજપને શહેરીજનોએ સ્પષ્ટથી પણ સવાઈ બહુમતી આપીને નવી બોડીનાં નિર્માણ માટે સુજબુજથી મોટું યોગદાન આપ્યું છે ત્યારે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કેન્દ્ર સરકાર અને ભાજપનાં વિકાસલક્ષી સંગઠનનાં મોવડીઓ દ્વારા જૂનાઢમાં મેયર, ડે. મેયર, સ્ટેન્ડીંગ કમીટી, શાસક પક્ષનાં નેતા અને દંડક સહીતનાં પદાધિકારીઓ માટે યુવા તરવૈયા અને વિકાસલક્ષી અભિગમ ધરાવતા કોર્પોરેટરોને મનપાનું સુકાન આપવામાં આવ્યું છે.

જૂનાગઢ કોર્પોરેશન પર રાજય અને કેન્દ્રની ડબલ એન્જીન સરકારના પુરેપુરા હાથ હોય ત્યારે કમિશ્નર કક્ષાએથી અરજ છે કે આવનાર દિવસોમાં જૂનાગઢના વિકાસમાં પ્રજાલક્ષી અભિગમ રાખીને વધુમાં વધુ અને ઝડપી વિકાસ થાય. કોર્પોરેશનનું યુવા નેતૃત્વ શહેર વિકાસમાં સંપૂર્ણપણે યોગદાન આપે તે માટેનું માર્ગદર્શન આપી રસ્તાના રીપેરીંગમાં હાલમાં રહેતી ત્રુટીઓ લાંબા સમય સુધી ચાલતા કામો અને રસ્તા બની ગયા પછી ગટર અને નળ કનેકશન અને વાયરીંગ પાથરવાની કામગીરીની અણઘડ પધ્ધતિ દુરસ્ત કરી કોર્પોરેટરોની સાથે કોન્ટ્રાકટરોને યોગ્ય માર્ગદર્શન આપી શહેરનાં વિકાસને પ્રજાલક્ષી બનાવવા જણાવેલ છે. જૂનાગઢ શહેર માટે માથાના દુઃખાવારૂપ બની ગયેલ ટ્રાફીક સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે અમારી સંસ્થા દ્વારા અનેક રજુઆતોના પગલે મંજુર થયેલા ઓવર બ્રીજનું કામ તાત્કાલીક શરૂ કરવા માટે સંબંધીત વિભાગોને કામ શરૂ કરવા તાકીદ કરવી તેમજ શહેરનાં ફરવાલાયક સ્થળોની પ્રાથમિક સુવિધા, સ્વચ્છતાની વ્યવસ્થા, કચરા નિકાલની કામગીરીમાં સંપૂર્ણપણે પારદર્શકતા લાવી શહેરનાં વિકાસને યોગ્ય દિશા અને વેગ આપવા માંગણી કરવામાં આવેલ છે.

# જૂનાગઢ પંથકમાંથી વધુ બે શખ્સોને પાસા હેઠળ અટકાયત :







(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૩

જૂનાગઢ રેન્જનાં પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા તેમજ ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાની સુચના તથા માર્ગદર્શન હેઠળ જીલ્લામાં ચાલતી ગેરકાયદેસર પ્રોહીબીશનની બદી નેસ્ત નાબુદ કરવા તેમજ કડક હાથે કામ લેવાની ઝુંબેશને પગલે વધુ બે શખ્સો વિરૂધ્ધ પાસાની દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. અને જીલ્લા મેજીસ્ટ્રેટ તથા કલેકટરશ્રી અનિલકુમાર રાણાવસીયા દ્વારા ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ તાત્કાલીક અસરથી કાર્યવાહી કરી અને પાસા વોરન્ટ ઈસ્યુ કરવામાં આવેલ. આ પાસા વોરન્ટ ઈસ્યુ થયા બાદ ક્રાઈમ બ્રાંચનાં પીઆઈ જે.જે. પટેલ તથા સ્ટાફ દ્વારા ચોકકસ બાતમીનાં આધારે કાર્યવાહી હાથ ધરતા પાસા વોરન્ટ અંતર્ગત આરોપીઓ નં. ૧ શાહરૂખભાઈ નુરમહમદભાઈ કુરેશી (ઉ.વ. ૨૬) ધંધો ડ્રાઈવીંગ રહે. રોયલ્ટી ડુંગરપુરવાળો તથા અજય ગોગનભાઈ ભારાઈ (ઉ.વ. ૨૮) ધંધો ડ્રાઈવીંગ રહે. જૂનાગઢ ગાંધીગ્રામ, સંજયનગર, હનુમાન મંદિર પાસે મુળ ગામ મહોબતપરા સારણનેશ તા. કુતિયાણાવાળાને બાતમીની જગ્યાએ તપાસ કરીને ઝડપી લઈ અનુક્રમે સેન્ટ્રલ જેલ અમદાવાદ તથા લાજપોર સુરત ખાતે મોકલી આપવામાં આવેલ.

# નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટનાં ગુનામાં ચેક આપનારને સજા ફટકારતી જૂનાગઢની કોર્ટ

જૂનાગઢ તા. ૧૩

જૂનાગઢનાં રહીશ વિનોદભાઈ નાથાભાઈ કાથરોટીયા પાસેથી આ કામનાં આરોપી કાંતીલાલ રામજીભાઈ નાદપરા રહે. જૂનાગઢવાળાએ સંબંધ દાવે હાથ ઉછીના તેમના વેપાર ધંધાનાં કામ માટે રૂા. ૧૦,૦૦,૦૦૦ લીધેલા. આ લેણી રકમ ચુકવવા માટે આરોપી કાંતીલાલ રામજીભાઈ નાદપરાએ ફરીયાદી વિનોદભાઈને રૂા. ૧૦,૦૦,૦૦૦નો ચેક આપેલો તે ચેક ફરીયાદીએ તેમનાં બેંકના ખાતામાં જમા કરાવતા ચેક બાઉન્સ થયેલો. જેની નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ ફરીયાદી વિનોદભાઈએ આરોપી કાંતીલાલ રામજીભાઈ નાદપરા સામે જૂનાગઢની કોર્ટમાં કરેલ. આ કેસમાં આરોપી કાંતીલાલ રામજીભાઈ નાદપરા સામે જૂનાગઢની કોર્ટે કેસ એક તરફી પુરાવો લઈ ચલાવી, ફરીયાદ પક્ષની દલીલો સાંભળી આરોપી કાંતીલાલ નાદપરાને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ના ગુના માટે દોષીત ઠેરવી એક વર્ષની સાદી કેદ અને રૂા. ૩,૫૦,૦૦૦ વળતર પેટે ચુકવવાનો આદેશ ફટકારેલ છે. અને જો વળતરની રકમ ન ચુકવે તો ૩ માસની વધારાની સજા તેમજ ફરીયાદી વિનોદભાઈને ચેકની રકમ રૂા. ૧૦,૦૦,૦૦૦ ચુકવી આપવાનો હુકમ ફરમાવેલ છે. આ કામમાં ફરીયાદી વિનોદભાઈ કાથરોટીયા તરફે જૂનાગઢનાં વકીલ શશીકાંત વી. બોરીચાંગર રોકાયેલ હતાં. આરોપી કાંતીલાલ રામજીભાઈ નાદપરા કોર્ટમાં હાજર ન હોય સજાની અમલવારી માટે વોરંટ પોલીસ અધિક્ષક જૂનાગઢને બજવણી માટે મોકલી આપેલ છે.

# માળીયા હાટીનાના લાઠોદ્રા ગામે ઘર પાસેથી નીકળવા બાબતે મારામારી : સામસામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

માળીયા હાટીનાના લાઠોડ્રા ગામે કાકા-ભત્રીજાના પરિવાર વચ્ચે મારામારી થતા સામસામે ફરીયાદ માળીયા હાટીના પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માળીયા હાટીના પોલીસ મથકે હમીરભાઈ નથુભાઈ રાઠોડે સમીરભાઈ કાળુભાઈ રાઠોડ, હાસમ કાળુભાઈ રાઠોડ અને કાળુભાઈ નથુભાઈ રાઠોડ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપી સમીર ફરીયાદીના ઘર પાસે આટા ફેરા મારતો હોય જેથી ફરીયાદીએ આરોપીએ આટાફેરા મારવાની ના પાડતા ઉશ્કેરાઈ જઈ ગાળાગાળી કરી પથ્થરનો ઘા મારી ઝપાઝપી કરવા લાગેલ દરમ્યાન બાકીના આરોપીઓએ આવી જઈ ઢીકાપાટુનો મારમારી જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવેલ જયારે સામાપક્ષે સમીરભાઈ કાળુભાઈ રાઠોડે હમીરભાઈ નથુભાઈ રાઠોડ અને સબાનાબેન વિરૂધ્ધ નોંધાવેલ ફરીયાદમાં જણાવેલ કે ફરીયાદી તેના કાકાના ઘરે ધાબા પર સુવા જતા હોય દરમ્યાન રસ્તામાં આરોપી હમીરભાઈનું ઘર આવતું હોય તેણે ફરીયાદીને ધાબા પર સુવા જવાની ના પાડતા ફરીયાદીએ કહેલ કે હું કયા તમારા ધારા ઉપર સુવા જાવ છું તેમ કહેતા આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ ગાળાગાળી કરી કુહાડીના હાથા વડે પગના ભાગે મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે બંને પક્ષે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# માત્ર ૭ ટકા લોકોને જ ખબર છે કે કિડનીની કાર્યક્ષમતા જાણવા માટે લોહીની તપાસ કરાવવી જરૂરી

અમદાવાદ તા. ૧૩

ભારત અને વિશ્વભરમાં કિડનીનાં રોગોનું પ્રમાણ ગંભીર રીતે વધતું જાય છે. કિડનીનાં રોગો અંગે જનજાગૃતિ માટે વિશ્વનાં ૧૦૦ થી વધુ દેશોમાં ૧૩ માર્ચ ૨૦૨૫ના દિવસે ૨૦ માં કિડની આરોગ્ય જાગૃતિ દિવસની ઉજવણી થશે. વિશ્વ કિડની દિવસ - ૨૦૨૫ નું સ્લોગન છે "શું તમારી કિડનીઓ તંદુરસ્ત છે વહેલું નિદાન કરો, કિડનીને બચાવો" છે. આ સંદર્ભે કિડની એજ્યુકેશન ફાઉન્ડેશન અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના લાયબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ વિભાગ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવેલા સર્વેક્ષણમાં કિડનીના સ્વાસ્થ્ય અંગેની જાગળતિ વિશે અતિ ચિંતાજનક માહિતી બહાર આવી છે. સર્વેક્ષણ કરાયેલા ૧૦૪૨ વિદ્યાર્થીઓમાંથી, માત્ર ૭% વિદ્યાર્થીઓ જાણતા હતા કે કિડનીની કાર્યક્ષમતા જાણવા માટે લોહીમાં ક્રીએટીનીન અથવા ઈજીએફઆર ની તપાસ જરૂરી છે.


## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **કિશન મનસુખલાલ બામરોલીયા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **કિશન મનસુખભાઈ બામરોલીયા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**કિશન મનસુખભાઈ બામરોલીયા**

મુ. જાલણસર, મજેવડી, જૂનાગઢ-૩૬૨૦01

# જૂનાગઢ જીલ્લામાં હીટવેવથી બચવા માટે વહીવટી તંત્ર દ્વારા માર્ગદર્શિકા પ્રસિદ્ધ કરાઈ

જૂનાગઢ, તા.૧૩

જૂનાગઢ જિલ્લામાં વર્તમાન સમયમાં રાજયના હવામાન વિભાગ તરફથી કરવામાં આવેલી આગાહીને ધ્યાનમાં રાખતા હીટવેવથી બચવા માટે જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા માર્ગદર્શિકા પ્રસિદ્ધ કરવામાં આવી છે.




અત્યારે સમગ્ર જિલ્લામાં ગરમીનું પ્રમાણ સતત વધી રહ્યું છે. જેથી નાગરિકોના આરોગ્ય પર ગંભીર જોખમ તોળાય રહ્યું છે અને સનસ્ટ્રોક/ લૂ લાગવાની શક્યતા ખુબ જ વધારે જણાય છે. અસહ્ય ગરમીમાં ભારે પરિશ્રમ કરવાથી શરીરનું તાપમાન વધી જાય છે અને શરીરમાંથી પાણીનું પ્રમાણ ઘટી જાય છે.

**સનસ્ટ્રોક/ લૂ લાગવાના લક્ષણો શું છે ?**

માથાનો દુઃખાવો, બેચેની, ઉલટી ઉબકા, લો બ્લડ પ્રેશર, હાથ પગમાં ખુબ દુઃખાવો થાય, ખુબ જ તરસ લાગવી, ખુબ જ પરસેવો થાય, ગભરામણ થાય, ચક્કર આવવા, શ્વાસ ચડવો, હૃદયના ધબકારા વધી જાય, બેભાન થઈ જવું, નબળાઈ આવવી, પગના તળિયામાં બળતરા થાય, ગરમ લાલ અને સૂકી ચામડી થઈ જવી- આ પ્રકારના લક્ષણો જોવા મળે છે. આવા કોઈપણ પ્રકારના લક્ષણો જણાય તો તાત્કાલિક ધોરણે નજીકના સરકારી દવાખાનામાં સારવાર લેવી જોઈએ.

**સનસ્ટ્રોક/ લૂ લાગે ત્યારે શું કરવું જોઈએ ?**

વધુ પડતી ગરમીમાં બિનજરૂરી બહાર જવાનું ટાળવું જોઈએ. પ્રવાહી ખોરાક જેમ કે લીંબુ શરબત, શેરડીનો રસ, તાજા ફળોના રસ, ઠંડુ પાણી, ઓ.આર.એસ. વધારે પીવું જોઈએ. લાંબો સમય તડકામાં ઉભા ન રહેવું અને આખું શરીર ઢંકાય તેવા કપડાં પહેરવા જોઈએ. આંખોના રક્ષણ માટે ગોગલ્સ અને માથા પર ટોપી પહેરવી જોઈએ. ભીના કપડાંથી માથું ઢાંકવું જોઈએ અને નાના બાળકો, સગર્ભા માતાઓ, વૃદ્ધોએ ગરમીમાં બહાર નીકળવું નહીં. લાંબા સમય સુધી ભૂખ્યા રહેવું નહીં. તેમજ ખુલ્લા પગે તડકામાં ચાલવું નહીં. સનસ્ક્રીનનો ઉપયોગ કરવો જોઈએ. જૂનાગઢ જિલ્લાના તમામ નાગરિકો પાલન કરે તેવો અનુરોધ કરવામાં આવે છે. તેમ જિલ્લા આરોગ્ય તંત્ર, જૂનાગઢની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### રાહત નિયામકની કચેરીના સહયોગથી

# જૂનાગઢ જીલ્લા વહીવટીતંત્ર દ્વારા આપત્તિ વ્યવસ્થાપન અંગે ત્રિદિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો





જૂનાગઢ, તા.૧૩

રાહત નિયામકની કચેરી મહેસૂલ વિભાગ ગાંધીનગરના સહયોગથી જિલ્લા વહીવટીતંત્ર જૂનાગઢ દ્વારા આયોજિત આપત્તિ વ્યવસ્થાપન અંગે ત્રિદિવસીય વર્કશોપ માંગરોળ મામલતદારશ્રી પરમારના માર્ગદર્શન તળે માંગરોળ તાલુકાના લોએજ મુકામે યોજાયો હતો જેમાં લોએજ અને આસપાસના ગામડાના અનેક લોકો આ તાલીમ કાર્યશાળામાં સહભાગી બન્યા હતા અને ખૂબ મોટી સંખ્યામાં નાગરિકોએ આપત્તિ વ્યવસ્થાપન અંગેની ટ્રેનિંગ લીધી હતી.

મામલતદાર પરમાર દ્વારા ગ્રામજનોને કુદરતી આફતોનો સામનો કેવી રીતે કરવો તે બાબતે માર્ગદર્શિત કર્યા હતા. તેઓએ જણાવ્યું હતું કે આવી ટ્રેનિંગ ખૂબ જ જરૂરી છે, આવી આપત્તિ ક્યારેક આપણી આપણી ઉપર કે આજુબાજુ આવી શકે તો આવી ટ્રેનિંગ ખૂબ જ અગત્યની બની શકે છે.

આ કેમ્પમાં આગેવાનશ્રી દાનાભાઈ ખાંભલા સહિત અનેક ગણમાન્ય આગેવાનો પણ જોડાયા હતા. તેઓએ હાજર રહીને ટ્રેનિંગ લીધેલા નાગરિકોએ ગૂજરાત સરકારના આપત્તિ વ્યવસ્થાપન તંત્ર, મહેસુલ વિભાગ તેમજ જિલ્લા કલેકટર કચેરીના ઉપક્રમે યોજાયેલી આ આપત્તિ સામે કેવી રીતે સામનો કરી શકાય તેની તાલીમ ખરા અર્થમાં માંગરોળ અને દરિયાકાંઠાના વિસ્તારના ગ્રામજનોને ખૂબ જ ઉપયોગી પુરવાર થાય તેમ છે તેમ જણાવ્યું હતું. અકસ્માત, કુદરતી આપત્તિ વગેરે નદી કૂવા તળાવમાં ડૂબતા લોકોને કેમ બચાવવા એવી તમામ બાબતની ચિંતા કરી રાજ્ય સરકાર આવી ટ્રેનિંગ આપી રહી છે તેની સરાહના કરી હતી. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માંગરોળ મામલતદાર કચેરીના કર્મચારીશ્રીઓ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. ખાતે આરોગ્ય ચિકીત્સા શિબીર યોજાઇ, વિદ્યાર્થીઓ અને કર્મયોગીઓનું આરોગ્ય પરિક્ષણ થયું

**જીવનમાં કંઈપણ પ્રાપ્ત કરવા માટે સ્વસ્થ અને સશક્ત મન હોવું અનિવાર્ય છે,એટલે જો અર્થપૂર્ણ જીવન જીવવું હોય તો તંદુરસ્ત શરીર અનિવાર્ય છે : પ્રો. (ડો.) અતુલભાઈ બાપોદરા**

જુનાગઢ તા.૧૩

ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે વુમન ડેવલોપમેન્ટ સેલ, એસ.સી.એસ.ટી. સેલનાં સંયુક્ત ઉપક્રમે મહિલા દિવસની ઊજવણી અંતર્ગત અને જી.એમ.ઇ.આર..એસ. મેડીકલ કોલેજનાં સહયોગથી હેલ્થ મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. યુનિ. દ્વારા પંચ પ્રકલ્પ યોજના હેઠળ યુનિવર્સિટીનાં તમામ કર્મચારીઓ માટે વિનામૂલ્યે આરોગ્યની ચકાસણી થાય અને આનુસાંગિક લેબોરેટરી પરીક્ષણનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરીક્ષણમાં ફૈંટ્ટ-દ્વેહ મ૧૨ અને **TSH (Thyroid Stimulating Hormone)** જેવા મહત્વના આરોગ્ય સંકેતોનું નિરીક્ષણ કરવામાં આવ્યું.પરીક્ષણો ખાસ કરીને શારીરિક થાક, ઉર્જાની કમી, થાઈરોઈડ સંબંધિત સમસ્યાઓ અને અન્ય આરોગ્ય સમસ્યાઓ માટે ઉપયોગી સાબિત થાય છે. આવા આરોગ્યલક્ષી ઉપક્રમો દ્વારા યુનિવર્સિટીના કર્મચારીઓ તેમના આરોગ્ય અંગે વધુ જાગૃત બની શકે અને સમયસર જરૂરી સારવાર મેળવી શકે છે. સાથે ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના અનુસ્નાતક ભવન ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તથા યુનિવર્સીટી ખાતે ફરજ બજાવતા કર્મચારીઓની આરોગ્યલક્ષી ચકાસણી માટે હેલ્થ ચેકઅપ કેમ્પમાં તજજ્ઞ ડોકટરો, પેરા મેડિકલ સ્ટાફ, નર્સિંગ સ્ટાફ તથા જરૂરી દવઓ અને બ્લડપ્રેશર,રક્તપરિક્ષણ વગેરેના સાધન સાથે આ કેમ્પમાં સિવિલ હોસ્પિટલના તજજ્ઞ ડોક્ટરો એમ્બ્યુલન્સ વાહન સાથે ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પમાં ડો. હિરેન હડિયા-જનરલ ફિઝિશિયન, ડો.મુખ્તાર અહમદ મસ્તકી ઈ.એન.ટી., ડો. જીગ્નેશ રામાણી જનરલ સર્જન, ડો.નેહલ મોરી- ગાયનેકોલોજીસ્ટ, ડો.દેવાંશી ભટ્ટ ડર્મેટોલોજીસ્ટ, ડો.શુભમ રાઠોડ- ઓર્થોપેડિક સર્જન, ડો.જલ્પા સુથાર ઓપ્થેમોલોજિસ્ટ, ધ્રુવ મહેતા લેબોરેટરી ટેક્નિશિયન, રાજેશ ઝાલા ઈ.સી.જી. ટેકનીશ્યન, તેમજ દિલીપ ચાવડા અને દિવ્યા વાઘેલા નર્સિંગ સ્ટાફ તરીકે ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના સ્ટાફ અને વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસણી કરી હતી.




આરોગ્ય તપાસણી કાર્યક્રમ પુર્વે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) અતુલભાઈ બાપોદરાએ ડો. સુશીલકુમાર પ્રિન્સીપાલ પોરબંદર મેડીકલ કોલેજ, ડો. હેમંત આમને જૂનાગઢ મેડીકલ કોલેજનાં ડીન અને ચિકીત્સા શિબીરનાં તબિબોને પુષ્પગુચ્છ અર્પણ કરી આવકાર્યા હતા. આ તકે પ્રો. બાપોદરાએ વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે પ્રથમ સુખ ખરેખર એ જ છે કે તમે જાતે તંદુરસ્ત અને નિરોગી રહો, કારણકે એક સ્વસ્થ તનની અંદર જ એક સ્વસ્થ મન રહી શકે છે, અને જીવનમાં કંઈપણ પ્રાપ્ત કરવા માટે એક સ્વસ્થ અને સશક્ત મન હોવું અનિવાર્ય છે. એટલે જો અર્થપૂર્ણ જીવન જીવવું હોય તો તંદુરસ્ત શરીર અનિવાર્ય છે, માટે તેની પ્રાથમિકતા સૌથી ઉપર છે. યુવાવસ્થાએ વ્યસનમુક્ત જીવન અને યોગ યુક્ત વહેલી સવાર નિરામયી સ્વાસ્થયની પગથાર છે. યુનિ.નાં રજીસ્ટ્રાર ડો. મયંક સોનીએ વિદ્યાર્થીઓને સારા સ્વાસ્થ્યની શુભકામનાં પાઠવતા જણાવ્યુ હતુ કે આજનાં સોશ્યલ મીડિયાનાં સમયમાં યુવાનો રીલ અને રીયલ સમયથી અજાણ થતા જાય છે ત્યારે જીવનમાં હાસ્યઆત્માનું સંગીત છે. પોતાનાં સ્વાસ્થ્ય માટે જાગો. જાગ્યા ત્યારથી સવાર, નિરોગી રહેવું આપણા હાથમાં જ છે. શાંતિ રાખીએ, સંતોષી બનીએ, ચિંતા છોડીએ સો વર્ષ જીવીએ શતમ્ જીવ શરદ. પહેલુ સુખ તે જાતે નર્યા ઉક્તિને અનુસરીએ.

આજનાં આરોગ્ય તપાસણી કાર્યક્રમમાં યુનિ.ભવનોનાં વિદ્યાર્થીઓ, યુનિ.નાં કર્મયોગી સ્ટાફે પોતાનાં આરોગ્યની ચકાસણી કરાવી હતી. ૫૦૦ ઉપરાંત લોકો આજે પોતાનાં સ્વાસ્થ્ય સંબંધે તબીબી પરિક્ષણ કરાવી જીવન વ્યાધીમુક્ત બને તે દિશામાં જાગૃત બન્યા હતા.

આરોગ્ય તપાસણી કાર્યક્રમને સફળ બનાવવા ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના વિમેન્સ સેલના અનિતાબા ગોહિલ, એસ.સી. એસ.ટી.સેલના રશ્મિબેન પટેલ, ડો. રાજેશ રવિયા, ટીચિંગ આસિસ્ટન્ટ,ડો. વિનીતવર્મા, વિવિધ વિભાગનાં અધ્યક્ષશ્રી, યુનિવર્સિટીના સ્ટાફ પરિવારે ચિકીત્સા શિબીરને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# જૂનાગઢ તાલુકામાં વડાલ ગામે વાસ્મો સમિતિ દ્વારા મુખ્યમંત્રી મહિલા સશક્તિરણ કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ, તા.૧૩

જૂનાગઢ તાલુકાના વડાલ ગામે વાસ્મો સમિતિ દ્વારા મુખ્યમંત્રી મહિલા સશક્તિરણ કાર્યક્રમનું ગત તારીખ ૧૧/૩/૨૦૨૫ ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મંચસ્થ મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને સમારોહની શરૂઆત કરવામાં આવી હતી.જેમાં ઉપસ્થિત નાગરિકોને પીવાના પાણી અને આરોગ્ય વિષય આધારિત ઉદ્બોધન શ્રીમતી સંગીતાબેન બાબરીયા આસિસ્ટન્ટ મેનેજર વાસ્મોએ આપ્યું હતું.

આ ઉપરાંત રાજ્ય સરકારના માર્ગદર્શન મુજબ કાર્યરત યોજના લોકભાગીદારી અને લોક વ્યવસ્થાપન દ્વારા ગ્રામ્ય પાણી પુરવઠા યોજનામાં મહિલાઓની ભાગીદારી અંગે માહિતી ડેપ્યુટી મેનેજરશ્રી એલ.એ.પીઠીયા વાસ્મો દ્વારા આપવામાં આવી હતી. મહિલા સુરક્ષા અને બાળ સુરક્ષા વિશે રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની માહિતી મહિલા મોરચા જૂનાગઢના મંત્રી શ્રીમતી જાગૃતિબેન સુવાગીયા અને જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી ડો.કિરણબેન રામાણીએ આપી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત સર્વેનું શાબ્દિક સ્વાગત અને રૂપરેખા શ્રીમતી આઈ.આર. કેલા, ડિસ્ટ્રીક્ટ કો-ઓર્ડીનેટર વાસ્મોએ આપી હતી. તેમજ પ્રાસંગિક પ્રવચન એચ.બી.સોનેજી, યુનિટ મેનેજર વાસ્મોએ આપ્યું હતું. આભાર દર્શન સાથે સમગ્ર સમારોહનું સમાપન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં સ્થાનિક નાગરિકો જોડાયા હતા.

# જૂનાગઢ જીલ્લામાં પીએમ ઈન્ટર્નશિપ યોજના માટેની અરજીની તારીખ આગામી ૩૧ માર્ચ સુધી લંબાવાઈ

જૂનાગઢ, તા.૧૩

કેન્દ્ર સરકાર દ્વારા યુવાનોને ટોચની કંપનીઓમાં કામ કરવાનો અનુભવ મળે તેવા ઉમદા હેતુથી પી.એમ.ઈન્ટર્નશીપ યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો છે. આ ઈન્ટર્નશીપમાં જોડાયેલા યુવાનોને ૧૨ માસ માટે માસિક ૫૦૦૦/- રૂા. સ્ટાઈપેન્ડ મળવાપાત્ર બને છે. જેમાં ઈચ્છુક ઉમેદવારોની શૈક્ષણિક લાયકાત **S.S.C./ H.S.C./ I.T.I./ DIPLOMA/ GRADUATE** પૂર્ણ કરેલું હોવું જોઈએ. તેમજ તેઓની ઉંમર ૨૧ થી ૨૪ વયજૂથમાં હોવી જોઈએ અને તેઓ પૂર્ણ સમયની રોજગારી અથવા શિક્ષણ ન મેળવતા હોવા જોઈએ.

આ ઉપરાંત ઈચ્છુક ઉમેદવારના કુટુંબમાંથી કોઈ સરકારી નોકરીમાં જોડાયેલા ન હોવા જોઈએ તેમજ તેમના કુટુંબમાંથી કોઈપણ સભ્યની નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ ની વાર્ષિક આવક રૂા.૮ લાખથી વધુ ન હોવી જોઈએ. તેમજ તેઓ રાજ્ય સરકાર/ કેન્દ્ર સરકારની કોઈ સ્કીમમાં સ્કિલ કોર્ષ/ એપ્રેન્ટીશીપ/ ઈન્ટર્નશીપ કરેલ ન હોવા જોઈએ.

ઉપરોક્ત ઈન્ટર્નશીપ યોજનામાં જોડાવા માટે ઉમેદવારોએ આગામી તારીખ ૩૧-૦૩-૨૦૨૫ સુધીમાં ઓનલાઈન અરજી **www.pminternship.mca.gov.in** આ વેબસાઈટ ઉપર કરી શકશે.

આ અંગે વધુ માહિતી અને માર્ગદર્શન મેળવવા માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, બહુમાળી ભવન, જૂનાગઢના ટેલિફોન નંબર ૦૨૮૫-૨૬૨૦૧૩૯ ઉપર સંપર્ક સાધી શકાશે. તેમ જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ખંભાળિયા અને દ્વારકા નગરપાલિકા સી વર્ગમાંથી એ વર્ગની બની

જામ ખંભાળિયા, તા. ૧૩

રાજય સરકાર દ્વારા રાજ્યની જુદી-જુદી ૬૯ જેટલી નગરપાલિકાઓના ગ્રેડ વધારવાના નિર્ણયમાં દ્વારકા જિલ્લાની બે નગરપાલિકાઓને એક સાથે સી ગ્રેડમાંથી સીધા જ એ ગ્રેડમાં મુકાતા દેવભૂમિ દ્વારકા જિલ્લાની ખંભાળિયા અને દ્વારકા નગરપાલિકા વિસ્તારના રહીશોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

સરકારની નવી ગાઈડલાઈન મુજબ જિલ્લાના મુખ્ય મથક તરીકે ખંભાળિયા જે અગાઉ સી ગ્રેડની નગરપાલિકામાં હતી, તેને બી નહીં પરંતુ સીધા જ એ ગ્રેડની નગરપાલિકામાં લેવામાં આવી છે. જ્યારે દ્વારકામાં દરરોજ હજારો યાત્રિકો મુસાફરો આવતા હોય, દ્વારકા નગરપાલિકા પણ અગાઉ સી ગ્રેડની પાલિકા હતી તેને પણ એ ગ્રેડની નગરપાલિકામાં મુકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૧ ની વસ્તી ગણતરીમાં ખંભાળિયાની વસ્તી ૪૧,૦૦૦ અને દ્વારકાની વસ્તી માત્ર ૩૮,૦૦૦ની હતી. અ વર્ગની નગરપાલિકા બનવા માટે એક લાખથી વધુ વસ્તી હોવી અનિવાર્ય છે. પરંતુ સરકારના નવા પરિપત્રાથી તેમજ ખંભાળિયા નજીક આવેલી જુદી જુદી ગ્રામ પંચાયતના વિસ્તારોને શહેરમાં જોડવાનું નક્કી થયેલ હોય, આ બંને નગરપાલિકા હવે એ ગ્રેડની બની ગઈ છે.

**હાલારમાં માત્ર દ્વારકા જીલ્લામાં એ ગ્રેડની બે નગરપાલિકાઃ કરોડો રૂપિયાની મળશે ગ્રાન્ટ**

રાજ્ય સરકારના આ નિર્ણયથી ખંભાળિયા અને દ્વારકા નગરપાલિકામાં સરકાર દ્વારા મોટી સંખ્યામાં વિકાસ કાર્યો માટે કરોડો રૂપિયાની વધારાની ગ્રાન્ટ મળશે તથા ખાસ કિસ્સામાં પણ મોટી સંખ્યામાં ગ્રાન્ટ મળશે. જૂની



જોગવાઈઓમાં સી ગ્રેડની નગરપાલિકાઓ ખંભાળિયા અને દ્વારકાને વાર્ષિક રૂપિયા આઠેક કરોડની ગ્રાન્ટ મળતી. પણ હવે આગામી સમયમાં એ વર્ગની આ બંને નગરપાલિકાઓને વાર્ષિક રૂપિયા ૨૮-૨૮ કરોડની ગ્રાન્ટ મળશે.

અત્રે ઉલ્લેખનીય છે કે જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના હાલાર પંથકમાં સૌથી વધુ છ નગરપાલિકાઓ દ્વારકા જિલ્લામાં છે. જેમાં ખંભાળિયા અને દ્વારકા અ વર્ગની તથા ઓખા બ વર્ગની જ્યારે સલાયા, જામ રાવલ અને ભાણવડ ક વર્ગની છે. જામનગર જિલ્લામાં જામજોધપુર, સિક્કા, ધ્રોલ અને કાલાવડ ચાર આમ, નાનકડા એવા દ્વારકા જિલ્લામાં બે-બે નગરપાલિકાઓ આ વર્ગની પાલિકા ધરાવતો થઈ ગયો છે. જામનગર, વડોદરા, મોરબી સુરત, છોટાઉદેપુર, પોરબંદર, ખેડા જિલ્લાઓ એવા છે, જ્યાં અ વર્ગની નગરપાલિકા એક પણ નથી. ખંભાળિયાના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા તેમજ સાંસદ પૂનમબેન માડમ દ્વારા ખંભાળિયા અને દ્વારકા નગરપાલિકાનો ગ્રેડ વધે તે માટેના કરવામાં આવેલા ખાસ પ્રયાસો સફળ રહ્યા છે.

# જૂનાગઢ જીલ્લામાં આગામી તા.૧૭ માર્ચના રોજગાર ભરતી મેળાનું આયોજન કરાશે

જૂનાગઢ, તા.૧૩

જિલ્લા રોજગાર કચેરી, જૂનાગઢ દ્વારા માર્ચ- ૨૦૨૫ અન્વયે રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળા અંતર્ગત આગામી તારીખ ૧૭/૩/૨૦૨૫ ના રોજ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.

જેમાં ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમ સીલ્વર કંઝ્યુમર ઈલેક્ટ્રીકલ પ્રા.લી.(સીલ્વર પંપ)- રાજકોટ, સીનોવા ગીયર્સ એન્ડ ટ્રાંશમીશન પ્રા.લી.- રાજકોટ, જૂનાગઢ જવેલરી પ્રા.લી. (બારીકી જવેલર્સ)– જૂનાગઢ કંપની એકમમાં- **BDH Assistant, Corpo®ae Sales Manager, Assistant Corpo®ae Sales Manager, Assistant Titan Sales Manager, Stock Holder, MIS Executive, PhOographer, Production Manager, Factory Order Executive, Fitting Incharge, Production Planning Head, Fabricator, Tilli Incharge Casting Table Incharge** ની જગ્યાઓ માટે ૧૮ થી ૪૦ વર્ષની વયમર્યાદા ધરાવતા તેમજ એસ.એસ.સી., એચ.એસ.સી., સ્નાતક, અનુસ્નાતક, આઈ.ટી.આઈ. કે ડિપ્લોમા જેવી જગ્યાને અનુરૂપ શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવનાર રોજગાર વાંચ્છુઓ માટે ભરતી મેળાનું આયોજન કરાશે.જે અન્વયે જિલ્લા રોજગાર વિનિમય કચેરી અને આગાખાન રૂરલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે 'આગાખાન રૂરલ સપોર્ટ પ્રોગ્રામ ઈન્ડિયા કેમ્પસ બિલ્ડિંગ ખેરા રોડ, મૂળ ગઢુ, માળીયા હાટીના તાલુકા ખાતે આગામી તારીખ ૧૭/૩/૨૦૨૫ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે આયોજન કરવામાં આવ્યું છે.

પ્રસ્તુત ભરતી મેળામાં ભાગ લેવા હેતુસર રોજગાર વાંચ્છુઓએ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો તેમજ જરૂરી દસ્તાવેજો સાથે ભરતી મેળાના સ્થળ પર સમયસર સ્વ-ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે. આ ઉપરાંત અનુબંધમ પોર્ટલ **https://anubandham.guja®a. gov.in** આ વેબસાઈટના માધ્યમથી પણ ભાગ લઈ શકાય છે. આ અંગે વધુ માહિતી અને માર્ગદર્શન મેળવવા માટે કચેરી સમય દરમ્યાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢના ટેલિફોન નંબર ૦૨૮૫-૨૬૨૦૧૩૯ પર સંપર્ક કરી શકાશે. તેમ જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# મહાકુંભ : આસ્થાની ત્રિવેણીનું પ્રયાગતીર્થ

આ સદીના સૌથી મોટા ધાર્મિક આયોજન એવા મહાકુંભની બુધવારે પાવન મહાશિવરાત્રિના પર્વ ઉપર સમાપ્તિ થઈ. જીવને શિવ સાથે મેળવતી મહાશિવરાત્રિના દિવસે પ્રયાગરાજ ખાતે હર હર ગંગેના પ્રચંડ નાદ સાથે કરોડો શ્રદ્ધાળઓએ અંતિમ શાહી સ્નાન કર્યું. સાચા અર્થમાં માનવ મહેરામણ શબ્દને સમજવો હોય તો પ્રયાગરાજ ખાતે ૪૫ દિવસ ચાલેલા કુંભમેળામાં ગયેલા હોવા જોઈએ. કુંભમેળાનું સ્નાન કરી આવેલાને પૂછીએ તો એક જ શબ્દ કહે - અવર્ણનીય. એમ પણ આસ્થા અને શ્રદ્ધાને શબ્દોથી વર્ણવી શકાતી નથી.

મહાકુંભની શરૂઆત થઈ ત્યારે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ૪૦ થી ૪૫ કરોડ શ્રદ્ધાળુઓ આવશે એવું અનુમાન લગાવ્યું હતું. જોકે આ આંકડો તો ૧૧મી ફેબ્રુઆરીએ જ પાર કરી ગયો. ભારતની કુલ વસ્તીના અડધા ભાગની વસ્તી કુંભસ્નાન કરી આવી એવી સાદી ગણતરી મૂકી શકાય. એટલું જ નહીં, ૧ કરોડ જેટલા વિદેશીઓ જેમાં વિદેશમાં રહેતા ભારતીયો જેને આપણે એનઆરઆઇ તરીકે ઓળખીએ છીએ તે પણ કુંભસ્નાન કરી આવ્યા. ઘણા દેશ એવા પણ છે જેની કુલ વસ્તી પણ કુંભસ્નાન કરી આવેલા શ્રદ્ધાળુઓ જેટલી નથી હોતી!

ભારતની સંસ્કૃતિ ફરી એકવાર શાશ્વત હતી, છે અને રહેશે એવું સાબિત કરી રહી છે. જોકે ભારતની સંસ્કૃતિ પોતાના શાશ્વત હોવાના સર્ટીફિકેટની મોહતાજ નથી. પરંતુ જે પ્રજાનાં મૂળ તેના અતીતમાં ઊંડા ઉતરતા નથી એ પ્રજાની શાખા ભવિષ્યમાં વિસ્તરી શકતી નથી, એ ન્યાયે ભારતીય સંસ્કૃતિ વિશે અનાપશનાપ બકવાસ કરતા રહેતા કહેવાતા બૌદ્ધિકોની બોલતી બંધ થઈ જાય એવું ભવ્ય આયોજન મહાકુંભનું હતું. જ્યારે કરોડો લોકો સ્નાન કરવા આવે ત્યારે અવ્યવસ્થા તો સર્જાય અન સ્વચ્છતા પણ ન જળવાય, એ સ્વાભાવિક છે. અવ્યવસ્થા અને અસ્વચ્છતા સર્જવા માટે ઘણીવાર આપણા લોકોની કુટેવો જવાબદાર છે. આપણી પ્રજામાં સ્વચ્છતા જાળવવાની આદત જ નથી. સ્વચ્છતા ત્યાં પ્રભુતા એવું આપણી પ્રજા સમજતી જ નથી, તેથી જ્યાં પ્રભુ બિરાજમાન હોય ત્યાં જ વધુને વધુ ગંદકી કરતા રહીએ છીએ.

ઉત્તર પ્રદેશના પ્રશાસનના વખાણ કરીએ કે ન કરીએ પરંતુ પ્રશાસન દ્વારા સેનિટેશનની ખૂબ સારી વ્યવસ્થા હતી. દોઢ લાખથી પણ વધુ કામચલાઉ ટેન્ટ, જે પેઇડ અને નિઃશુલ્ક એમ બંને પ્રકારના હતા. જેમાં શક્ય તેટલી સ્વચ્છતા જાળવવાના પ્રયાસ થયા હતા. પરંત જ્યારે માનવ મહેરામણ મટ્યો હોય ત્યારે થોડી તો અરાજકતા અને અસ્વચ્છતા જે થોડી વધુ હતી તે જોવા મળવાની જ. જેમાં પ્રશાસન કરતાં યાત્રાળુઓ વધુ જવાબદાર હતા.

પ્રયાગરાજથી ૧૫ થી ૨૦ કિલોમીટર દૂર વાહનોને અટકાવી દેવામાં આવતા હતા. ત્યાંથી પગપાળા કે બાઈકની સવારી, જે કામચલાઉ ધોરણે સ્થાનિકો દ્વારા શરૂ કરવામાં આવી હતી, તેના દ્વારા લાખો યાત્રાળુઓનો અવિરત ચાલતો પ્રવાહ જોયો હોય તો જ ખ્યાલ આવે કે હિંદુ ધર્મ અને સંસ્કૃતિ શા માટે સનાતન માનવામાં આવે છે. લાખો યાત્રાળુઓના મોંઢે એક જ નામ 'હર હર ગંગે' અને 'હર હર મહાદેવ.' પતિત પાવની મા ગંગા અને યમુના તથા લુપ્ત મનાતી સરસ્વતીના સંગમ સ્થળ, જે સંગમ નોઝ તરીકે ઓળખાય છે, ત્યાં સુધી લઈ જવા માટે બોટની વ્યવસ્થા હતી, પરંત સ્થાનિક લોકો બોટના ભાડા મનફાવે તેટલા વસૂલી કમાણી પણ કરતા હતા. જોકે ગરજના માર્યા શ્રદ્ધાળુઓ મોં માગ્યા ભાવ આપીબોટ ભાડે કરી જલ્દીથી ડૂબકી મારી આવીએ એવા રઘવાટમાં જ રહેતા હતા.

૧૪૪મા વર્ષે આવતા મહાકુંભમાં સ્નાન કરી લેવા માટે હિંદુ શ્રદ્ધાળઓની પ્રયાગરાજ ખાતેની યાત્રા દુનિયાભરમાં ન ભૂતો ન ભવિષ્યતિ એવા ધાર્મિક આયોજન તરીકે ઈતિહાસમાં દર્જ થઈ જશે. હવે પછીનો મહાકુંભ આવશે ત્યારે અત્યારે જે જીવિત છે તે કોઈ નહીં હોય. પરંતુ સદીઓથી ચાલી આવતી આપણી પરંપરા હજી સદીઓ સુધી જીવિત રહેશે જ એવી હિંદુ તરીકેની આસ્થા સાથે હર હર ગંગે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સંતુષ્ટ મનવાળા માટે બધી જ દિશા સુખમયી બની રહે છે.
- શ્રીમદ્ ભાગવત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા. આવા-૧૩૯૪, મુ. રમજાન-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, ફાગણ સુદ-૧૪ વ્રતની પૂનમ, હુતાશની પૂર્ણિમા, હોલિકા દહન, ચોમાસી ચૌદશ (જૈન) તા.૧૩ માર્ચ ૨૦૨૫, ગુરૂવાર, પારસી તા.૧, મુસ્લિમ તા.૧૨, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર, ધૃતિ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૭:૦૪, સૂ.અ.૬:૫૮

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.
- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: પ્્રવાસ-પર્યટન થાય. આર્થિક સમસ્યાનો ઉકેલ મળે.
વૃષભ:મહત્વના કાર્યો અટકી પડે. ગૃહસ્થીજીવનમાં ચકમક ઝરે.
મિથુન:ખર્ચમાં વધારો થાય. આર્થિક સમતુલા ખોરવાઈ જાય.
કર્ક: અગત્યના કાર્યોમાં રૂકાવટ આવે. મનની મુરાદ બર ન આવે.
સિંહ: સ્નેહિથી મતભેદ સર્જાય. કૌટુંબિક મહત્વના પ્રશ્નોનો ઉકેલ મળે.
કન્યા: પડવ-વાગવાથી સંભાળવું. નવિન તક મળે.
તુલા: પુરૂષાર્થ વધારવાથી કાર્યમાં સફળતા મળે. અકારણ ચિંતા રહે.
વૃશ્ચિક:વાણી સંયમ જાળવવો હિતાવહ. વ્યર્થ ક્રોધના ભોગ બનવું પડે.
ધન: પારિવારીક જીવનમાં આનંદ રહે. મનની મુરાદ પૂરી થાય.
મકર: સ્વજનથી મિલન-મુલાકાત થાય. કૌટુંબિક કાર્યમાં સફળતા મળે.
કુંભ: આવક કરતા જાવક વિશેષ રહે. અંગત મૂંઝવણ અનુભવાય.
મીન: આર્થિક સમસ્યા હળવી બને. નોકરી-ધંધાને લગતી યોજનામાં સફળતા મળે.

### ગિરનારની દ્વિઅંગી વનસ્પતિ ઉપર સંશોધન કરનાર

# ભાગ્યશ્રી ડાંગરને અમેરીકા સ્થિત IDIA WILD સંસ્થા તરફથી મળી ૯૦૦ ડોલરની સાધન સહાય

## IDIA WILD સંસ્થા તરફથી સંશોધનકાર્યમાં ઉપયોગી સાધનોની સહાયથી શોધસ્કોલર્સ સુશ્રી ભાગ્યશ્રી ડાંગરને દ્વિઅંગી વનસ્પતિઓ પરના સંશોધનકાર્યમાં ઉપયોગી બની રહેશેઃ પ્રો.(ડો.) અતુલ બાપોદરા કૂલપતિ





(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ, તા.૧૩

જૂનાગઢની ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના CWCS ખાતે જીવન વિજ્ઞાન વિભાગમાં પી.એચડી. સ્કોલર અને જુનિયર રિસર્ચ આસિસ્ટન્ટ સુશ્રી ભાગ્યશ્રી ડાંગરને IDEA WILD તરફથી ૯૦૦ ડોલર રકમની સાધન સહાય મળી છે.જેમાંલેપટોપ, અંડર વોટર કેમેરા અને GPS સહિતના સાધન પૂરા પાડવામાં આવેલા છે. આવા સાધનો મળવાથી ભાગ્યશ્રી ડાંગરને બ્રાયોફાઈટ્સ પરના તેમના સંશોધનમાં નોંધપાત્ર લાભદાયી બની રહેશે. આ સિદ્ધિ બદલ તેમને અભિનંદન પાઠવતા ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કૂલપતિ પ્રો.(ડો.) અતુલભાઈ બાપોદરાએ જણાવ્યુ હતુ કે યુનિવર્સિટીના સેન્ટર ઓફ એક્સિલન્સ ફોર વાઈલ્ડ લાઈફ એન્ડ કંઝર્વેશન સ્ટડીઝમાં જુનિયર રિચર્સ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા અને લાઈફ સાયન્સ ભવનમાં ડો.રાજેશ રવિયાના માર્ગદર્શન હેઠળ વનસ્પતિ શાસ્ત્રમાં પી.એચડી.કરી રહેલ ભાગ્યશ્રી ડાંગર વિશ્વના બ્રાયોફાઈટ સ્પેશિયાલિસ્ટ ગ્રુપમાં ગુજરાતની પ્રથમ તથા ભારતભરમાથી સૌથી યુવા વૈજ્ઞાનિક છે.તેણીને તાજેતરમાં અમેરીકા સ્થિત IDIA WILD સંસ્થા તરફથી ૯૦૦ ડોલરની રકમનાં તેમનાં સંશોધનકાર્યમાં ઉપયોગી સાધનોની સહાય કરવામાં આવી છે. જેનાથી કુ.ભાગ્યશ્રી ડાંગરને ગિરનારના જંગલમાં થતી બ્રાયોફાઈટ એટલે કે દ્વિઅંગી વનસ્પતિઓ પરના સંશોધનકાર્યમાં ઉપયોગી બની રહેશે.

અમેરીકાની સંસ્થાએ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ની શોધસ્કોલર્સનાં શોધકાર્યની નોંધ લઈને તેણીને તેમનાં શોધકાર્યમાં ઉપયોગી કેમેરા, લેપટોપ જેવા સાધનો ફાળવવા મેળવેલ સિદ્ધિ બદલ યુનિવર્સિટીના અધ્યાપક અને ભાગ્યશ્રીનાં શોધકાર્યનાં માર્ગદર્શક ડો. રાજેશ રવિયાએ અભિનંદન પાઠવતા કહ્યું હતું કે કુ.ભાગ્યશ્રી ડાંગરના સંશોધનથી વિશ્વકક્ષાએ યુનિવર્સિટીને ગૌરવ પ્રાપ્ત થયું છે.તથા યુનિવર્સિટી ખાતે શરૂ થયેલ નવીન વાઈલ્ડ લાઈફ રીચર્સ સેન્ટર ખાતે ચાલતા સંશોધનને વેગ મળશે. ભાગ્યશ્રીએ કે દ્વિઅંગી વનસ્પતિઓ પરના સંશોધન પ્રદાન બદલ ઈન્ટરનેશનલ એસોસિએશન ફોર કધઝર્વેશન ઓફ નેચર (ઈઝઈગ) દ્વારા વિશ્વની બ્રાયોફાઈટ સ્પેશિયાલિસ્ટ ગ્રુપમાં સમાવેશ થયો છે.

અમેરીકી આઈડીયા વાઈલ્ડ તરફથી મળેલ સાધન સહાયની ખુશી વ્યક્ત કરતા ભાગ્યશ્રી ડાંગરે કહ્યુ કે ગિરનારનાં વન્યજીવ પરત્વે મારા શોધકાર્યની નોંધ વિદેશની ધરતી ઉપર લેવાઈ તેની મને ખુશી છે. મને જે મારા શોધકાર્યમાં ઉપયોગી સાધનો મળ્યા છેતેના થકી હું વધુ સારૂ કાર્ય કરવા સક્ષમ બનીશ, ભાગ્યશ્રીએ વાતની વિગત આપતા જણાવ્યુ હતુ કે ગિર અને ગીરનારનાં વનપ્રદેશ તો પ્રકૃતિની પાઠશાળા છે. ગિરનાર વનપ્રદેશ માત્ર આધ્યાત્મિક જ નહીં પણ વનસ્પતિની વિવિધ જાતો અને ઔષધાલયની માંગ પુરી કરે તેવી અનેક વનસ્પતિ-વૃક્ષ, છોડ, વેલા અને તૃણ સાથે અનેક પશુ-પક્ષીઓ-સરીસૃપો સંગાથે જ્ઞાનવર્ધન કરી રહ્યો છે. લોકો વન્યજીવો પ્રત્યે સંવેદનશીલ છે, ગિરનારના જંગલમાં ૬૫૦પ્રકારની વનસ્પતિ જોવા મળે છે. જેમાંની મોટાભાગની વનસ્પતિ લોકજીવનની જરૂરતો સંતોષે તેવી હોય છે. સાથે જ ગીરનારના જંગલમાં ૩૦૦ જાતના પક્ષીઓ નિવાસ કરે છે. પક્ષીઓ સાથે ૫૬પ્રકારના સરિસૃપો અને ઉભયજીવીઓ એટલે કે જે પાણી અને જમીન બન્ને પર રહી શકે તે પણ ગિરનારના જંગલમાં પ્રાપ્ય છે. ગિરનારનું જંગલ કુલ ૧૮૨ ચો.કિમી.માં પથરાયેલું છે. આ વિસ્તારમાં ઘણાખરા અજાયબી જેવા જીવો પણ જોવા મળતા રહે છે. આમ જોઈએ તો કુદરતે જે પણ ઈકો સિસ્ટમ નિર્માણ કરી છે તેને ચેડાં કરવાને બદલે તે આપણાં માટે અતિ ઉપયોગી છે આ સત્યને સ્વીકારીને પ્રકૃતિ સાથે આત્મીયતા પૂર્વકનું જીવન વ્યતીત કરવું જોઈએ. મારા શોધકાર્યમાં મને પ્રોત્સાહીત કરનાર ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. કુલપતિ પ્રો.(ડો.) બાપોદરા સાહેબ, મારા માર્ગદર્શક ડો. રાજેશ રવિયા, સહિત વનવિભાગ અને મારા સહયોગી સાથીઓ સાથે મને અમેરીકા સ્થિત આઈડીયા વાઈલ્ફ સંસ્થા પરત્વે હું ઋણાનુભાવ વ્યક્ત કરૂ છું.

### દિલ્હીના સીએમ રેખા ગુપ્તાનું નિવેદન

# ગૃહમંત્રી સાથે બેઠક રદ કરીને અહીં આવી છું, મારી હિંમતની દાદ આપો

## રેખા ગુપ્તાએ શાલીમાર બાગમાં આયોજિત 'હોળી મિલન' કાર્યક્રમમાં હાજરી આપી હતી



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા. ૧૩

દિલ્હીના સીએમ રેખા ગુપ્તાને પદ સંભાળ્યાને ૨૦ દિવસ થઈ ગયા છે. મંગળવારે રાત્રે રેખા ગુપ્તા શાલીમાર બાગ ક્લબ સોસાયટીમાં હોળી મિલન કાર્યક્રમમાં પહોંચ્યા હતા. રેખા ગુપ્તાએ જયારથી દિલ્હીની જવાબદારી સંભાળી છે, ત્યારથી તે એક પછી એક ઝડપી નિર્ણયોને કારણે હેડલાઈન્સમાં રહ્યાં છે. હવે તે એક નિવેદન આપીને ફરી ચર્ચાનો વિષય બન્યા છે આ કાર્યક્રમ રમિયાન તેમણે કેન્દ્રીય મંત્રી અમિત શાહ અંગે મોટું નિવેદન આપ્યું હતું.

દિલ્હીના સીએમ રેખા ગુપ્તાએ ગઈકાલે શાલીમાર બાગમાં આયોજિત 'હોળી મિલન' કાર્યક્રમમાં હાજરી આપી હતી. અહીં આપેલા તેમના નિવેદનોના કારણે ચર્ચામાં છે. સીએમ રેખા ગુપ્તાએ કાર્યક્રમમાં જણાવ્યું હતું કે એકવાર તેમણે ગૃહમંત્રી અમિત શાહને મળવાનો ઈનકાર કરી દીધો હતો. તેમણે આ પાછળનું કારણ સમજાવ્યું અને એમ પણ કહ્યું કે આ કરવા માટેની તેમની હિંમતની કદર કરવી જોઈએ. રેખા ગુપ્તાએ કહ્યું, ''મારી પાસે ગૃહમંત્રીને મળવાનો સમય હતો પણ મેં તેમને ના પાડી દીધી. મેં કહ્યું, સાહેબ, આજે અમારા વિસ્તારમાં કાર્યકર્તાઓના ધન્યવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે અને મારે તેમાં હાજરી આપવાની છે, તેથી હું આવી શકીશ નહીં, મને બીજો કોઈ સમય આપો. તમે લોકો વિચારો મેં ગૃહમંત્રીને ના પાડી દીધી, મારી હિંમતની પ્રશંસા કરો.'' રેખા ગુપ્તાએ આ કહ્યું કે તરત જ ત્યાં હાજર લોકો હસવા લાગ્યા હતા. રેખા ગુપ્તાએ કહ્યું કે અમે આ અંગે કેન્દ્ર સરકાર સાથે એક એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે. આ માટે મંગળવારે સાંજે ૫:૩૦ વાગ્યે મંત્રી સાથે મીટિંગ હતી, પરંતુ મંત્રીને થોડું કામ હતું, તેથી તેઓ ૭ વાગ્યે પહોંચ્યા. લેફટનન્ટ ગવર્નર પણ ત્યાં હાજર હતા. અમે MOU પર હસ્તાક્ષર કર્યા અને તે પછી હું આ કાર્યક્રમમાં આવી છું.તેમણે વધુમાં કહ્યું કે ''મને તમારા બધાની વચ્ચે રહીને આનંદ થઈ રહ્યો છે. મેં તેમને કહ્યું હતું કે કાર્યક્રમો દરરોજ યોજી શકાતા નથી. મોદીજીએ મને કહ્યું હતું કે તમને માળા પહેરાવવા માટે મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા નથી, તમને કામ અર્વા માટે બનાવવામાં આવ્યા છે. જો તમે મને દરરોજ ફોન કરશો તો હું આવી શકીશ નહીં. એક કાર્યક્રમનું આયોજન કરો, હું ત્યાં આવીશ અને હું બધાને મળી શકીશ.''

# કેશોદનાં પ્રિન્સી. ફેમીલી જજ દ્વારા અરજદાર મહીલાની ભરણપોષણની અરજી ના મંજુર કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ, તા.૧૩

કેશોદનાં પ્રિન્સી. ફેમીલી જજ દ્વારા અરજદાર મહીલાની ભરણપોષણની અરજી ના મંજુર કરતો ચુકાદો આપવામાં આવેલ છે.

આ કેસની વિગત એવા પ્રકારની છે કે, તા.૨૭/૧/૨૦૧૪ના રોજ સેપા ગામના રહીશ હસનભાઈ ઉમરભાઈ બેરાના લગ્ન માંગરોળની રહીશ (નામ લખેલ નથી) સાથે થયેલ અને લગ્ન જીવન દરમ્યાન ચાર બાળકીઓનો જન્મ થયેલ. ત્યારબાદ લગ્નના લાંબા સમય બાદ હસનભાઈ બહારગામ મજુરી કામે ગયેલ ત્યારે સેપા ગામે તેમના પત્નીએ પરપુરૂષ સાથે પકડાઈ જતા વિડીયો ગ્રાફી ઉતારેલ અને તેની પેનડ્રાઈવ તૈયાર કરેલ. ત્યારબાદ પણ સામાવાળા અરજદારોને તેમની સાથે રાખવા તૈયાર હોય અને માંગરોળ ઘાંચી સમાજ સમક્ષ પણ અરજદારોને તેડી લાવવા માટે અરજી આપેલ હોવા છતા અરજદારો સામાવાળા સાથે કોઈપણ પ્રકારે રહેવા તૈયાર ન હોય ત્યારબાદ અરજદારોએ સામાવાળા સામે ભરણ પોષણ મેળવવા નામ. કોર્ટમાં કેસ કરેલ હતો જે કેસ પ્રિન્સી. ફેમીલી જજની કોર્ટમાં ચાલી ગયેલ અને તે કેસમાં નામ. કોર્ટ સમક્ષ સામાવાળા તરફે વકીલની ધારદાર દલીલો રજુ કરવામાં આવેલ અને અરજદારણ બાઈને સામાવાળા રાખવા તૈયાર હોય તેમછતા અરજદારણ બાઈ સામાવાળા સાથે રહેવા તૈયાર નથી અને અરજરણ બાઈએ સામાવાળાનો ત્યાગ કરેલ છે. સામાવાળાએ અરજદારનો ત્યાગ કરેલ નથી અને અરજદારણ બાઈ સામાવાળાની ગેરહાજરીમાં અન્ય વ્યકિત સાથે પકડાઈ પણ ગયેલ જે અંગેના વિડીયો અંગેની પેનડ્રાઈવ નામ. કોર્ટમાં રજુ કરવામાં આવેલ જે તમામ હકીકતો તથા દલોલોને કેશોદના નામ. પ્રિન્સી. ફેમીલી જજે માન્ય રાખી અરજદાર બાઈની ભરણ પોષણની અરજી નામંજુર કરતો હુકમ કરેલ છે અને અરજદાર ચાર બાળકીઓની બે બાળકીઓની ૧૦૦૦/- + રૂા. ૧૦૦૦/- તથા બે બાળકીઓની રૂા. ૮૦૦/- + રૂા. ૮૦૦/- દર મહીને સામાવાળાએ ચુકવવા તા.૧૨/૩/૨૦૨૫ ના રોજ હુકમ કરેલ છે. જેમાં સામાવાળા તરીકે એડવોકેટ તરીકે યુસુફ એસ. કરૂડ તથા ભાવેશ બી. રાખોલીયા તથા ઝેડ. એમ. શાખલા તથા અલ્ફેઝ વાય. કરુડ તથા આઈ. એ. કરૂડ રોકાયેલા હતા.

# માંગરોળ કોર્ટે ચેક રીટન કેસમાં એક વર્ષની સજા અને દંડ ફટકાર્યો

જૂનાગઢ, તા.૧૩

માંગરોળ કોર્ટે ચેક બાઉન્સનો કેસ ફકત દોઢ વર્ષ કરતા પણ ટૂંકા ગાળામાં ચલાવી લઈ વેરાવળના માછલીના વેપારીને એક વર્ષની કેદની સજા, રૂા. ૫૦૦૦નો દંડ અને રૂા. ૬,૪૦,૬૦૦ છ લાખ ચાલીસ હજાર છસો પૂરા વળતર પેટે ફરિયાદીને ચુકવી આપવાનો હુકમ કર્યો હતો.

આ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ માંગરોળના માછલીના વેપારી હારુન ઈબ્રાહિમ પારેખ પાસેથી વેરાવળના માછલીના વેપારી આરોપી શાહનવાઝ મહંમદ પટેલ ખાનજી ઉર્ફે શાનુએ કિંમત રૂા.૬,૪૦,૬૦૦/- છ લાખ ચાલીસ હજાર છસોની કિંમતની માછલીની ખરીદી કરી તેની અવેજમાં આ રકમનો ચેક આપેલ હતો. જે ચેક ફરિયાદીએ બેંકમાં જમા કરાવતા પરત ફરેલ. જેથી તેમણે વકીલ યુસુફ એસ કરૂડ, ઝેડ.એમ.સાખલા, ભાવેશ બી. રાખોલિયા, અફૈઝ વાય. કરૂડ અને ઈરફાન એ. કરૂડને વકીલ તરીકે રોકેલ. જેથી વકીલ યુસુફ એસ.કરૂડે આરોપીને નોટીસ મોકલી માંગરોળ કોર્ટમાં તા.૧૬/૯/૨૦૨૩ના રોજ ફો.કે.નં. ૧૨૧૪/૨૦૨૩થી ફરિયાદ દાખલ કરી જરૂરી પૂરાવાઓ સાથે ધારદાર દલિલો કરેલ. જેને ધ્યાને લઈ માંગરોળ નામદાર જજ શ્રી રાઠોડ સાહેબે આરોપીને એક વર્ષની કેદની સજા તેમજ રૂા.૫૦૦૦નો દંડ અને રૂા.૬,૪૦,૬૦૦ વળતર પેટે ફરિયાદીને ચુકવી આપવાનો તા.૨૫/૨/૨૦૨૫ ના રોજ હુકમ કરેલ છે.

# વેરાવળ બંદર રોડ આંગણવાડી ખાતે રંગ ઉત્સવ ઉજવાયો



(પ્રતિનિધિ દ્વારા)
વેરાવળ, તા.૧૩

વેરાવળ બંદર રોડ એક લકી કોલોની જય સોમનાથ આંગણવાડી ઉપર શ્રી દ્વારકાધીશના હોળીકા રંગ ઉત્સવ આંગણવાડી જિલ્લો ગીર સોમનાથ જિલ્લાના આંગણવાડીના અધિકારીનું માર્ગદર્શન આજે જ્યાં હિંદુ-મુસલમાન સાથે એક અનોખો હોળી ઉત્સવ મનાવવામાં આવેલ નાના ફુલકાઓ થોડી રંગ ઉત્સવ રંગ હે રમી ગયા છે ત્યારે એક અનોખો ભાઈચારાનો ઉત્સવ જોવા મળે છે જેના સંચાલક આયોજન પ્રોગ્રામ ઓફિસર હીરાબેન વી.રાજશાખા સીડી પીઓ મકવાણા મંજુલાબેન સુપરવાઈઝર સોઢા મંજુલાબેન આંગણવાડી વર્કર બેન બારોટ પ્રજ્ઞાબેન વી. હોળી ઉત્સવ મનાવ્યો હતો જેમાં નાના બાળકોને ચોકલેટને બિસ્કીટ મમરા ધાણી દાળિયા ખજૂર આપવામાં આવેલ હતો.

# જૂનાગઢ જીલ્લા સંકલન તથા ફરિયાદ સમિતિની બેઠક તા.૧૫મી માર્ચે યોજાશે

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ જિલ્લા સંકલન તથા ફરિયાદ સમિતિની બેઠક તા.૧૫-૩- ૨૦૨૫ના રોજ સવારે ૧૧ કલાકે કલેકટર કચેરીના મુખ્ય સભાખંડ ખાતે યોજાશે.

મહત્વનું છે કે, જિલ્લા સંકલન તથા ફરિયાદ સમિતિની બેઠક દર માસના બીજા શનિવારે યોજવામાં આવે છે, પરંતુ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીના અનુસંધાને આદર્શ આચારસંહિતા અમલમાં હોવાથી જિલ્લા સંકલન તથા ફરિયાદ સમિતિની બેઠક મુલતવી રાખવામાં હતી. આમ, આદર્શ આચાર સંહિતા પૂર્ણ થયેલ હોવાથી રાબેતા મુજબ એટલે કે તા.૧૫-૩- ૨૦૨૫ના જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક મળશે. જેની તમામ સંબંધિતોએ નોંધ લેવી. તેમ નિવાસી અધિક કલેકટરશ્રીની એક યાદીમાં જણાવાયું છે.

# કોઈપણ રાજ્ય કે રાષ્ટ્રના વિકાસ માટે માર્ગો કરોડરજજુ સમાનઃ રાજ્ય મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા



ગાંધીનગર તા.૧૩
માર્ગ અને મકાન વિભાગની વર્ષ ૨૦૨૫-૨૬ની અંદાજપત્રીય માંગણીઓ અંગે વિધાનસભા ગૃહમાં મુખ્યમંત્રીશ્રી વતી રજૂ કરતાં રાજ્ય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતુ કે, કોઈ પણ રાજયના વિકાસમા કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ ખૂબ જ અગત્યનું હોય છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે વિકાસનો ચીલો ચાતર્યો છે તે દિશામાં ગુજરાત તેજ ગતિથી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આગળ વધી રહ્યુ છે. આ અંગે વિધાનસભા ગૃહ ખાતે અંદાજપત્રીય માંગણીઓ ઉપર ચર્ચા કરતાં મંત્રી શ્રી વિશ્વકર્માએ કહ્યું કે, મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં "વિઝન વિકસિત ગુજરાતનું, મિશન જનકલ્યાણનું" ની પ્રતિબદ્ધતા દર્શાવતું ગુજરાતનું અત્યાર સુધીનાં ઈતિહાસનું સૌથી મોટું બજેટ રજૂ કરાયું છે. મંત્રીશ્રીએ કહ્યું કે, કોઈપણ રાજ્ય કે રાષ્ટ્રના વિકાસ માટે માર્ગો કરોડરજજુ સમાન છે. જે અંતર્ગત માર્ગ અને મકાન વિભાગની માંગણીઓમાં ગત વર્ષની સરખામણીએ રૂા. ૨,૫૪૨ કરોડ એટલે કે ૧૧.૪૭ ટકા જેટલો વધારો કરી રૂા. ૨૪,૭૦૫ કરોડની માંગણીઓ મંજૂર કરવામાં આવી છે.

રાજ્યમાં માર્ગોના વ્યાપક નેટવર્ક અંગે વિગતો આપતાં મંત્રીશ્રીએ જણાવ્યું કે, રસ્તા બનાવવામાં ગુજરાત અન્ય રાજયોની સાપેક્ષમાં હંમેશા અગ્રેસર રહ્યું છે. ગુજરાતના ૯૯.૯૨ ટકા ગામડાઓ પાકા રસ્તાઓથી જોડાયેલા છે. છેલ્લા બે દાયકામાં રોડ નેટવર્ક માં ૨૪ ટકાનો વધારો થયો તેમજ આશરે ૬૦ ટકા રોડની કેપેસિટીમાં વધારો થયો. યુનેસ્કોમાં વર્લ્ડ હેરિટેજનું સન્માન મળેલા ધોળાવીરા સુધી પહોંચવા અને વિશ્વ પ્રસિદ્ધ ધોરડોના સફેદ રણ સુધી પહોંચવા માટે ૩૦ કિ.મી. લાંબા રોડ ટુ હેવન બનાવામાં આવ્યો છે. વિવિધ ક્ષેત્રે રાજ્યમાં થયેલા વિકાસ અંગેની માહિતી આપતાં મંત્રી શ્રી વિશ્વકર્માએ કહ્યું કે, આજે પીન થી લઈને પ્લેન સુધીનું મેન્યુફેક્ચરીંગ ગુજરાતમાં થઈ રહ્યુ છે. ટેક્ષટાઈલ હોય કે ફાર્મા, એન્જીનીયરીંગ ક્ષેત્ર હોય કે ડાયમંડ ગુજરાતના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લીધે વાઈબ્રન્ટ ગુજરાતની ભવ્ય સફળતાના આપણી સમક્ષ છે. વર્ષ ૨૦૨૪માં આયોજીત થયેલ વાઈબ્રન્ટ ગુજરાતમાં ૨૬.૩૩ લાખ કરોડના રૈં થયા છે. વિશ્વનો સૌથી મોટો ૩૦૦૦૦ મેગા વોટની ક્ષમતા ધરાવતો વિન્ડ સોલર હાઈબ્રીડ પાર્ક કચ્છમાં નિર્માણ પામ્યો છે. વર્ષ ૨૦૨૫-૨૬ બજેટમાં સૂચવવાએલી જોગવાઈઓ વિશે વાત કરતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પ્રથમ તબકકામાં કુલ ૧૧૧૦.૦૦ કિ.મી., ૫ એકસપ્રેસવેની કામગીરી માટે બજેટમાં રૂા.૫૨૦ કરોડની જોગવાઇ કરાઈ છે. જેમાં, વિકસીત ગુજરાતની દિશામાં આ વર્ષના બજેટનું મહત્વનું સોપાન એટલે નમો શકિત એકસપ્રેસ-વે છે. ગુજરાત બજેટની આ વર્ષની સોથી મોટી બાબતો વિશે જણાવતાં મંત્રીશ્રીએ કહ્યું હતું કે, ઉત્તર ગુજરાતનું સૌરાષ્ટ્ર સાથે જોડાણ કરવા માટે ડીસા-પીપાવાવ સુધીનો ૪૩૦ કિ.મી. લંબાઈના નમો શક્તિ એક્સપ્રેસ-વેને રૂ. ૩૬,૧૨૦ કરોડની અંદાજીત રકમથી વિકસાવાશે.

આ ઉપરાંત ગુજરાતના મહત્વના યાત્રાધામ સોમનાથ અને દ્વારકાને જોડતા ૬૮૦ કિ.મી. એક્સપ્રેસવેને રૂા. ૫૭,૧૨૦ કરોડની અંદાજી રકમથી એકસેસ-કંટ્રોલ એકસપ્રેસવે તરીકે વિકસાવવામાં આવશે. આ સૂચિત એક્સપ્રેસ-વે રાજયના ૯ જિલ્લાઓ અમદાવાદ, સુરેન્દ્રનગર, રાજકોટ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથમાંથી પસાર થશે અને રાજયની અંદાજે ૩૦ ટકા વસ્તીને તેનો લાભ થશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. વિકસિત ગુજરાતની વિભાવના આપતાં મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે, રોડ કનેકટીવીટીથી લઈને એર કનેકટીવીટીની સુવિધાઓ ગુજરાતના નાગરિકોને મળી રહી છે. તેમણે કહ્યું કે, હાઈસ્પીડ કોરીડોર પ્રોજેકટ અંતર્ગત ૧૧૫૫ કી.મી. લંબાઈના રસ્તાઓને રૂા.૧૦,૦૦૦ કરોડની રકમથી "ગરવી ગુજરાત હાઈસ્પીડ હાઈવે પ્રોજેકટ" તરીકે વિકસાવવા માટે પ્રથમ તબકકામાં ૧૨ રસ્તાઓનો વિકાસ કરાશે જેમાં નખત્રાણા-દયાપર-નારાયણ સરોવર, મેંદરડા-કેશોદ-માંગરોળ, કરજણ-ડભોઈ-બોડેલી, દહેગામ-બાયડ-લુણવાડા-સંતરામપુર-ઝાલોદ, અમદાવાદ-હરસોલ-ગાંભોઈ-વિજયનગર, સંતરોડ-દેવગઢ બારિયા-છોટા ઉદેપુરના રસ્તાઓ બનાવાશે.

શ્રી વિશ્વકર્માએ કહ્યું કે, ગુજરાતનો કોસ્ટલ હાઈવે ગુજરાતની સમૃધ્ધિ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટ્રાન્સપોર્ટ, તેમજ ટુરીઝમને વેગ આપે છે. રાજયમાં ૧૬૦૦ કી.મી.ના દરિયાકાંઠા પર આવેલ ગામો, માછીમારી પર નભતા કુટુંબો તથા દરિયાકિનારા પર આવેલ પ્રવાસન સ્થળોને સાંકળતો અગત્યનો કોસ્ટલ હાઈવ બનાવાયો છે. જેનાથી વેરાવળ, સોમનાથ, દ્વારકા, દાંડી, ડુમ્મસ, શિવરાજપુર બીચ પ્રવાસનને વેગ મળ્યો છે. રાજ્યમાં પ્રવાસન ક્ષેત્રે વેગ અંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે, છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાત વિદેશી પ્રવાસીઓની મુલાકાતમાં પણ અવ્વલ રહ્યુ છે. અત્યાર સુધીમાં વિશ્વના સૌથી મોટા સ્ટેચ્યુ ઓફ યુનિટીની ૫ કરોડથી વધુ લોકોએ મુલાકાત લીધી છે. વિદેશની ધરતી ઉપર જોવા મળતાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર આજે ગુજરાતની ધરતી ઉપર જોવા મળે છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૫૧ ઉપર બેટ-દ્વારકા ટાપુને દ્વારકા સાથે જોડવા માટે ભારતનો સૌથી લાંબો ૯૦૦ મીટરનો "સુદર્શન સેતુ કેબલ સ્ટેઈડ" બ્રીજ રૂ. ૯૭૮.૯૩ કરોડના ખર્ચે બનાવાયો છે તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું. રાજયમાં અત્યાર સુધીમાં કરવામાં આવેલા માર્ગોના વિકાસની વિગતો આપતા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજયના એક છેડે થી બીજા છેડે અંબાજી થી ઉમરગામ, ડાંગ થી કચ્છ, વલસાડ થી બનાસકાંઠા, એમ રાજયના ઉત્તર-દક્ષિણ અને પુર્વ-પશ્ચિમ ભાગને જોડતા પ્રગતિપથના નવ કોરીડોરને વધુ સલામત અને ઝડપી મુસાફરી થઈ શકે તે માટે ચાર માર્ગીયકરણના રૂા.૮૪૫.૯૫ કરોડની રકમના ૨૭૫.૭૯ કિ.મી. ના કામ પૂર્ણ કર્યા છે. આ જ પ્રકારે "મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના" અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪ સુધીમાં ૬૦૪૧૩ કિ.મી. ના ૨૪૯૩૬ કામો પુર્ણ કર્યા છે. જ્યારે વર્ષ ૨૦૨૪-૨૫ માં રૂા. ૪૭૦૭ કરોડની રકમના ૨૭૯૪ કામો મંજુર કરવામાં આવેલ છે. હાલની સ્થિતિએ રાજયમાં નેશનલ હાઈ વેની લંબાઈ ૭,૨૮૦ કી.મી. થાય છે. જે વર્ષ ૨૦૧૫ના સાપેક્ષમાં ૮૮ ટકાનો વધારો દર્શાવે છે. રાજયમાં કુલ ૪૯ બંદરો (પોર્ટ) આવેલા છે. દેશના કુલ કન્ટેનર હેન્ડલિંગના ૩૯ ટકા હેન્ડલિંગ ગુજરાતના પોર્ટ મારફત થાય છે.

### ટેસ્ટ ટીમમાં ઘણા યુવાનોને તક આપી શકે છે

# ચેમ્પિયન્સ ટ્રોફીમાં જીત બાદ ગૌતમ ગંભીર એક્શન મોડમાં

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૩
ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫નો ખિતાબ જીત્યા બાદ, ટીમ ઈન્ડિયાના તમામ ખેલાડીઓ હવે IPLની આગામી ૨૦૨૫ સીઝન માટે તૈયારીમાં વ્યસ્ત છે. જ્યારે બીજી તરફ ટીમ ઈન્ડિયાના હેડ કોચ ગૌતમ ગંભીર એકશન મોડમાં આવી ગયો છે. ગંભીરે IPL બાદ ઈંગ્લેન્ડમાં યોજાનારી પાંચ ટેસ્ટ મેચની સીરિઝ માટે એક મોટું પગલું ભરવાનું મન બનાવી લીધું છે. એક અહેવાલ પ્રમાણે ઈંગ્લેન્ડ પ્રવાસ પહેલા જ ગંભીર ઈન્ડિયા 'A' ટીમ સાથે ઈંગ્લેન્ડ જઈ શકે છે. જેમાં તે તમામ વિકલ્પો અજમાવવા માગે છે અને ટેસ્ટ ટીમમાં ઘણા યુવાનોને તક આપી શકે છે. ટીમ ઈન્ડિયાનો ઈંગ્લેન્ડ પ્રવાસ ૨૦ જૂનથી શરૂ થઈ રહ્યો છે. પરંતુ અહેવાલ મુજબ, હેડ કોચ ગંભીર તે પહેલાં ઈન્ડિયા 'A' ટીમ સાથે ઈંગ્લેન્ડ જવા રવાના થશે. જો ગંભીર ઈંગ્લેન્ડ જાય છે, તો આ પહેલીવાર હશે જ્યારે સિનિયર ટીમનો હેડ કોચ ઈન્ડિયા 'A' ટીમ સાથે પ્રવાસ પર જશે. BCCIના એક સૂત્રએ જણાવ્યું કે, ગંભીર આગામી બે વર્ષ માટે તમામ ફોર્મેટ માટે રોડમેપ તૈયાર કરી રહ્યો છે જે ૨૦૨૭ના વનડે વર્લ્ડ કપ સુધી ચાલુ રહેશે. આ તબક્કામાં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ અને ૨૦૨૬ T20 વર્લ્ડ કપ પણ સામેલ હશે. ઓસ્ટ્રેલિયાથી પરત ફર્યા બાદ ગંભીર BCC સાથે ચર્ચામાં છે. તેણે રિઝર્વ પૂલ વિશે સ્પષ્ટ જાણકારી મેળવવા માટે ઈન્ડિયા 'A' ટીમ સાથે ઈંગ્લેન્ડ જવાની ઈચ્છા વ્યક્ત કરી છે. ગંભીરે કેટલાક વાઈલ્ડ કાર્ડ ખેલાડીઓ રાખવાનો આગ્રહ રાખ્યા પછી ભારતે ચેમ્પિયન્સ ટ્રોફી જીતી હતી, તેથી આશા છે કે તે ભવિષ્યમાં આ પર વધુ ભાર મૂકશે. ટેસ્ટ ટીમ ઈન્ડિયાની વાત કરીએ તો ગૌતમ ગંભીર હવે ઈન્ડિયા 'A'ના ઈંગ્લેન્ડ પ્રવાસ પર રોહિત શર્માની જગ્યાએ એક મજબૂત ઓપનર શોધવા માગશે. જ્યારેમિડલ ઓર્ડરમાં પણ ટેસ્ટ ક્રિકેટમાં પણ એક સારા બેટ્સમેનની જરૂર હોય છે. અત્યાર સુધી અભિમન્યુ ઈશ્વરન અને સરફરાઝ ખાનને વધુ તકો નથી મળી. ગત ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન આ બંને ખેલાડીઓ બેન્ચ પર જ બેઠા રહ્યા હતા. પરંતુ હવે ગંભીર કેટલાક યુવા ખેલાડીઓને ટેસ્ટ ટીમમાં પણ સેટ કરવા માગે છે. જેમાં સાઈ સુદર્શન અને કરુણ નાયરના નામ પણ નજર આવી રહ્યા છે. આ ઉપરાંત જસપ્રીત બુમરાહની ફિટનેસની ચિંતાઓને કારણે તે ઈંગ્લેન્ડ પ્રવાસ માટે એક મજબૂત ફાસ્ટ બોલર પણ શોધવા માગે છે. જેથી મજબૂત બોલરોનો એક પૂલ તૈયાર કરી શકાય છે.

## RBIએ નવી નોટ બહાર પાડવાની કરી જાહેરાત

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૩
હોળી પહેલા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ ૧૦૦ અને ૨૦૦ રૂપિયાની નોટોને લઈને મોટી જાહેરાત કરી છે. RBIએ કહ્યું છે કે ટૂંક સમયમાં જ તે ૧૦૦ અને ૨૦૦ રૂપિયાની નવી નોટ બહાર પાડવા જઈ રહી છે. જોકે, આ નવી નોટોની ડિઝાઈનમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. આ નવી નોટો પર નવા નિયુક્ત ગવર્નર સંજય મલ્હોત્રાના હસ્તાક્ષર હશે. સેન્ટ્રલ બેન્ક અનુસાર, આ એક સામાન્ય પ્રક્રિયા છે. જે અંતર્ગત દરેક નવા ગવર્નરની નિમણૂક બાદ તેમના હસ્તાક્ષરવાળી નોટો જારી કરવામાં આવે છે. આરબીઆઈ સમયાંતરે વર્તમાન ગવર્નરના હસ્તાક્ષર સાથે નવી નોટ બહાર પાડે છે. નવા આરબીઆઈ ગવર્નરની નિમણૂક પછી નવી નોટો બહાર પાડવી એ નિયમિત પ્રક્રિયા છે.

# TET-TAT ઉમેદવારો રજૂઆત કરે તે પહેલા ગાંધીનગરમાં પોલીસે ડિટેઈન કરી લીધા

ગાંધીનગર તા.૧૩
રાજયના પાટનગર ખાતે TAT અને TET પાસ ઉમેદવારો દ્વારા ઊગ્ર રજૂઆત કરવામાં આવી હતી. વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે TAT અને TET પાસ ઉમેદવારો મોટી સંખ્યામાં પહોંચ્યા હતા અને સરકાર સમક્ષ ભરતી પ્રક્રિયામાં સંખ્યા વધારવાની માંગ કરી હતી. જો કે, ઉમેદવારો યોગ્ય રીતે રજૂઆત કરે તે પહેલા જ પોલીસ દ્વારા ઉમેદવારોને ડિટેઈન કરવામાં આવ્યા છે. વિધાનસભા બજેટ સત્ર ચાલી રહ્યું છે, ત્યારે ગાંધીનગર વિધાનસભા ફરતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી વિરોધ પ્રદર્શન કરવા આવતા લોકોને રોકવામાં આવે છે. ત્યારે બીજી બાજુ આજે વિધાનસભાથી થોડે દૂર વિદ્યા સમીક્ષા ભવન ખાતે ઉમેદવારો પહોંચી ગયા હતા. આ ઉમદેવારોએ ભવન આગળ સૂત્રોચાર કરી અને પોસ્ટર બતાવી પોતાની માંગણીઓ રજૂ કરી હતી. ઉમેદવારોએ જગ્યા વધારીને માંગ સાથે સૂત્રોચાર કર્યા હતા. જયાં પોલીસ દ્વારા તેમની અટકાયત કરવામાં આવી હતી. આ ઉમેદવારો માંગણી કરી રહ્યા છે કે તારીખ ૩૧ મે ૨૦૨૫ના રોજ ૩૩૭૪ શિક્ષકો નિવૃત્ત થશે અને ૨૧,૨૫૪ જેટલી જગ્યાઓ ખાલી પડશે, તો ૫,૦૦૦ જેટલી ઓછી ભરતી કેમ?

# ટેકાના ભાવે કપાસનું વેચાણ કરવા ઈચ્છુક ખેડૂતોએ આગામી તારીખ. ૧૫ માર્ચ સુધીમાં નોંધણી કરાવવી

ગાંધીનગર તા.૧૩
ખેડૂતોને દરેક પાકના પોષણક્ષણ ભાવ મળી રહે તે સુનિશ્ચિત કરવા માટે સરકાર દ્વારા હવે કપાસના પાકની પણ ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવી છે. ભારત સરકારના જાહેર સાહસ - ભારતીય કપાસ નિગમ લી. (CCI) દ્વારા આગામી સપ્ટેમ્બર-૨૦૨૫ સુધી કપાસની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. ભારત સરકારે કપાસ માટે રૂા. ૭,૪૭૧ ટેકાનો ભાવ જાહેર કર્યો છે. ટેકાના ભાવે કપાસનું વેચાણ કરવા ઈચ્છતા રાજ્યના ખેડૂતોએ આગામી તા. ૧૫ માર્ચ, ૨૦૨૫ સુધીમાં ખરીદ કેન્દ્રો ખાતેથી ભારતીય કપાસ નિગમના ઈ-માર્કેટ પોર્ટલ ઉપર નોંધણી કરાવવાની રહેશે. આ સમયમર્યાદામાં અરજી કરી હશે, તેવા ખેડૂતો પાસેથી જ કપાસની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. ભારતીય કપાસ નિગમ દ્વારા અમદાવાદ ઝોનના ખેડૂતો માટે બહાદરપુર, બાવળા, બોડેલી, ચાણસ્મા, ડભોઈ, દહેગામ, ધંધુકા, ધોળકા, હાંડોદ, હારીજ, હિંમતનગર, ઈડર, જાદર, કલેડીયા, કપડવંજ, કરજણ, કોસિન્દ્રા, કુકરમુંડા, માણસા, નસવાડી, નિઝર, પાલેજ, પાવીજેતપુર, સમલાયા, સાઠંબા, તલોદ, વડાલી, વાલિયા, વિજાપુર અને વિસનગર ખાતે ખરીદ કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે. તેવી જ રીતે, રાજકોટ ઝોનના ખેડૂતો માટે અમરેલી, બાબરા, બગસરા, રાજુલા, સાવરકુંડલા, દામનગર, ટીંબી, ખાંભા, ગારીયાધાર, મહુવા, પાલીતાણા, ઉમરાળા, તળાજા, બોટાદ, ઢસા, રાણપુર, ગઢડા, ભાણવડ, ઉના, ધ્રોલ, જામ-જોધપુર, જામનગર, કાલાવડ, માણાવદર, અંજાર, ભુજ, માંડવી, હળવદ, મોરબી, વાંકાનેર, પોરબંદર, ધોરાજી, ગોંડલ, જસદણ, જામકંડોરણા, જેતપુર, કોટડા-સાંગાણી, રાજકોટ, ઉપલેટા, ચોટીલા, ધ્રાંગધ્રા, લીંબડી, વઢવાણ અને લખતર ખાતે ખરીદ કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે. આ સંદર્ભે ખેડૂતોની સમસ્યા અથવા ફરિયાદ માટે વોટ્સએપ હેલ્પલાઈન નંબર- +૯૧ ૭૭૧૮૯૫૫૭૨૮ જાહેર કર્યો છે. ખેડૂતો આ નંબર પર મેસેજ મોકલીની સમસ્યા અથવા ફરિયાદ નોંધાવી શકે છે.

# તાપી જિલ્લામાં કેમ્પા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં ૮૫૫ હેક્ટરમાં રૂા. ૯.૯૧ કરોડના ખર્ચે રોપા વનીકરણની કામગીરી કરાઈઃ પર્યાવરણ મંત્રી

### કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ કમ્પોનન્ટ હેઠળ અત્યાર સુધી ગુજરાત સ્ટેટ કેમ્પાને કુલ રૂપિયા ૨૩૪૯.૧૨ કરોડ ટ્રાન્સફર કરાયા

ગાંધીનગર તા.૧૩
વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે વિધાનસભામાં પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપતા જણાવ્યું કે કેમ્પા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં કુલ ૮૫૫ હેક્ટરમાં રૂા. ૯.૯૧ કરોડના ખર્ચે રોપાઓના વનીકરણની કામગીરી કરવામાં આવી છે. અત્યાર સુધીમાં કેન્દ્ર સરકાર તરફથી ગુજરાત સ્ટેટ કેમ્પાને વિવિધ કમ્પોનન્ટ હેઠળ કુલ રૂા. ૨૩૪૯.૧૨ કરોડ ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. મંત્રીશ્રીએ વધુ વિગતો આપતા કહ્યું કે વર્ષ ૨૦૨૩-૨૪માં તાપી જિલ્લામાં રૂા. ૨.૧૧ કરોડના ખર્ચે ૧૯૦ હેક્ટરમાં ૧.૭૪ લાખ રોપાનું વનીકરણ કરવામાં આવ્યું હતું, જેમાંથી જીવંત રોપાની ટકાવારી ૮૯.૦૪ જેટલી છે. આ કામગીરી થકી ૨૭,૩૬૮ માનવદીન ઉત્પન્ન થયા છે. તેવી જ રીતે વર્ષ ૨૦૨૪-૨૫માં રૂા. ૭.૮૦ કરોડના ખર્ચે ૬૬૫ હેક્ટરમાં ૫.૭૭ લાખ રોપાનું વનીકરણ કરવામાં આવ્યું હતું, જેમાંથી જીવંત રોપાની ટકાવારી ૯૬.૩૮ જેટલી છે. આ કામગીરી થકી ૯૮,૩૭૨ માનવદિન ઉત્પન્ન થયા છે. વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ વિશે માહિતી આપતા મંત્રીશ્રીએ જણાવ્યું કે જંગલ જમીનના બિન જંગલ ઉપયોગ માટે કેન્દ્ર સરકારની પૂર્વ મંજુરી મેળવવાની રહે છે. આ મંજુરીની શરત મુજબ યુઝર એજન્સી પાસેથી વળતર વનીકરણ, સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ નેટ પ્રેઝન્ટ વેલ્યુ-એન.પી.વી., કેન્દ્ર સરકાર દ્વારા અમુક દરખાસ્તોમાં મૂકવામાં આવેલ અન્ય શરતો તેમજ અમુક દરખાસ્તોમાં વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ ના ભંગ બદલ દંડનીય જોગવાઈ મુજબની રકમ વસૂલ કરવામાં આવે છે, એમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું. મંત્રીશ્રીએ જણાવ્યું કે નેશનલ કેમ્પા તરફથી ગુજરાત સ્ટેટ કેમ્પાને અત્યાર સુધી વળતર વનીકરણ માટે રૂા. ૯૯૭.૨૪ કરોડ, કેચમેન્ટ એરીયા ટ્રીટમેન્ટ પ્લાન માટે રૂા. ૬.૭૨ કરોડ, વાઈલ્ડલાઈફ મેનેજમેન્ટ પ્લાન માટે રૂા. ૧૨.૭૯ કરોડ, નેટ પ્રેઝન્ટ વેલ્યુ માટે રૂા. ૧૧૯૧.૫૩ કરોડ, વ્યાજ પેટે રૂા. ૫૪.૬૪ કરોડ અને અન્ય રૂા. ૮૬.૨૦ કરોડ એમ કુલ રૂા. ૨૩૪૯.૧૨ કરોડ ટ્રાન્સફર કરવામાં આવ્યા છે.

# સ્વચ્છતા અભિયાન અંતર્ગત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી અને ધારાસભ્યોએ સાથે મળી સદસ્ય નિવાસમાં કરી સફાઈ

## વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પહેલ થી આજે દેશનો દરેક નાગરિક સ્વમાનભેર સ્વચ્છાગ્રહી બન્યો છે : અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી

ગાંધીનગર તા.૧૩
ધારાસભ્ય સદસ્ય નિવાસસ્થાન ગાંધીનગર ખાતેથી વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી અને ધારાસભ્યોએ સાથે મળી 'સ્વચ્છતા હી સેવા અભિયાન ૩.૦' શરૂ કર્યું. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વચ્છતા હી સેવાના મંત્રને સાર્થક કરતાં શ્રમદાન કરી સદસ્ય નિવાસ પરિસરની સ્વચ્છતા કરી હતી. જે બાદ સદસ્ય નિવાસમાં સફાઈ કામગીરી કરતી બહેનો સાથે સંવાદ કરી તેમની સાથે અલ્પાહાર કર્યો હતો. આ પ્રસંગે અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ મહાત્મા ગાંધીના સ્વચ્છ ભારત મિશનને સ્વચ્છતા અભિયાન સાથે જોડી દેશને સ્વચ્છ બનાવવા માટેની પહેલ કરી છે. તેમણે શરૂ કરેલા અભિયાન અંતર્ગત આજે દેશના દરેક જાહેર સ્થળોએ સ્વચ્છતા જોઈ શકાય છે.

દેશનો દરેક નાગરિક આજે સ્વમાનભેર સ્વચ્છાગ્રહી બન્યો છે. જે અભિયાનના ભાગરૂપે ગાંધીનગર ખાતે સદસ્ય નિવાસમાં સાથી ધારાસભ્યો સાથે મળી સ્વચ્છતા અભિયાન હાથ ધર્યુ હતું. સ્વચ્છતા સ્વભાવ બને, સ્વચ્છતા જીવનશૈલી બને તે માટે દેશ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસો સફળ થયા છે. જેને આગળ ધપાવવા તેમજ સ્વચ્છ રાષ્ટ્રના નિર્માણ માટેની આ સહિયારી પહેલ છે. તેમ તેઓશ્રીએ જણાવેલ હતું વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ ધારાસભ્ય નિવાસ સ્થાન ખાતે અન્ય ધારાસભ્યોશ્રીઓ સાથે મળીને સફાઈ અભિયાનમાં જોડાયા હતા. અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ સફાઈ કર્મચારીઓ સાથે સંવાદ કરી તેમની સાથે અલ્પાહાર કર્યો હતો. સદસ્ય નિવાસની સફાઈની કામગીરી કરનાર મહિલા સફાઈ કર્મચારીઓના કામને બિરદાવ્યું હતું.

# બ્રિટનમાં મોટો દરિયાઈ અકસ્માત : ઓઈલ ટેન્કર અને કાર્ગો જહાજ વચ્ચે અથડામણ બાદ આગ

### સમગ્ર ઘટનામાં લગભગ ૩૨ જેટલાં લોકોને સુરક્ષિત કિનારા સુધી લાવવામાં આવ્યા

(એજન્સી) તા.૧૩
બ્રિટનના દરિયાઈ વિસ્તારમાં ઓઈલ ટેક્રર અને કાર્ગો શિપ વચ્ચે અથડામણ બાદ આગ લાગી હતી. ઈમરજન્સી રિસ્પોન્સની ટીમે જણાવ્યું હતું કે, 'સમગ્ર ઘટનામાં લગભગ ૩૨ જેટલાં લોકોને સુરક્ષિત કિનારા સુધી લાવવામાં આવ્યા છે. તેમાંથી કેટલાકની સ્થિતિ હજુ સ્પષ્ટ થઈ નથી. જો કે, હજુ જાણવા મળ્યું નથી કે બંને શિપ વચ્ચે અથડામણ કેવી રીતે થઈ.' ગ્રિમ્સબી ઈસ્ટ પોર્ટના ચીફ એક્ઝિક્યુટિવ માર્ટિન બોયર્સે જણાવ્યું હતું કે વિન્ડકેટ-૩૩ જહાજ ઉપર ૧૩ ઘાયલ લોકોને લાવવામાં આવ્યા, ત્યારબાદ બંદર પાઈલટ બોટ દ્વારા અન્ય ૧૯ લોકોને બચાવી લેવામાં આવ્યા. યુએસ-ધ્વજવાળા ઓઈલ ટેક્રરની ઓળખ એમવી સ્ટેના તરીકે થઈ છે, જે રસાયણો અને તેલ ઉત્પાદનોથી ભરેલું હતું. કાર્ગો જહાજ પર પોર્ટુગીઝ ધ્વજ લહેરાતા જોવા મળ્યા. સ્ટેના બલ્કના સીઈઓ એરિક હેનેલે જણાવ્યું હતું કે જહાજના ૨૦ થી વધુ ક્રૂ સભ્યો સુરક્ષિત છે અને તેમને સુરક્ષિત રાખવામાં આવ્યા છે. તેમને કહ્યું કે અથડામણના કારણ વિશે કંઈ પણ કહેવું હજુ વહેલું ગણાશે.યુકે મેરીટાઈમ અને કોસ્ટગાર્ડ એજન્સી મુજબ ઘટનાસ્થળે ઘણી લાઈફબોટ અને કોસ્ટ ગાર્ડ રેસ્ક્યૂ હેલિકોપ્ટર મોકલવામાં આવ્યા છે. વધુમાં, નજીકના અનેક ફાયર બ્રિગેડ જહાજો અને કોસ્ટ ગાર્ડનું વિમાન હાજર હતું. રોયલ નેશનલ લાઈફબોટ ઈન્સ્ટિટ્યૂશનએ જણાવ્યું હતું કે "એવા અહેવાલો છે કે અથડામણ પછી કેટલાક લોકો જહાજ છોડીને ચાલ્યા ગયા હતા અને બંને જહાજોમાં આગ લાગી ગઈ છે." કોસ્ટ ગાર્ડ સાથે ત્રણ લાઈફબોટ ઘટનાસ્થળે બચાવ કામગીરી કરી રહી છે.સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયો ફૂટેજમાં જોઈ શકાય છે કે બંને જહાજોમાંથી કાળો ધુમાડો નીકળી રહ્યો છે. ગ્રીસથી રવાના થયા પછી એમવી સ્ટેના ઈમક્યુલેટ લંગર ઉપર હતું. આ દરમ્યાન પોર્ટુગીઝ ધ્વજવાળું કાર્ગો જહાજ સોલોંગ સ્કોટલેન્ડના ગ્રેન્જમાઉથથી નેધરલેન્ડ્સના રોટરડેમ તરફ જઈ રહ્યું હતું.

# ૨,૫૦૦ વર્ષ અગાઉ પ્રચલિત હતાં તેવા વિલુપ્ત થયેલા ૧૨૬ શાસ્ત્રીય રાગોના ગ્રંથ રાગોપનિષદ્‌નું લોકાર્પણ




(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા. ૧૩

મુંબઈમાં તાજેતરમાં પરમ પૂજ્ય ગચ્છાધિપતિ જૈનાચાર્ય શ્રી વિજયકલ્પતરુસૂરીશ્વરજી મહારાજાની પાવન છત્રછાયામાં, મહારાષ્ટ્રના મુખ્ય મંત્રી દેવેન્દ્ર ફડનવીસના શુભહસ્તે, શાસ્ત્રીય સંગીત આધારીત જૈન પ્રાચીન ભક્તિગીતોના મહાગ્રંથ 'રાગોપનિષદ્' અને તેના મ્યુઝિક આલબમનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંદેશો આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે ''ભારતમાં સદીઓથી સંગીતની આગવી પરંપરા રહી છે. શાસ્ત્રીય રાગ, સંગીતના જ્ઞાન અને કાવ્ય સર્જન દ્વારા ભકત કવિઓએ અવિસ્મરણીય પદ્ય સાહિત્યની રચના કરી છે. ગહન અભ્યાસ અને સંશોધનના આધારે સંપાદિત આ ગ્રંથ સૌ કોઈ સંગીતપ્રેમી માટે સંભારણું બની રહેશે.''

આ પ્રસંગે ગુજરાત રાજ્યના ગૃહ ખાતાના યુવાન રાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને મહારાષ્ટ્રના કેબિનેટ પ્રધાન મંગલપ્રભાત લોઢા અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

આ ગ્રંથમાં વિવિધ કવિઓની ૯૫૮ રચનાઓને સ્થાન આપવામાં આવ્યું છે. તેમાં પ્રાચીન હસ્તપ્રતોના આધારે લગભગ વિલુપ્ત થઈ ગયેલા ૧૨૬ શાસ્ત્રીય રાગો પણ ખોળી કાઢવામાં આવ્યા છે, જેમાંના કેટલાક રાગો તો આજથી ૨,૫૦૦ વર્ષ પહેલાં પ્રચલિત હતા. આ રાગમાલામાં વિવિધ રાગોના ૯૦ જેટલા રંગીન ચિત્રો પણ સામેલ કરવામાં આવ્યા છે. તદુપરાંત તેમાં પ્રાચીન કાળથી વપરાતા સંગીતનાં ૧૫૦ સાધનોનો સચિત્ર પરિચય અપાયો છે.

આ પ્રસંગે ઉપસ્થિત 'રાગોપનિષદ્'ના સંપાદક પરમ પૂજ્ય આચાર્ય વિજયતીર્થભદ્રસૂરીશ્વરજી મહારાજાએ મંગલાચરણ કરતાં ફરમાવ્યું હતું કે ''પરમાત્મા મહાવીર સ્વામી ભગવાન જ્યારે સમવસરણમાં બિરાજમાન થઈને માલકૌંસ રાગમાં દેશના દેતા હતા ત્યારે ત્યાં ઉપસ્થિત માનવોનાં પથ્થર જેવાં હૃદય પણ પીગળી જતાં અને તેમની આંખોમાંથી આંસુંની ધાર વહેવા લાગતી હતી, તેવી તાકાત રાગની અને સંગીતની છે.''

આચાર્ય ભગવંતે જણાવ્યું હતું કે ઈશ તત્ત્વની પ્રાપ્તિ માટે જ્ઞાન, ક્રિયા, ધ્યાન અને ભક્તિ જેવા અનેક યોગનું ધર્મશાસ્ત્રોમાં વર્ણન કરવામાં આવ્યું છે. આત્માના સત્, ચિત્ અને આનંદ સ્વરૂપને પ્રગટ કરવામાં શાસ્ત્રીય સંગીત અને ભક્તિયોગ અસરકારક ભૂમિકા ભજવે છે. આજના વિજ્ઞાને પણ પુરવાર કર્યું છે કે સંગીત દ્વારા કેન્સર જેવા ઘણા અસાધ્ય રોગોની સારવાર કરી શકાય છે. સંગીતની અસર માત્ર માનવોને જ નહીં પણ પશુપંખીઓ અને વનસ્પતિ ઉપર પણ થાય છે. અખિલ ભારતીય ગંધર્વ મહાવિદ્યાલય દ્વારા 'રાગોપનિષદ્' ગ્રંથનો સમાવેશ પાઠ્યક્રમમાં કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

અંતમાં આચાર્ય ભગવંતે જણાવ્યું કે ''પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાયશ્રી વિજયકલ્પતરુસૂરીશ્વરજી મહારાજા સાહેબના આશીર્વાદથી જ અમારૂં આ કાર્ય સફળ થયું છે.'' આ પ્રસંગે ૬ આચાર્ય ભગવંતો અને ૧૦૦ જેટલા પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની ઉપસ્થિતિ રહી હતી.

મહારાષ્ટ્રના મુખ્ય મંત્રી દેવેન્દ્ર ફડનવિસે 'રાગોપનિષદ્'નું લોકાર્પણ કરતાં કહ્યું હતું કે ''મારા માટે હર્ષની વાત છે કે મને એવા ગ્રંથનું અને મ્યુઝિક આલબમનું લોકાર્પણ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે કે જેમાં ભારતના સંગીત શાસ્ત્રમાં જે પ્રાચીન રાગો વિલુપ્ત થઈ ગયા હતા તેને પુનર્જીવિત કરવામાં આવ્યા છે. ભારતમાં શાસ્ત્રીય સંગીતનો જન્મ સામવેદથી થયો હતો. સામવેદની ઋચાઓ શાસ્ત્રીય રાગોમાં ઢાળી શકાય તેવી રીતે રચવામાં આવી હતી.'' રાગોપનિષદ્‌નું લોકાર્પણ કરવા માટે તાજેતરમાં યોજાયેલી સંગીત સંધ્યામાં ડો. ભરત બલવલ્લી ઉપરાંત પદ્મશ્રી ગાયિકા અશ્વિની ભીડે જોષી, પંડિત આનંદ ભાટે, પંડિત જયતીર્થ મેવુન્ડી, શ્રીમતી મંજુશ્રી પાટિલ અને અમિત પાધ્યે દ્વારા ઉપસ્થિત સંગીત પ્રેમીઓને ભક્તિરસમાં તરબોળ કરવામાં આવ્યા હતા.

# માખીયાળા ખાતે બેંક વર્કર યુનિયન દ્વારા માનસિક વિકલાંગ બાળકોને ભોજન કરાવાયું




જૂનાગઢ તા. ૧૩

જૂનાગઢ નજીક માખીયાળા ખાતે આવેલ માનસિક વિકલાંગ બાળાઓની સંસ્થા ખાતે ૮/૩/૨૦૨૫ને મહિલા દિવસ નિમિત્તે ચોખા ૬૦ કિલો, તુવેરદાળ ૩૦ કિલો, ખાંડ ૫૦ કિલો અને ગોળ ૫ કિલો, વિતરણ કરવામાં આવેલ હતું અને કોમરેડ મિત્રોના હાથેથી બાળકોને ભોજન કરાવવામાં આવેલ હતું. સંસ્થાના સંચાલક બંને બહેનો નીલમબેન અને રેખાબેન તરફથી ગુજરાત બેંક વર્કર યુનિયનનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ગુજરાત બેંક વર્કર જૂનાગઢ યુનિટ તરફથી દિલીપભાઈ ટીટિયા, સતીશ ગગલાણી, જીગ્નેશ ગાજીપરા અને અમી ખેરડીયા તથા અન્ય બેંક કર્મચારી મિત્રો હાજર રહ્યાં હતા.

## • રમઝાન મુબારક •




### રમઝાન સંદેશ-૮

**નૈતિક બગાડને નાથવા ઇસ્લામનું માર્ગદર્શન:**

ઈસ્લામ એક આવી જ વૈચારિક તેમજ વ્યવહારિક વ્યવસ્થા છે. તે વિશુદ્ધ આધ્યાત્મિક જીવન, ત્યાં સુધી કે ઈબાદતો (પૂજા-પાઠ)ને પણ નૈતિકતાથી જોડે છે. બલ્કે વધારે ખરી વાત તો આ છે કે ઈસ્લામની દ્રષ્ટીએ ઈશપ્રસન્નતાનો માર્ગ પણ નૈતિક મુલ્યોના નિષ્ઠાપૂર્ણ અનુસરણના માર્ગથી જ પસાર થાય છે. તે ચરિત્ર તેમજ આચરણને મોમિનના જીવનમાં કેન્દ્રિય સ્થાન આપે છે. તે સંસાર ત્યાગને બદલે સામાજિક જીવનનાં નિર્માણ અને સુધારણાને સત્ય-ધર્મ (ઈસ્લામ)નો ઉદ્દેશ્ય ઘોષિત કરે છે. તેણે ઈશદૂત હઝરત મુહમ્મદ (સ.અ.વ.)ના સદગુણો જે રીતે વર્ણવ્યા છે, તે ખુબ જ મહત્વપૂર્ણ છે. કુર્આનમાં કહેવામાં આવ્યું છે: ''અને નિઃશંક તમે નૈતિકતાના ઉચ્ચ દરજ્જા પર છો.'' (૬૮/૪) એક અન્ય જગ્યા એ કહેવામાં આવ્યું છે.: ''(હે પયગંબર!) આ અલ્લાહની મોટી કૃપા છે કે તમે આ લોકો માટે ઘણાં વિનમ્ર સ્વભાવના છો, નહીં તો જો તમે કઠોર સ્વભાવના અને પાષાણ-હૃદયી હોત તો આ સૌ તમારા પાસેથી વિખેરાઈ જતા. તેમની ભૂલો માફ કરી દો, તેમના માટે મગફિરત (ક્ષમા અને મુક્તિ)ની પ્રાર્થના કરો, અને દીન (ધર્મ)નાં કાર્યમાં તેમને પણ વિચાર વિમર્શમાં સામેલ રાખો, પછી જ્યારે કોઈ અભિપ્રાય ઉપર તમે દૃઢ નિશ્ચય કરી લો તો અલ્લાહ પર ભરોસો કરો, અલ્લાહને તે લોકો પસંદ છે જેઓ તેના જ ભરોસે કામ કરે છે.'' (૩/૧૫૯)

| | |
|---|---|
| રોઝા- | ૧૨ ગુરૂવાર |
| ઈફતાર - | ૭ : ૦૧ |
| રોઝા - | ૧૩ શુક્રવાર |
| શહેરી - | ૫ : ૩૯ |

આ આયતમાં સામાજિક નૈતિકતાને હઝરત મુહમ્મદ (સ.અ.વ.)ના ઈશદુતત્વના દરજ્જાની સાથે કેવી રીતે જોડવામાં આવ્યું છે, આ વિશેષ ધ્યાન આપવા યોગ્ય છે.

- ઈસ્લામ દર્શન કેન્દ્ર- જૂનાગઢ

# રાજ્યમાં છેલ્લાં બે વર્ષમાં મધ્યાહન ભોજન યોજના માટે રૂા.૨૨૧૯.૬૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો: શિક્ષણમંત્રી ડો. કુબેરભાઈ ડિંડોર

**મધ્યાહન ભોજનમાં લીલા શાકભાજીનો ઉપયોગ શરૂ કરાયો, કપાસિયા તેલના સ્થાને સીંગતેલનો ઉપયોગ કરવાનું પણ આયોજન: મંત્રી શ્રી ડિંડોર**

ગાંધીનગર તા. ૧૩

વિધાનસભા ગૃહ ખાતે રાજ્યમાં છેલ્લાં બે વર્ષમાં મધ્યાહન ભોજન યોજના માટે કરવામાં આવેલા ખર્ચ અંગેની વિગતો આપતાં શિક્ષણ મંત્રીશ્રી ડૉ. કુબબેરભાઈ ડિંડોરે જણાવ્યું કે તા.૧ ફેબ્રુઆરી, ૨૦૨૩થી તા.૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ સુધીમાં રૂા. ૧૧૪૬.૧૨ કરોડ અને તા.૧ ફેબ્રુઆરી, ૨૦૨૪થી તા.૩૧ જાન્યુઆરી, ૨૦૨૫ સુધીમાં રૂા. ૧૦૭૩.૫૬ કરોડ ખર્ચ કરવામાં આવ્યો છે.

જે અંતર્ગત, બાળકદીઠ ખર્ચની માહિતી આપતાં શિક્ષણમંત્રીશ્રીએ કહ્યું કે તા.૧ ફેબ્રુઆરી, ૨૦૨૩થી તા.૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ સુધીમાં (ઘઉં ચોખા) ઉપરાંત, બાલવાટિકાથી ધોરણ ૫ના બાળક માટે પ્રતિ માસ રૂા.૧૫૬.૭૮ અને ધોરણ ૬થી ૮ના બાળક માટે પ્રતિ માસ રૂ.૨૨૦.૨૨નો ખર્ચ કરવામાં આવ્યો છે. આ જ પ્રકારે, તા.૧ ફેબ્રુઆરી, ૨૦૨૪થી તા.૩૧ જાન્યુઆરી, ૨૦૨૫ સુધીના એક વર્ષમાં અનાજ (ઘઉં-ચોખા) ઉપરાંત, બાલવાટિકાથી ધોરણ ૫ના બાળક માટે પ્રતિમાસ રૂા.૧૯૧.૬૨ અને ધોરણ-૬ થી ૮ના બાળક માટે પ્રતિ માસ રૂા.૨૭૩નો ખર્ચ કરવામાં આવ્યો છે. મંત્રી શ્રી ડિંડોરે કહ્યું કે મધ્યાહન ભોજન માટેની મટિરિયલ કોસ્ટમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનો હિસ્સો અનુક્રમે ૬૦ ટકા અને ૪૦ ટકાનો હોય છે. આ ખર્ચમાં કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ વધારા મુજબ રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા તા. ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ના ઠરાવથી રાજ્ય સરકાર દ્વારા પણ મટિરિઅલ કોસ્ટમાં વધારો જાહેર કરવામાં આવ્યો છે.

જે મુજબ, નવા દર અનુસાર બાલવાટિકાથી ધોરણ ૫ સુધીના પ્રતિ વિદ્યાર્થી રૂા. ૬.૧૯ અને ધોરણ ૬થી ૮ના પ્રતિ વિદ્યાર્થી રૂા.૯.૨૯ દૈનિક મટિરિઅલ કોસ્ટ નિયત કરવામાં આવી છે. આ ઉપરાંત, રાજ્ય સરકાર દ્વારા વધારાનાં ખાધતેલ અને સુપોષિત ગુજરાત મિશન હેઠળ બાલવાટિકાથી ધોરણ ૫ માટે રૂા. ૨ અને ધોરણ ૬ થી ૮ માટે રૂા. ૨.૩૭ દૈનિક મટિરિઅલ કોસ્ટ નિયત કરવામાં આવેલ છે.

આમ, હાલ બાલવાટિકાથી ધોરણ ૫ સુધીના પ્રતિ વિદ્યાર્થી માટે કુલ રૂા. ૮.૧૯ અને ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીદીઠ કુલ રૂા. ૧૧.૬૬ દૈનિક મટિરિઅલ કોસ્ટ નિયત કરવામાં આવી છે. આ નવા દર મુજબ મધ્યાહન ભોજનમાં લીલા શાકભાજીનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે તેમજ કપાસિયા તેલના સ્થાને સીંગતેલનો ઉપયોગ કરવાનું આયોજન છે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

# ફૂલડોલ ઉત્સવને "ઝીરો વેસ્ટ" બનાવવાના સંકલ્પને ચરિતાર્થ કરવા જિલ્લા વહીવટી તંત્ર સાથે વિવિધ ઔદ્યોગિક એકમો ખડે પગે

**દ્વારકાના જીલ્લા કલેકટર રાજેશ તન્નાના માર્ગદર્શન હેઠળ વહીવટી તંત્ર અને ઔધોગિક એકમોના સંયુક્ત ઉપક્રમે સફાઈ અભિયાન કામગીરી પુરજોશમાં**





(પ્રતિનિધિ દ્વારા)

જામખંભાળીયા તા. ૧૩

યાત્રાધામ દ્વારકામાં દ્વારકાધીશ મંદિર ખાતે ફૂલડોલ ઉત્સવ ઉજવવા માટે શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બહોળી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પગપાળા ભગવાનશ્રી દ્વારકાધીશ સંગ હોળી મનાવવા માટે જઈ રહ્યા છે. ત્યારે રસ્તામાં સામાજિક સંસ્થાઓ, એન.જી.ઓ, જિલ્લા પોલીસ સહિતના દ્વારા વિવિધ સેવા કેમ્પો ઉભા કરવામાં આવ્યા હતાં.

પદયાત્રીઓને કોઈપણ પ્રકારની અગવડતા ન પડે તેની તકેદારી સૌ કોઈ દ્વારા લેવામાં આવી છે. ત્યારે જિલ્લા કલેકટર રાજેશ તન્નાના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર તેમજ વિવિધ ઔધોગિક એકમો ના સહયોગથી ફૂલડોલ ઉત્સવની પદયાત્રાને "ઝીરો વેસ્ટ"ના સંકલ્પ સાથે પૂર્ણ કરવા તેમજ રસ્તાઓ પર કોઈપણ પ્રકારનો કચરો ન રહે તે માટે ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે. પદયાત્રીઓને વિવિધ સેવાઓ સાથે સ્વચ્છ પર્યાવરણ મળે તેમજ પર્યાવરણનું સંરક્ષણ થાય તે માટે વિવિધ ઉદ્યોગો, નગરપાલિકા, ગ્રામ પંચાયતના સફાઈ કર્મચારીઓ સખત પરિશ્રમ કરી રહ્યા છે.

# સમાજના છેલ્લી હરોળના સર્વોદય અને ઉત્થાન માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ સતત પ્રયત્નશીલ: મંત્રી ભીખુસિંહજી પરમાર

**અનુસૂચિત જાતિ સહિતના પછાતવર્ગોનું ઘરના ઘરનું સપનું સાકાર કરવા મકાન સહાયમાં રૂા.૫૦,૦૦૦નો વધારો કરી, કુલ રૂા.૧૨૦ કરોડની જોગવાઈ સૂચિત કરાઈ**

ગાંધીનગર તા. ૧૩

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની વર્ષ ૨૦૨૫-૨૬ની અંદાજપત્રીય માંગણીઓ અંગે વિધાનસભા ગૃહમાં સામાજિક ન્યાય અને અધિકારિતા રાજ્યમંત્રી શ્રી ભીખુસિંહજી પરમારે જણાવ્યું હતું કે સમાજના છેલ્લી હરોળના સર્વોદય અને ઉત્થાન માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ સતત પ્રયત્નશીલ છે. દેશની એકતા, અખંડીતતા અને વિકાસ માટે સામાજિક સમરસતા સૌથી અગત્યની જરૂરિયાત છે તેમ તેમણે ઉમેર્યું હતું.

વિધાનસભા ગૃહ ખાતે અંદાજપત્રીય માંગણીઓ પર ચર્ચા કરતા મંત્રી શ્રી પરમારે જણાવ્યું હતું કે નાણાં મંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૫-૨૬ માટે રાજ્યનું કુલ રૂા. ૩ લાખ ૭૦ હજાર ૨૫૦ કરોડનું ઐતિહાસિક બજેટ રજૂ કર્યું છે. જેમાં અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ અને સમાજ સુરક્ષા તથા અનુસૂચિત જાતિ પેટા યોજના સહિત વિવિધ યોજનાઓ માટે કુલ રૂા. ૧૪,૧૦૨ કરોડ ૨૬ લાખની જોગવાઈ કરી છે. જે ગત વર્ષની સરખામણીએ રૂા. ૨૫૭૭ કરોડ ૭૮ લાખ જેટલી વધારે છે.

રાજ્ય સરકાર દરેક નાગરિકને ઘરનું ઘર આપવા માટે તત્પર છે, ત્યારે અનુસૂચિત જાતિ સહિતના પછાતવર્ગોનું સપનું સાકાર કરવા આગામી વર્ષથી આ વિભાગ હસ્તકની આવાસ યોજનાઓ હેઠળ આપવામાં આવતી મકાન સહાયમાં રૂા.૫૦,૦૦૦ નો વધારો કરી, રૂા.૧,૭૦,૦૦૦ ની મકાન સહાય આપવામાં આવશે. જેના માટે રૂા.૧૨૦ કરોડની જોગવાઈ સૂચિત કરવામાં આવી છે તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

રાજ્યમંત્રીશ્રીએ કહ્યું કે વિવિધ કલ્યાણકારી યોજનાઓ દ્વારા વંચિતોના, પિડિતોના, શોષિતોના, અનુસૂચિત જાતિઓના, વિચરતી અને વિમુકત જાતિઓના, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના, દિવ્યાંગજનોના, વિધવા બહેનોના સર્વાંગી વિકાસ માટે અમારી સરકાર પ્રયત્નશીલ છે.જે અંતર્ગત અંદાજપત્રમાં શૈક્ષણિક યોજનાઓ માટે અનુસૂચિત જાતિ કલ્યાણની રૂા.૬૨૪.૯૦ કરોડની અને વિકસતી જાતિ કલ્યાણ માટે અંદાજે રૂા.૧૬૧૨ કરોડની જોગવાઈ મળી કુલ રૂા. ૨૨૩૬.૯૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

મંત્રીશ્રી પરમારે જણાવ્યું હતું કે આર્થિક ઉત્કર્ષની યોજનાઓ માટે અનુસૂચિત જાતિ કલ્યાણની રૂા.૧૩૨.૦૮ કરોડની અને વિકસતી જાતિ કલ્યાણની રૂા.૭૪૨.૭૦ કરોડની મળી કુલ રૂા. ૮૭૪.૭૮ કરોડ, આરોગ્યો, વસવાટ અને અન્યં સામાજિક યોજનાઓ માટે અનુસૂચિત જાતિ કલ્યાણની રૂા.૨૩૩.૫૮ કરોડની અને વિકસતી જાતિ કલ્યાણની રૂા.૨૯૫.૭૫ કરોડની મળી કુલ રૂા.૫૨૯.૩૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. તદુપરાંત, વિચરતી-વિમુકત જાતિઓ માટે રૂા.૧૬૩.૫૯ કરોડની જ્યારે બિનઅનામત વર્ગો માટે રૂા. ૫૮૫.૨૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

કન્યા કેળવણી વિશે જણાવતાં મંત્રીશ્રીએ કહ્યું હતું કે, અમારી સરકારે હંમેશાં કન્યા કેળવણીને પ્રોત્સાહન આપ્યું છે. કન્યાઓ સારી રીતે ભણીને સ્વનિર્ભર થઈ શકે તે માટે આજે એક નહીં, પરંતુ જુનાગઢ, અમરેલી, અમદાવાદ યુનિટ-૨, સુરત યુનિટ-૨, રાજકોટ યુનિટ-૨, વડોદરા યુનિટ-૨, વલસાડ, પાલનપુર, અને દાહોદ એમ કુલ ૯ જિલ્લાઓમાં નવાં સમરસ કન્યા છાત્રાલયો બનાવવા આ બજેટમાં રૂ. ૩૪.૨૨ કરોડની જોગવાઈ કરી છે.

આ ઉપરાંત, સુરેન્દ્રનગર, બારડોલી, જુનાગઢ, અમરેલી, અમદાવાદ યુનિટ-૨, સુરત યુનિટ-૨, રાજકોટ યુનિટ-૨, વડોદરા યુનિટ-૨, વલસાડ, પાલનપુર અને દાહોદ એમ કુલ-૧૧ સમરસ કુમાર છાત્રાલય બાંધવા માટે રૂા.૪૮.૬૯ કરોડની જોગવાઈ કરાઈ છે. જ્યારે અનુસૂચિત જાતિ કલ્યાણ અને વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગની આદર્શ નિવાસી શાળાઓ અને સરકારી છાત્રાલયોમાં ઝઝ્ફ ઝદ્દ્દીદ્ધિ લગાવવા માટે રૂા.૨૭.૧૮ કરોડની જોગવાઈ કરાઈ છે તેમ તેમણે ઉમેર્યું હતું.

મંત્રીશ્રીએ જણાવ્યું કે સંત સૂરદાસ યોજનામાં દિવ્યાંગતાની ટકાવારી ૬૦ ટકા કરી લાભ આપવાની નવી બાબત માટે રૂા. ૯૯ કરોડની જોગવાઈ કરાઈ છે. વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે વિકસતી જાતિના અંદાજે ૫૫૦ અને અનુસૂચિત જાતિના અંદાજે ૬૦૦ વિધાર્થીઓને વિધાર્થીદીઠ રૂા.૧૫ લાખની લોન ૪ ટકાના વ્યાજદરે આપવા માટે બજેટમાં રૂા.૧૮૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

શ્રી પરમારે કહ્યું કે સમાજના દરેક વર્ગની જરૂરિયાત પ્રમાણે કલ્યાણકારી યોજનાઓનો અમલ કરી સર્વેનો ઉદય થાય તમામનું કલ્યાણ થાય તે દિશામાં અમારી સરકાર કામ કરી રહી છે. વિકસતી જાતિઓ માટેની પંડિત દીનદયાળ આવાસ યોજનામાં રૂા.૨૬૫ કરોડ તેમજ અનુસૂચિત જાતિઓ માટેની ડૉ.આંબેડકર આવાસ યોજનામાં રૂા.૧૨૭.૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે બૌદ્ધિક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ) વ્યક્તિને આર્થિક સહાય આપવાની યોજનામાં દિવ્યાંગતાની ટકાવારી ૫૦ ટકા કરી છે. આ યોજના અંતર્ગત ૭૫ હજાર મનોદિવ્યાંગોને લાભ આપવા માટે કુલ ૮૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

મંત્રીશ્રીએ જણાવ્યું કે દિવ્યાંગ લગ્ન સહાય યોજનામાં વર્ષ ૨૦૨૫-૨૬માં કુલ ૧૪૦૦ લાભાર્થીઓને સહાય માટે કુલ રૂા.૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. દિવ્યાંગોને એસ.ટી.માં મફત મુસાફરીની યોજનામાં કુલ ૪ લાખ ૫૦ હજાર લાભાર્થીઓ માટે કુલ રૂા.૭૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. વિધાનસભા ગૃહમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની વર્ષ ૨૦૨૫-૨૬ની રૂા.૧૪,૧૦૨.૨૬ કરોડની અંદાજપત્રીય માંગણીઓ મંજૂર કરવામાં આવી હતી.

# ખંભાળિયા નજીક ટ્રકની અડફેટે અજાણ્યો યુવાન ઈજાગ્રસ્ત

(પ્રતિનિધિ દ્વારા)

જામખંભાળીયા તા. ૧૩

ખંભાળિયા - જામનગર હાઈવે પર અત્રેથી આશરે ૧૭ કિલોમીટર દૂર દેવળિયા ગામ નજીક પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક આવી રહેલા એમ.પી. ૦૯ એચ.એચ. ૩૪૧૭ નંબરના એક ટ્રકના ચાલકે આ માર્ગ પર જઈ રહેલા એક આશરે ૩૦ વર્ષના એક અજાણ્યા યુવાનને અડફેટે લેતા તેને ફેકચર સહિતની ઈજાઓ સાથે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે સોઢા તરઘડી ગામના અનિરુદ્ધસિંહ જાડેજાની ફરિયાદ પરથી ખંભાળિયા પોલીસે ટ્રકના ચાલક ઈમરાનશાહ આલમશાહ સામે ગુનો નોંધી, જરૂરી કાર્યવાહી કરી હતી.

# જૂનાગઢમાં રઘુવંશી સમાજના સમુહ લગ્ન અને યજ્ઞોપવિત કાર્યક્રમ યોજાશે

જૂનાગઢ તા. ૧૩

જૂનાગઢ લોહાણા મહાજન તથા રઘુવંશી જ્ઞાતિ સંસ્થાઓના સહકારથી આગામી તા.૧૦ મેને શનીવારે ૪૩માં સમૂહલગ્ન યજ્ઞોપવિત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. રઘુવંશી પરિવારો માટે યોજાનાર કાર્યક્રમ તદ્દન નિઃશુલ્ક યોજવામાં આવશે. આ પ્રસંગમાં શાશ્વત બ્રાહ્મણ જ્ઞાતિના લોકો પણ જોડાઈ શકશે. સમૂહલગ્ન અને યજ્ઞોપવિતમાં ભાગ લેવા માટે ફોર્મ લોહાણા મહાજન વાડી ખાતેથી સવારે ૧૦થી૧ અને બપોરે ૪થી૮ વાગ્યા સુધીમાં મેળવી શકશે.અને કાર્યક્રમ અંગે વધુ માહિતી માટે ૦૨૮૫-૨૬૨૧૧૯૭ તથા પંકજભાઈ ભટેચા પંચહાટડી ચોક (મુકેશ સ્વીટ માર્ટ) ૯૯૦૯૪૬૨૦૪૧ નો સંપર્ક કરવા લોહાણા મહાજનના મહામંત્રી નંદલાલભાઈ ચોલેરાની યાદીમાં જણાવાયું છે.

# ઝુપડપટ્ટી વિસ્તારમાં રહેતા લોકો તથા બાળકો સાથે હોળી પર્વની ઉજવણી કરતું જૂનાગઢનું ગિરનારી ગ્રુપ



**વૈષ્ણવ જન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે લોલના સૂત્રને સાર્થક કરતું જૂનાગઢનું ગિરનારી ગ્રુપ : ડો. રવિ ઝાપડીયા(સ્ત્રી રોગ નિષ્ણાંત) GMERS મેડિકલ કોલેજ અને હોસ્પિટલ જૂનાગઢ**

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ ગિરનારી ગ્રુપના સમીર દત્તાણી તથા સંજય બુહેચાની સંયુક્ત અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, ગિરનારી ગ્રુપ દ્વારા ધુળેટી પર્વની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં આઝાદ ચોક, રેડક્રોસ ખાતે જૂનાગઢ શહેરમાં રહેતા હોય અને અતિ ગરીબ અને જરૂરિયાતમંદ ૪૦ જેટલા પરિવારોને ધાણી, દાળિયા, મમરા, ખજૂર સહિત ૧૫ જેટલી વસ્તુઓની કરિયાણાની કીટ તૈયાર કરીને આપવામાં આવેલ હતી. જેમાં જૂનાગઢના માજી ધારાસભ્ય મહેન્દ્રભાઈ મશરૂ, જલારામ ભક્તિ ધામના ટ્રસ્ટી પી. બી. ઉનડકટ સાહેબ, સર્વોદય બ્લડ બેંકના નવીનભાઈ આચાર્ય, કમલેશભાઈ પુરોહિત ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે નૌશાદભાઈ પઠાણે ઉપસ્થિત પરિવારજનોને રમઝાન માસ નિમિત્તે રૂપિયા ૫૦૦/- રોકડમાં આપેલ હતા. ગિરનારી ગ્રુપની કાર્ય સૂચિને મહેન્દ્રભાઈ મશરૂએ બિરદાવી હતી. શહેરની જુદી જુદી ઝુપડપટ્ટી વિસ્તારમાં રહેતા પરિવારજનોને તેમના બાળકોને પણ ધાણી, ધાળિયા, ખજૂર, પતાશા, પફ, આઈસ્ક્રીમ, મમરા, પિચકારી, કલર સહિતની વસ્તુઓનું વિતરણ કરવામાં આવેલ હતું. જ્યારે સમીરભાઈ દવે અને કિર્તીભાઈ પોપટ દ્વારા આ વિસ્તારના લોકો તથા બાળકોને હોલિકા પર્વનો મહિમા સમજાવીને ધુળેટી પર્વ કઈ રીતે અને કેવી રીતે આરોગ્યની સલામતી સાથે ઉજવણી કરવી તે અંગેનું માર્ગદર્શન પૂરૂ પાડીને સમૂહમાં તીલક હોળી રમવામાં આવી હતી. આ પ્રવૃત્તિઓમાં ગિરનારી ગ્રુપ ના સભ્યઓ યાત્રિકભાઈ ભટ્ટ, ભરતભાઈ સંપટ, અક્ષિતભાઈ કુબાવત, ચિરાગભાઈ કોરડે, કીરીટભાઈ તન્ના, શુભભાઈ વાઢીયા, દિલીપભાઈ દેવાણી, બીપીનભાઈ ઠકરાર, સુધીરભાઈ અઢિયા, મોહનભાઈ ચુડાસમા, મનોજભાઈ રાજપરા, ધવલભાઈ ચુડાસમા, સંદીપભાઈ, હિતેશભાઈ રાજપરા, સુધીરભાઈ રાજા, મનીષભાઈ રાજા, પરાગભાઈ ભુપ્તા, હાર્દિકભાઈ ઠકરાર, ગીરીશભાઈ પબારી, જીલુભાઈ ડાંગર, સંદીપભાઈ ધોરડે સહિતના લોકોએ પોતાની સેવાઓ આપેલ હતી. જૂનાગઢ જીએમઈઆરએસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ સ્ત્રી રોગ નિષ્ણાંત ડો. રવિ ઝાપડીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમ યાદીના અંતે જણાવેલ હતું.

# સોમનાથ ખાતે તા.૧૮ માર્ચથી ૨૧ માર્ચ દરમ્યાન બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલ યોજાશે

**બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલની તૈયારીઓની સમીક્ષા કરવા માટે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના અધિકારીઓ સાથે સંકલન બેઠક યોજાઈ : ૨૦૩૬માં યોજાનાર ઓલિમ્પિક સ્પર્ધાની પૂર્વ તૈયારી રૂપે સોમનાથ ખાતેથી સ્પોર્ટ્સ ઈવેન્ટની શરૂઆત ગીર સોમનાથ જિલ્લાથી થશે : જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા**




(પ્રતિનિધિ દ્વારા)

સોમનાથ તા.૧૩

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તક સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા તા.૧૮ માર્ચથી ૨૧ માર્ચ ૨૦૨૫ સુધી ગીર સોમનાથ જિલ્લાના સોમનાથ મંદિર પાસેના મારૂતિ બીચ ખાતે બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંદર્ભમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના અધિકારીઓ સાથે જિલ્લાકક્ષાનું યોગ્ય સંકલન જળવાય અને બીચ સ્પોર્ટ્સ ઈવેન્ટ સારી રીતે યોજાય તેની તૈયારીઓની સમીક્ષા કરવા માટે જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સચિવ ઈન્દ્રજીતસિંહ વાળાની ઉપસ્થિતિમાં પ્રાંત ઓફિસ ખાતે એક બેઠક યોજાઈ હતી. કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ નોડલ અધિકારીઓ વચ્ચે સંકલન થકી સંપૂર્ણ બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલ કાર્યક્રમનું સંકલન અને મોનિટરિંગ સુવ્યવસ્થિત થાય તે સુનિશ્ચિત કરવા સાથે ટ્રાન્સપોર્ટેશન, પાર્કિંગ વ્યવસ્થા, રસોઈ સ્થળ, પાણીના ટેક્ર્સ, આરોગ્ય વ્યવસ્થા સહિતની બાબતોની વિસ્તારથી ચર્ચા કરી અને પી.જી.વી.સી.એલ, માર્ગ અને મકાન વિભાગ, આરોગ્ય વિભાગ સહિત સંલગ્ન વિભાગના શીર્ષ અધિકારીઓને માર્ગદર્શિત કર્યા હતાં. ગીર સોમનાથના આંગણે બીચ સ્પોર્ટ્સ યોજાવાનો છે ત્યારે જિલ્લા તરફથી સુનિયોજીત વ્યવસ્થા જળવાય તે માટેની કાળજી અને દરકાર લેવા માટે કલેક્ટરએ અધિકારીઓને ઉપયોગી સૂચનો કર્યા હતાં. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સચિવ ઈન્દ્રજિતસિંહ વાળા અને જિલ્લા રમત વિકાસ અધિકારી કાનજી ભાલીયાએ બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલના આયોજન અંગે રૂપરેખા આપી એથ્લીટ્સ માટેની ટ્રાન્સપોર્ટેશન, રહેઠાંણ સહિતની કાર્યક્રમને લગતી આનુષાંગિક વ્યવસ્થાઓ વિશે ઉપસ્થિત સર્વેને અવગત કર્યા હતાં. ઉલ્લેખનીય છે કે, બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલની બીચ હેન્ડબોલની ૮૪ ટીમ અને બીચ વોલીબોલની ૨૦૫ ટીમ મળી કુલ ૧૮૦૦ જેટલા ખેલાડીઓ ભાગ લઈ અને પોતાનું રમત કૌશલ્ય દાખવશે.

# યાત્રાધામ દ્વારકામાં કાળિયા ઠાકોર સંગ રંગ રંગાવા ફુલડોલ ઉત્સવમાં પદયાત્રીકોનું આગમન

**દર્શનાથીઓથી છલકાયું દ્વારકાધીશ જગત મંદિર : આજે સૌ પ્રથમ ગોમતી નદીના કાઠે હોળી પ્રાગટ્ય થશે : ત્યાથી અગ્નિદેવ લઈ જઈ અન્યત્ર પ્રગટાવાશે હોળી : જગત મંદિર પરિસરમાં ડીજેના તાલે દ્વારકાધીશજીના ભજનો સાથે હજારો ભાવિકો રાસ રમ્યા**



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૩

યાત્રાધામ દ્વારકામાં હોળી-ધૂળેટી પર્વની ઉજવણીનું અનેરૂ મહાત્મ્ય છે. આજે તા.૧૩ના પરંપરાગત રીતે હોળી પ્રાગટ્ય થશે. ગોમતી ઘાટ પાસે સાંજે સૌ પ્રથમ હોલિકા પ્રાગટ્ય થશે. ત્યારબાદ ત્યાંથી અગ્નિદેવને લઈ જઈ તેના થકી અન્ય સ્થળોએ હોલિકા પ્રાગટય થશે. ફાગણી પુનમના દિવસે પવિત્ર ગોમતી નદીમાં સ્નાનનું કરવાનું વિશેષ મહત્વ હોવાથી હજારો ભાવિકો ગોમતી સ્નાનનો લાભ લેશે. જયારે તા. ૧૪ ના શુક્રવારે દ્વારકાધીશજી મંદિરે ભાવભેર ફુલડોલ ઉત્સવ ઉજવાશે શ્રીજી સંગે રંગે રંગાવા તથા ફુલડોલ ઉત્સવ ઉજવવા ભાવિકો, પદયાત્રીઓનો પ્રવાહ દ્વારકામાં અવિરત રીતે આવી રહ્યો છે. હાલ જગત મંદિરમાં દર્શનાર્થે ભાવિકોની ભીડ ઉમટી રહી છે. ફાગણ સુદ પુનમના ગોમતી નદીમાં સ્નાન કર્યા બાદ જ શ્રીજીના દર્શનનો વિશેષ મહિમા હોઈ હજારો ભાવિકો ગોમતી નદીમાં સ્નાન કરી પુણ્યનું ભાથું બાંધશે. દ્વારકામાં પ્રથમ ગોમતી ઘાટ ખાતે સાંજે હોલીકા પ્રાગટય થશે. ત્યારબાદ ત્યાંથી અગ્નિદેવને લઈ જઈ તેના થકી મંદિર ચોક હોળી ચોક માર્કેટ ચોક તથા અન્ય સ્થળોએ હોલીકાનું પ્રાગટય થશે. દ્વારકામાં ફુલડોલ ઉત્સવ ઉજવવાનું અનેરું મહાત્મ્ય હોઈ હાલ મોટી સંખ્યામાં ભાવિકો દ્વારકા પહોચ્વા આવી રહ્યા છે. સંખ્યાબંધ ભાવિકોએ ગોમતી સ્નાન કર્યુ હતું. જગત મંદિર પરિસરમાં ડીજેના તાલે દ્વારકાધીશજીના ભજનો સાથે હજારો ભાવિકો રાસ રમ્યા હતા.

# આગામી તા.૧૭ માર્ચથી વેસ્ટર્ન રેલ્વે મઝદુર સંઘ દ્વારા વિવિધ પ્રશ્ને વિરોધ સપ્તાહ મનાવવામાં આવશે

**ભાવનગર ડીવીઝનના અલગ અલગ સ્ટેશનો પર ધરણા-રેલી, પ્રદર્શનો સહિતના કાર્યક્રમો યોજાશે**

જૂનાગઢ તા. ૧૩

આગામી તા. ૧૭-૩-૨૦૨૫ થી ૨૧-૩-૨૦૨૫ના રોજ વેસ્ટર્ન રેલ્વે મઝદુર સંઘ દ્વારા વિરોધ સપ્તાહ મનાવવામાં આવશે. આ વિરોધ સપ્તાહનો નિર્ણય એકતાનગર ખાતે તા. ૪/૫-૩-૨૦૨૫ના રોજ મળેલ સેન્ટ્રલ વર્કીંગ કમીટીની મીટીંગમાં નિર્ણય લેવામાં આવેલ છે. આ વિરોધ સપ્તાહ દરમ્યાન ભાવનગર ડીવીઝનનાં અલગ અલગ સ્ટેશનો પર ધરણા, રેલી, પ્રદર્શનો તેમજ ઓપન ગેટ મીટીંગો યોજવામાં આવશે અને ડીવીઝનલ હોદેદારો બ્રાંચનાં હોદેદારો તેમજ રેલકર્મીઓ આ વિરોધ સપ્તાહમાં ભાગ લેશે અને વિરોધ પ્રદર્શીત કરશે.

વિશેષમાં વિરોધ સપ્તાહમાં સરકારશ્રી દ્વારા ૧-૪-૨૦૨૫ના જે કર્મચારીઓ માટે યુનીફાઈડ પેન્શન સ્કીમ આપેલ છે તેમાં ઘણા પ્રકારની ખામીઓ છે જે દુર કરવામાં આવે તેમાં સર્જન જે બેન કરેલ તે દુર કરવું અને નવી પોસ્ટોનું સઝન કરવું, વર્કીંગ પોસ્ટો (જીવીત)નું સરન્ડરીંગ ન કરવું., યાર્ડસ્ટીક પ્રમાણે મેન પાવર રાખવો, લેવલનાં ગેંગમેનોના પેન્ડીંગ ઈસ્યુ નેગોશીએશન દ્વારા ફાઈનલ કરવા, ૭૦ ટકા કીલોમીટર એલાઉન્સ ઈન્કમટેક્ષમાંથી બાદ આપવા અન્ય ભથ્થાઓની માફક વધારો કરવો, ૧૧-૧-૨૦ થી ૩૦-૬-૨૧ સુધી જે ડીએ ફ્રીજ કરેલ છે તે રીલીઝ કરવા, કોમ્પ્યુરેશન પીરીયડ ૧૫ વર્ષ છે તે ૧૧ વર્ષ કરવા, આઉટ સોર્સીંગ દુર કરવું, એક્ચ્યુલ વેતન પર બોનસ આપવું, હાલમાં જે ૧૨ કલાકની ડયુટી લેવામાં આવે તે ૮ કલાક કરી આપવા, ગેંગમેનોને ૫૨૦૦ ગ્રેડ પે (લેવલ-૬) આપવા, દરેક કેટેગરીમાં ૪૬૦૦ - ૪૮૦૦ આપવા અને ૫૪૦૦ ગ્રેડ-પેને સુપરવાઈઝરી ઓફીસીયલ આપવા, ગ્રુપ-સી અને ગ્રુપ-બી અપગ્રેડેશન કરવા, આ તમામ બાબતોને ધ્યાન પર લઈ તા. ૧૭-૩-૨૫ થી ૨૧-૩-૨૫નાં રોજ વિરોધ સપ્તાહ મનાવવામાં આવશે અને સરકારશ્રીને અવગત કરાવવામાં આવશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# ગીર-સોમનાથ જિલ્લામાં તુવેર ખરીદીમાં વિઘે માત્ર ૯.૨૫ મણની મર્યાદા હોવાથી ખેડુતો મુશ્કેલીમાં



**તુવેર ખરીદીમાં મર્યાદા વધારવા અંગે કૃષિ મંત્રીને પત્ર લખીને ભારતીય કિસાન સંઘે માંગ કરી**

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૧૩

તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા તુવેર દાળની ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવી છે. પરંતુ હાલમાં એક વિઘે માત્ર ૯.૨૫ મણની મર્યાદા રાખવામાં આવી છે. આ મર્યાદાને કારણે નાના ખેડૂતો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. જેને લઈ ખેડૂતોમાં નારાજગી પ્રવર્તી રહી હોવાથી ભારતીય કિસાન સંઘએ કૃષિ મંત્રીને લેખિત રજુઆત કરી સમસીયા ઉકેલવા માંગ કરી છે. ભારતીય કિસાન સંઘના તાલાલા તાલુકા પ્રમુખ પ્રવીણ છોડવડીયાએ જણાવ્યું કે, આ વર્ષે તુવેરનો ઉતારો ૧૮થી ૨૦ મણ જેટલો આવ્યો છે. ખુલ્લા બજારમાં વેપારીઓ તરફથી પૂરતા પોષણક્ષમ ભાવ મળતા નથી. સરકારની ટેકાના ભાવે ખરીદી બાદ વધતો જથ્થો ખેડૂતોએ વેપારીઓને ઓછા ભાવે વેચવો પડે છે. આ સમસ્યાના નિરાકરણ માટે ભારતીય કિસાન સંઘે રાજ્યના મુખ્યમંત્રી અને કૃષિમંત્રીને પત્ર પાઠવ્યો છે. સંઘે માંગ કરી છે કે સરકાર વર્તમાન મર્યાદા વધારીને ૧૫થી ૨૦ મણ સુધી કરે. આ વધારાથી ખાસ કરીને ૫થી ૧૦ વિઘા જમીન ધરાવતા નાના ખેડૂતોને મોટો લાભ થશે.

# ચોરવાડમાં મીટર લગાવવા બાબતે પીજીવીસીએલના કર્મચારી પર હુમલો : ફરજમાં રૂકાવટની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

ચોરવાડમાં મીટર લગાવવા બાબતે પીજીવીસીએલના કર્મચારી પર હુમલો કરી સરકારી મિલ્કતને નુકશાની કરી ફરજમાં રૂકાવટ કર્યાની ફરીયાદ ચોરવાડ પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ચોરવાડ પોલીસ મથકે મનસુખભાઈ પીઠાભાઈ પરમારે રણજીતભાઈ લખમણભાઈ ડાભી વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, અરજદાર ભરતભાઈ જીણાભાઈ ડાભીની નવા મીટરની માંગણીના આધારે ફરીયાદી પીજીવીસીએલ કંપનીના કર્મચારી હોય મીટર લગાવવા જતા મકાન માલીક અને અરજદાર અલગ અલગ હોવાની કંપનીના નીયમ મુજબ મીટર લગાવી શકાયેલ ન હોય જે બાબતનું મનદુઃખ રાખી આરોપી રણજીતભાઈએ પીજીવીસીએલ કચેરીએ આવી ફરીયાદીને કહેલ મીટર કેમ લગાવતા નથી તેમ કહી ગાળાગાળી કરી ઢીકાપાટુનો મારમારી, જાનથી મારી નાખવાની ધમકી આપી સરકારી મિલ્કતને નુકશાન કરી ફરજમાં રૂકાવટ કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કલેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને અલગ અલગ અગત્યના સ્પેશિયલ પ્રોજેક્ટ બેઠક યોજાઈ




(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૩

કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને સ્પેશિયલ પ્રોજેકટ અંગેની બેઠક યોજાઈ હતી. જેમાં અલગ અલગ અગત્યના પ્રોજેકટની ચર્ચા કરવામાં આવી હતી. જે પૈકી ઘંટેશ્વર પરાપીપળીયા એઈમ્સ જવાના રસ્તે લોકોને અગવડતા ન પડે તે માટે સરકાર દ્વારા રૂા.૪૦.૦૦ કરોડના ખર્ચે બ્રિજ બનાવવાનું કામ મંજુર કરવામાં આવ્યું હતું, તેની સમીક્ષા કરવામાં આવી હતી. કલેકટરએ મહુવા, સાવરકુંડલા, બગસરા, વડિયા, જેતપુર ધોરીમાર્ગ, ઉપલેટા-કોલકી-મોટી પાનેલી બાયપાસ, ધોરાજી-જામકંડોરણા-કાલાવડ હાઈ-વે, રાજકોટ શહેરમાં જામનગર રોડ પર હયાત સાંઢિયા પુલના ડિસમેન્ટલની કામગીરી, પ્રાંત અધિકારી અને મામલતદારના ક્વાર્ટર્સ તથા તાલુકા મથકે સ્પોર્ટ્સ ગ્રાઉન્ડની ચર્ચા કરવામાં આવી હતી.

### અવસાન નોંધ

જૂનાગઢ : શ્રી સોરઠીય શ્રીગૌડ માળવીય બ્રાહ્મણ, મૂળ ચરેલીયા હાલ જૂનાગઢ નિવાસી સ્વ.મનસુખલાલ નાનાલાલ દવેના સુપુત્ર લલિતભાઈ મનસુખલાલ દવે(ઉં.વ.૭૨) રસીલાબેન ના ધર્મચારી તે ઉપેન્દ્રભાઈ, સુરેશભાઈ તથા કિરીટભાઈના મોટાભાઈ, રાજેશભાઈ, વિભાબેન ભાવિનભાઈ જોશીના પિતાશ્રી.સ્વ વિનોદરાય ડી .ભટ્ટ કાલસારી ના ભાણેજ તથા સોંદરડા નિવાસી સ્વ.શ્રી હરસુખલાલ મોતીલાલ દવે જમાઈનું તા.૧૧-૩-૨૦૨૫ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેમનું ઉઠવણું તેમજ સંયુક્ત સાદડી સ્વસુરપક્ષ તથા મોસાળ પક્ષની તારીખ ૧૫-૩-૨૫ને શનિવારના રોજ સાંજે ૪ થી ૬ સત્સંગ હોલ ભુતનાથ મહાદેવ મંદિર, જૂનાગઢ ખાતે રાખેલ છે.

# શ્રી કષ્ટભંજનદેવ જરદોશીના વર્કવાળા વાઘા, સેવંતિના ફુલો અને રંગબેરંગી કાપડનો દિવ્ય શણગાર તથા અન્નકૂટ ધરાવાયો

(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૧૩

સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તારીખ ૧૩-૦૩-૨૦૨૫ને ગુરૂવારના રોજ સાળંગપુરમાં રંગોત્સવની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. તે અંતર્ગત દાદાને વિશેષ શણગાર અને ભોગ ધરાવવામાં આવી રહ્યા છે. આજે શ્રીકષ્ટભંજનદેવ દાદાને જરદોશીના વર્કવાળા વાઘા, સેવંતિના ફુલો અને રંગબેરંગી કાપડનો દિવ્ય શણગાર તથા ખજુર, ધાણી, સુખડીનો અન્નકૂટ ધરાવાયો હતો. સવારે ૫:૪૫ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. રંગોત્સવ નિમિતે શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરને રંગબેરંગી કાપડ-ફુલો દ્વારા શુશોભનકરવામાં આવ્યું છે. આજે કરાયેલા શણગાર વિશે પૂજારી સ્વામીએ જણાવ્યું કે, આજે હનુમાનજી દાદાને વૃંદાવનમાં ૨૦ દિવસની મહેનતે બનેલા પ્યોર સિલ્કના જરદોશીવર્કવાળા વાઘા પહેરાવ્યા છે. આ સાથે ખજુર, ધાણી અને સુખડી ૧૦૦-૧૦૦ કિલોનો અન્નકુટ ધરાવાયો છે. આજે અનેક હરિભકતોએ દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.




ગુજરાત સરકાર

નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

જાહેર નિવિદા નં. ૬ સને ૨૦૨૩-૨૪

નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, સિંચાઇ યોજના પેટા વિભાગ નં. ૭/૪, રેલ્વે સ્ટેશનની બાજુમાં બીલખા પીન નં.૩૬૨૧૧૦ (ફોન નં.૦૨૮૫-૨૬૮૩૧૪૯) તરફથી મોટા ગુજરીયા ઇરીગેશન સ્કીમ. પ્રોવાઇડીંગ લેબર સર્વિસ એટ મોટા ગુજરીયા ઇરી.સ્કીમ ફોર ધ પીરીયડ માર્ચ ટુ જુન ઓફ ધ યર ૨૦૨૫-૨૬નું ટેન્ડર માન્ય યાદીની "ગ" (સી) શ્રેણીમાં નોંધાયેલ ભેસાણ તાલુકાની મ.સ. મંડળીઓ પાસેથી માંગવામાં આવે છે. જો તાલુકાની મ.સ. મંડળીઓની માંગણી નહિં આવે તો જીલ્લાની મ.સ. મંડળીઓને ટેન્ડર આપવામાં આવશે અને જો તાલુકા અને જીલ્લાની મ.સ.મંડળીઓની માગણી નહિં આવે તો "ઇ-૨" અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ ઠેકેદારશ્રીઓને ન્યુઝ પેપરમાં પ્રસિધ્ધ થયેથી ટેન્ડર આપવામાં આવશે. કામની અંદાજીત રકમ રૂ.૧૭૧૦૨૮.૦૦.

ભેસાણ તાલુકાની "ગ"(સી) વર્ગની મ.સ.મં.માટે ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૧૮/૦૩/૨૦૨૫ ના ૧૮-૦૦ કલાક સુધી અને ટેન્ડર પરત કરવાની છેલ્લી તારીખ ૨૪/૦૩/૨૦૨૫ ના ૧૬-૦૦ કલાક સુધી

જુનાગઢ જીલ્લાની "ગ" (સી) વર્ગની મ.સ. મંડળીઓ માટે ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૨૫/૦૩/૨૦૨૫ના ૧૮-૦૦ કલાક સુધી અને ટેન્ડર પરત કરવાની છેલ્લી તારીખ ૦૪/૦૪/૨૦૨૫ના ૧૬-૦૦ કલાક સુધી

ઠેકેદારશ્રીઓ માટે ઇ-૨ અને ઉપર માટે ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૦૫/૦૪/૨૦૨૫ ના ૧૮-૦૦ કલાક સુધી અને ટેન્ડર પરત કરવાની છેલ્લી તારીખ ૧૧/૦૪/૨૦૨૫ ના ૧૬.૦૦ કલાક સુધી.

વિગતો માહીતી ખાતાની વેબસાઇટ www.statetenders.gujarat.gov.in નામની વેબસાઇટ જોવા તથા ઉકત કચેરીનો સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/જૂના/૯૮૯/૨૦૨૫

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં આજે હોલીકા દહન, કાલે ધુળેટી






## ગિરનાર ઉપર બિરાજતા અંબાજી માતાજીના મંદિર ખાતે હોળીનું પ્રાગટય થયા બાદ શહેર અને જીલ્લામાં ઠેર ઠેર હોળી પ્રગટાવાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

હોળી અને ધુળેટીના પર્વને મનાવવા માટે જૂનાગઢ સહીત સૌરાષ્ટ્રમાં ભારે ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે. હોળી અને ધુળેટીના પર્વનું આગવું અને અનેરૂ મહત્વ છે.

આ વર્ષે આજે ગુરૂવારે હુતાસણીનું પર્વ મનાવવામાં આવશે અને આવતીકાલ શુક્રવારે ધુળેટી પર્વ ઉત્સાહભેર મનાવવામાં આવશે. હોળી અને ધુળેટીના પર્વને લઈને જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ઉત્સાહભર્યો માહલ પ્રવર્તી રહ્યો છે. આજે જૂનાગઢ શહેરમાં હોળી પર્વ નિમિતે ખજુર-દાળીયા, ધાણી, કોપરૂ, હારડા સહિતની ચીજવસ્તુઓની ખરીદી કરવામાં આવી રહી છે અને શુક્રવારે ઉજવનારા ધુળેટીના પર્વને લઈને કલર અને પિચકારીની પણ ખરીદી મોટેપાયે કરવામાં આવી રહી છે. જૂનાગઢ શહેરમાં વિવિધ વિસ્તારોમાં ચોકે-ચોકે અને સોસાયટી વિસ્તારમાં હોળી પ્રગટાવવામાં આવશે. હોલીકા દહનના કાર્યક્રમો ભાવપુર્વક કરવામાં આવે છે. શાસ્ત્રોક વિધી સાથે હોળી માતાનું પૂજન કરી અને હોળી પ્રગટાવવામાં આવતી હોય છે. હોળી પ્રગટાવ્યા બાદ લોકો હોળી માતાના દર્શને આવતા હોય છે અને ત્યાં પ્રદક્ષિણા ફરી અને હોલી માતાને પ્રસાદ ધરવામાં આવતો હોય છે. આ ઉપરાંત નાના બાળકોને પણ હોળી માતાની પ્રદક્ષિણા કરી અને તેમને સુખ, સમૃધ્ધી અને રક્ષણ કરવાની કામના સાથે હોળી માતાના દર્શન કરવામાં આવે છે.

જૂનાગઢ શહેરના અનેક વિસ્તારો તેમજ ગાંધીગ્રામ વિસ્તારમાં પણ ખુબ જ મોટાપાયે હોળીનું આયોજન કરી અને પ્રગટાવવામાં આવે છે. શહેર અને જીલ્લામાં હોળી પ્રાગટયના ઠેર-ઠેર કાર્યક્રમો યોજવામાં આવે છે. આ અંગે વિશેષમાં મળતી વિગત અનુસાર, જૂનાગઢ ગીરનાર પર્વતની ટોચ ઉપર બિરાજમાન જગતજનની માં અંબાના મંદિર પરિસરમાં આગળના ભાગે વર્ષોની પરંપરા રહી છે કે પ્રથમ ગિરનાર અંબાજી મંદિર ખાતે હોળી પ્રાગટ્ય થાય પછી જ લોકો હોળીની જ્વાળા જોઈ અને શહેરમાં હોળી પ્રગટાવતા હોય છે. આજે ગુરૂવારે સાંજના માતાજીની આરતી બાદ હુતાસણી પ્રગટાવવામાં આવશે. જેમાં હુતાસણીમાં શ્રીફળનો ઉપયોગ વધારે થાય છે. શ્રીફળ છાણા અને લાકડાની હોળી ખડકવામાં આવે છે અને વિધિ વિધાનથી હુતાસણીની પૂજા વિધિ બાદ હોળીનું પ્રાગટ્ય થાય છે. તે રીતે દાતાર પર્વત ઉપર પણ દાતારની જગ્યાના મહંત શ્રી ભીમ બાપુની નિશ્રામાં દાતાર ઉપર હુતાસણી પ્રાગટ્ય થાય છે. જેમાં ગૌશાળાની ગાયોના છાણાંની હોળી ખડકવામાં આવે છે અને પૂજ્ય ભીમબાપુ દ્વારા આજે સાંજના સમયે હુતાસણીની વિધિવત પૂજા અર્ચના સાથે હોળીનું પ્રગટાવવામાં આવશે. પર્વત ઉપરની આ બંને હુતાસણીના દર્શન માટે ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી પડે છે અને હુતાસણીના દર્શન કરી ધન્ય બને છે. પહાડો ઉપરની હુતાસણીના દર્શન અને એનો લ્હવો લેવો કંઈક અનેરી જ મજા હોય છે. શ્રદ્ધાળુઓ હુતાસણીને ફરતા ચાર ફરતી પ્રદિક્ષણા કરી અને શ્રીફળ હોમે છે અને પોતાની માનતા પુરી કરે છે. વિશેષમાં ખગોળ વિદ્યાના જાણકારો હોળીની જાળ કઈ દીશામાં જાય છે તેના ઉપરથી આગામી ચોમાસું કેવું રહેશે તે અંગેના ફળ કથન કરતા હોય છે. જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં આજે હોળીનું પર્વ મનાવાશે અને આવતીકાલ શુક્રવારે ધુળેટીનું પર્વ મનાવાશે જે અંગેની ભારે ઉત્સાહ વચ્ચે તૈયારી કરવામાં આવી રહી છે.

# જૂનાગઢ જેઈલ રોડની અત્યંત બદતર નદીનાં વોકળા જેવી હાલત






## તંત્ર દ્વારા ધીમી ચાલતી કામગીરી : યુધ્ધનાં ધોરણે પુરી કરવા ઉગ્ર માંગણી

જૂનાગઢ તા. ૧૩

જૂનાગઢ જીલ્લા જેઈલ રોડની હાલત ખૂબજ ખરાબ છે વારંવાર રસ્તાને ખોદી નાખવાનાં કારણે ઉબડ ખાબડ રસ્તાઓને પગલે લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવવો પડે છે ત્યારે આ રસ્તાઓને તાત્કાલીક યુધ્ધનાં ધોરણે કામગીરી પૂર્ણ કરવાની બુલંદ માંગણી ઉઠવા પામી છે. ગત ચોમાસા વખતથી જ રેલ્વે સ્ટેશનથી લઈ જીલ્લા જેઈલ માર્ગ, સુખનાથ ચોક સુધીનો માર્ગ તદન બિસ્માર હોવાના કારણે ચોમાસાનાં દિવસોમાં તો કાદવ કીચડનાં ઢગલા જામી ગયા હતા. આ માર્ગ ઉપરથી પસાર થવું એટલે સતત જોખમ રહેલું હતું. દરમ્યાન જીલ્લા જેઈલ નજીકનો માર્ગ તો સાવ ભંગાર હાલતમાં ફેરવાઈ ગયો હતો, અહીંથી પસાર થતાં લોકો, આમજનતા, વૃધ્ધો, અશકત લોકો તેમજ સારવાર માટે દર્દીને લઈ જવામાં આવે તો ભારે મુશ્કેલી પડે તેવી હાલત આ વિસ્તારની રહેલી હતી. દરમ્યાન છેલ્લા કેટલાય સમય થયા કોર્પોરેશન દ્વારા ભૂગર્ભ ગટર, પાણીની પાઈનલાઈન સહિતનાં જુદા જુદા કામો અંતર્ગત ખોદકામ અને તોડફોડ ચાલુ જ છે અને જેના કારણે આ રસ્તાની હાલત વોકળાથી પણ બદતર બની ગઈ છે અને આ રસ્તા ઉપરથી પસાર થવું એટલે અકસ્માતને નોતરૂ દેવું એ થાય છે. આવી સ્થિતિ વચ્ચે આ વિસ્તારનાં લોકો ઘણા સમય થયા તકલીફો વેઠી રહયા છે. છેલ્લા આઠ-આઠ માસ થઈ ગયા હોવા છતાં રસ્તામાં કોઈ કામો પુરા થયા નથી હવે તો એવું કહેવાય છે કે રોજ દિવસ ઉગે નવું કામ શરૂ કરવામાં આવે આવી સ્થિતિ રહેલી છે. જેઈલ રોડની ખરાબ હાલતની આ બોલતી તસ્વીરો છે જેને જોતા જ લોકો કેવી પરેશાની ભોગવી રહયા છે તેનો અંદાજ આવી જશે. આ રસ્તામાં કોઈ એજન્સી કે તંત્ર દ્વારા જે કાંઈ કામગીરી ચાલતી હોય તે તમામ કામગીરી યુધ્ધનાં ધોરણે પૂર્ણ કરી લેવામાં આવે તેવી આમ જનતાની બુલંદ માંગણી છે.

# ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખનો 'તાજ' કોના શિરે ? અટકળો

## જૂનાગઢ શહેર જીલ્લા ભાજપનાં માળખામાં પણ નિમણુંકો કયારે ?

જૂનાગઢ તા.૧૩

ગુજરાત પ્રદેશ ભાજપનાં પ્રમુખ પદની વરણીનો તખ્તો ગોઠવાયો છે અને આ અંગેની ગતિવિધિ તેજ બની ગઈ છે. સંભવત હોળાષ્ટક પુર્ણ થયા બાદ પ્રદેશ ભાજપનાં પ્રમુખની વરણી કરવામાં આવે તેવા નિર્દેશો હાલ મળી રહયા છે. સ્થાનીક સ્વરાજયની ચૂંટણીઓમાં વિજય વાવટા ફરકાવ્યા બાદ ભાજપ દ્વારા તા. ૫ માર્ચે મહાનગરપાલિકાનાં પ્રમુખની વરણીઓનું કાર્ય પાર પડી ગયું છે. ઉપરાંત જૂનાગઢ મનપાનાં મેયર સહિતનાં પદાધિસકારીઓની નિમણુંક પણ કરી નાખવામાં આવી છે. આ સાથે જ એક ડગલું આગળ વધ્યે તો ગુજરાતનાં વિવિધ શહેરનાં ભાજપનાં પ્રમુખ તેમજ જીલ્લા ભાજપનાં પ્રમુખોની પણ વરણી કરવામાં આવી છે. જૂનાગઢ શહેર ભાજપનાં પ્રમુખ તરીકે ગૌરવ રૂપારેલીયા અને જીલ્લા ભાજપનાં પ્રમુખ તરીકે ચંદુભાઈ મકવાણાની વરણી કરવામાં આવી છે. આ સાથે જ આવનારા સમયમાં શહેર ભાજપ અને જીલ્લા ભાજપનાં મહત્વનાં પદો ઉપર નિમણુંક કરવામાં આવનાર છે. દરમ્યાન ગુજરાત ભાજપનાં વર્તમાન પ્રમુખ સી.આર. પાટીલ સંસદ તરીકે ચુંટાઈ આવેલા છે એટલે સ્વભાવીક છે કે તેઓને દિલ્હીનો કાર્યભાર રહે અને એટલા માટે ગુજરાત ભાજપનાં પ્રમુખ તરીકે કામગીરી ન કરી શકે એટલું જ નહી એક વ્યકિત - એક પદની રૂએ પણ તેમણે પદ છોડવું પડે ત્યારે હવે પ્રશ્ન એ છે કે સી.આર. પાટીલનાં ઉતરાધિકારી કોણ બનશે તે અંગે અનેક અટકળો હાલ ચાલી રહી છે. સૌથી વધારે હાલ જો કોઈ નામ ચર્ચામાં હોય તો તે છે ગુજરાતનાં પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું નામ, ભાજપ પક્ષ સાથે જોડાઈ અને અત્યાર સુધીમાં મહત્વનાં હોદા પર તેઓએ સારી કામગીરી કરી છે અને તેમની નોંધ પણ લેવાઈ છે. છેલ્લે ગુજરાતનાં મુખ્યમંત્રી તરીકે પણ વિજયભાઈ રૂપાણીની કામગીરી સારી રહી હતી આમ જોવા જોઈએ તો પૂર્વ શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, પૂર્વ નાણામંત્રી વજુભાઈ, પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, પૂર્વ શહેરી વિકાસ મંત્રી આઈ. કે. જાડેજા સહિતનાં અનેક મહાનુભાવોએ ઘણી સારી ફરજ બજાવી છે અને આજે કઈ સ્થિતિએ છે એ સૌને ખ્યાલ છે.

દરમ્યાન તાજેતરમાં સ્થાનીક સ્વરાજયની સંસ્થાઓ તેમજ શહેર ભાજપ અને જીલ્લા ભાજપનાં પ્રમુખોની જે વરણી થઈ છે તેમાં સંઘ પરીવારનો હાથ ઉપર રહયો હોવાનું નિષ્ણાંતો માની રહયા છે. બીજી તરફ વાત રહી વિજયભાઈ રૂપાણીની કે હાઈકમાન્ડ દ્વારા ફરી પાછી કોઈ મોટી જવાબદારી તેમને આપવામાં આવે છે કેમ ? કે પછી અન્ય મોટા નેતાઓ જે રીતે હાસીયામાં ધકેલાઈ ગયા છે તે રીતે વિજયભાઈ રૂપાણી પણ ધકેલાઈ જશે તેવી ચર્ચાઓ થઈ રહી છે. આગામી સમયમાં ગુજરાત પ્રદેશ ભાજપનાં નવા પ્રમુખ કોણ બનશે ? તે અંગે અટકળો થઈ રહી છે અને સંબંધિતોની મીટ મંડાયેલી છે.

## જૂનાગઢ તાલુકાના આંબલીયા ગામની સીમમાં જુગારના અખાડા પર પોલીસ ત્રાટકી : રૂા.૩.૫૧ લાખના મુદામાલ સાથે બે મહિલા સહિત ૮ ઝડપાયા



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચની ટીમે આંબલીયા ગામની સીમમાં જુગારનો અખાડો ચાલતું હોવાની બાતમીના આધારે દરોડો પાડતા બે મહિલા સહિત ૮ને ૩.૫૧ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લઈ જૂનાગઢ તાલુકા પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર નહેરૂ પાર્ક સોસાયટીમાં આવેલ નીલકંઠ એપાર્ટમેન્ટ ફ્લેટ નંબર ૧૦૧માં રહેતા હિમાંશુ દિનેશ અઢિયા અને આંબલીયા ગામના ઈશા અલારખા સાંધએ ભાગીદારીમાં આંબલીયા થી રૂપાવટી ગામ તરફના રસ્તે ભાડેરના ખારા તરફનાં સીમ વિસ્તારમાં આંબલીયાના અશ્વિન ભીખા રાબડીયાના ખેતરની ઓરડીમાં જુગારધામ શરૂ કર્યુ હોવાની બાતમીના આધારે એલસીબીના પીઆઈ જે. જે. પટેલના માર્ગદર્શનમાં પીએસઆઈ ડી. કે. ઝાલાની ટીમે રેઈડ પાડતા ગીરીશ ઉર્ફે અશ્વીન રાબડીયા, હિમાંશુ દિનેશ અઢીયા, રામભાઈ રાણાભાઈ શામળા, કરશનભાઈ જીવાભાઈ રામ, મયુરભાઈ હરીભાઈ મકવાણા, અમીતભાઈ નટવરલાલ જોષી, સરોજબેન સુરેશભાઈ રાવલ અને મુમતાઝબેન રફીકભાઈ મડમને જુગાર રમતા રૂા.૭૧,૦૩૦ની રોકડ, ૮ મોબાઈલ ફોન, ૫ બાઈક મળી કુલ રૂા.૩,૫૧,૦૩૦નો મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ જયારે જુગારધામનું રખોલું કરવા રાખેલ રણમલ કરશન ચાંડેલા નાસી ગયેલ. જયારે શેબાજ, ઈશા અલારખા સાંધ હાજર નહી મળી આવતા ક્રાઈમ બ્રાન્ચે તમામ વિરૂધ્ધ જૂનાગઢ તાલુકા પોલીસ મથકે જુગારધારા ૪, ૫ મુજબ ગુનો નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## શીલના મેખડી ગામે ખેતરમાં કટર કાઢવા મુદે હુમલો કર્યાની ૪ સામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩ : મેખડી ગામની સીમમાં વિવાદીત પડતર જગ્યામાંથી હાર્વેસ્ટર લાવવા બાબતે મહિલા સહિત ૪એ દંપતિ પર હુમલો કર્યાની ફરીયાદ શીલ પોલીસ મથકે નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર શીલ પોલીસ મથકે મુકેશભાઈ અરજણભાઈ કાઠીએ પરબતભાઈ જેઠાભાઈ કાઠી, યોગેશભાઈ પરબતભાઈ કાઠી, અશોકભાઈ કાઠી અને જાજીબેન પરબતભાઈ કાઠી વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી તથા ફરીયાદીના પત્ની પોતાના ખેતરમાં ઘઉં કાઢવાનું હાર્વેસ્ટર વિવાદીત પડતર પડેલ જમીનમાંથી શેઢો ટપાડી લાવતા ચારેય આરોપીઓએ આવી હાર્વેસ્ટર કાઢવા નથી દેવું તેમ કહી ફરીયાદી તથા ફરીયાદીના પત્ની સાથે ગાળાગાળી કરી લાકડા વડે મારમાર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




બીના ઈલેક્ટ્રોનિક્સ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૯મા વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

આપની જીંદગીનાં દરેક શુભપ્રસંગોને યાદગાર બનાવવા માટે એકવાર અમારી મુલાકાત લો



- રીંગ સેરમની
- ફેમીલી ફંકશન
- કોન્ફરન્સ
- રીસેપ્શન પાર્ટી
- ગેટ ટુ ગેધર
- મેરેજ પાર્ટી

શિવમ પાર્ટી પ્લોટ

બંસીધર નગર, બસસ્ટેશન પાછળ, જૂનાગઢ

સત્યમ પાર્ટી પ્લોટ

LPG ગેસ પંપ સામે, ઝાંઝરડા ચોકડી, બાયપાસ રોડ, જૂનાગઢ

પરેશ કે. ડોબરીયા : મો. ૯૪૨૬૨ ૩૦૮૨૦



સૌરાષ્ટ્રનું નં.૧ સીલીન્ડર રી-ટેસ્ટીંગ પ્લાન્ટ

CNG ટેન્ક રીટેસ્ટીંગ ઓનલાઈન પ્લાન્ટ

A.S. Auto Gas



CNG ફીટીંગ સેન્ટર

મો. ૯૮૯૮૪ ૪૮૬૪૪

ટોરેન્ટ ગેસની પાસે, ખામધ્રોળ ચોકડી, જૂનાગઢ



Since 1983

શંખ બ્રાન્ડ મસાલા

ગાયત્રી મસાલા

મો. : ૯૪૨૮૯ ૨૩૦૨૩

- મરચું
- હળદર
- ધાણાજીરૂ
- ગરમ મસાલો

